પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સળંગ અંક
૮૯૨

એપ્રિલ ૨૦૦૨
વર્ષ ૭૫મું

સંસ્થાપક : ર. મ. ર.
તંત્રી : ધીરુ પરીખ



ઊજળા ભાવિ તરફ
•
ફોટો : કેતન મોદી



ચિત્રકાર]　　　　　　　　નર્મદાસ્નાન　　　　　　　　[અમૃતલાલ વેગડ

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક-વાચક રહ્યા છો. આપ એ જાણો છો કે કલાગુરુ રવિશંકર રાવળે ૧૯૨૪માં સ્થાપેલું 'કુમાર' ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે. શ્રી બચુભાઈ રાવતે એને પૂરેપૂરું સંસ્કાર્યું અને સંવર્ધ્યું. પરન્તુ વચ્ચે ત્રણ વર્ષનો આકસ્મિક સ્થગિતકાળ આવી ગયો. આથી ઈ.સ. ૨૦૦૨નું વર્ષ એના પ્રકાશન-સાતત્યનું ૭૫મું વર્ષ હશે.

આ પંચોતેર વર્ષથી 'કુમાર' સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. વળી, છેલ્લાં પાંચેક વર્ષથી તો કુમાર સરેરાશ વાર્ષિક ૮૦૦ થી વધુ પૃષ્ઠોનું વાચન આપતું આવ્યું છે. એ પૃષ્ઠસંખ્યામાં હજુ પણ વૃદ્ધિ કરવાનો અમારો મનસૂબો છે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'નું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના પ્રકાશનપર્વે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહો જ અને સાથે સાથે એક નવા ગ્રાહકને નોંધી આપો. આથી આવા સંસ્કાર-પત્રને ચલાવવામાં પ્રોત્સાહન રહેશે.

આ ૭૫મા પ્રકાશનપર્વ નિમિત્તે અને આંતરરાષ્ટ્રિય પુસ્તક વર્ષ નિમિત્તે અમે જે શાળા-મહાશાળા કે વિદ્યાર્થીઓ નવા ગ્રાહક થવા માગતા હશે તેને માટે લવાજમ માત્ર રૂ. ૧૦૦=૦૦ રાખ્યું છે. *શાળા-મહાશાળા કે વિદ્યાર્થીએ શાળાનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. આ યોજનાનો લાભ કાર્યાલયને સીધું લવાજમ મોકલનાર જ લઈ શકશે.*

આ ૨૦૦૨ના વર્ષ દરમિયાન નવા ગ્રાહક થનારને કે જેમનું લવાજમ જે તે માસમાં પૂરું થતું હોય ત્યારે નવું લવાજમ રૂ. ૧૫૦=૦૦ મોકલી ગ્રાહકપદ ચાલુ રાખનારને લગભગ ૪૦ પૃષ્ઠની એક પુસ્તિકા ભેટ મોકલાશે, જેમાં 'કુમાર'ના છેલ્લા પાને આવેલાં આરોગ્યસૂત્રો સંગૃહીત કરવામાં આવ્યાં હશે.

'કુમાર'નો ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ. ૧૦૦૦/-, અડધું પાનું રૂ. ૫૦૦/-

આ પાના પર આપ જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦=૦૦ છે તથા પરદેશનું લવાજમ હવાઈ માર્ગે રૂ. ૧૦૦૦=૦૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. આપના લવાજમનો ડ્રાફ્ટ-ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ ઉમેરવા. લવાજમ મનિ ઑર્ડરથી પણ મોકલી શકાય છે. રૂબરૂમાં લવાજમ ભરવા માટે કાર્યાલયનો સમય સવારે ૧૧-૦૦થી ૫-૦૦નો રહેશે.

સ્નેહાધીન,

તંત્રી, 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

વાચકો લખે છે

'કુમાર'ના ૮૯૦ના અંકમાં કમલા પરીખે લખેલું બાબુભાઈ જશભાઈ પટેલના જીવનના પ્રસંગોને સિલસિલાબંધ રીતે રજૂ કરતું સુંદર ચરિત્ર વાંચ્યું.

મેં સૌરાષ્ટ્ર સરકાર, મુંબઈ સરકાર અને ગુજરાત સરકારમાં ઈજનેરની વિવિધ કક્ષાએ ૩૬ વર્ષ સુધી કામ કર્યું છે. આ કાર્યકાળમાં બાબુભાઈને બાંધકામ ખાતાના મંત્રી તરીકે નજીકથી નિહાળ્યા છે અને મુખ્યમંત્રી તરીકે થોડા અંતરથી નિહાળ્યા છે. અમારા મુખ્ય ઈજનેર શ્રી કાંટાવાળા નિવૃત્ત થયા ત્યારે તેમના વિદાય સમારંભમાં મેં આપેલા પ્રવચનની સરાહના કરીને તેમણે મેં કરેલા કેટલાક પ્રશ્નોના ખુલાસા કર્યા હતા.

આ લેખમાં પાન-૮૧ ઉપર લખેલ છે કે બાબુભાઈએ ૧૯૭૩ થી ૧૯૭૫ સુધી અમૂલ ડેરીના ચૅરમેન તરીકે કામ કર્યું હતું. પાન-૮૨ ઉપર આપેલા ફોટોગ્રાફમાં અમૂલના ચૅરમેન બાબુભાઈને વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી સાથે દર્શાવેલ છે. આમાં કંઈક ભૂલ લાગે છે. વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું તાશકંદ ખાતે ૧૯૬૬ના જાન્યુઆરીમાં અવસાન થયું હતું તો પછી ૧૯૭૩થી ૧૯૭૫ના સમયગાળામાં તેઓ બાબુભાઈ સાથે કેવી રીતે હોઈ શકે? કદાચ ૧૯૭૩થી ૧૯૭૫ના બદલે ૧૯૬૩ થી ૧૯૬૫ની સાલ હશે.

દેશાટન-૭૭માં પ્રવાસધામ 'મૈસુર' શહેરનું વર્ણન છે પણ તેમાં આશ્ચર્ય એ વાતનું છે કે મૈસુરનો 'વૃંદાવન બાગ' સાવ ભુલાઈ ગયો છે. મૈસુરની આસપાસ પર્યટકોને આકર્ષતાં સ્થાનોમાં 'વૃંદાવન બાગ'નું નામ પ્રથમ નંબરે આવવું જોઈએ પણ તેને બદલે તેનો નામ-સરખો પણ ઉલ્લેખ નથી ! મૈસુરની નજીકમાં કાવેરી નદી પર કૃષ્ણરાજ સાગર બંધ બાંધવામાં આવેલ છે. આ બંધનું આયોજન મૈસુરના તે વખતના દીવાન અને સાથે સાથે જ ભારતના સર્વશ્રેષ્ઠ ઈજનેર શ્રી વિશ્વેશ્વરૈયાએ કર્યું હતું. અમારી મૈસુરની કૉલેજ-ટૂર દરમિયાન આ બાગની લીધેલી મુલાકાત વખતે તેના વિશે મારી ડાયરીમાં નીચે પ્રમાણે મેં કરેલ નોંધ 'દેશાટન'ની પૂરક-નોંધ તરીકે ગરજ સારશે.

મૈસુર, રવિવાર તા. ૨૪-૧૨-૧૯૫૦ : 'ડેમની બીજી બાજુ ખૂબ જ રમણીય છે, અને તે છે ડેમની પડોશમાં આવેલો વૃંદાવન બાગ. જોતાં જ આંખને ગમી જાય, મનને મોહ પમાડે અને મગજને તર કરી દે એવા વૃંદાવન બાગની રચના ખરેખર અદ્દ્ભુત હતી. બાગનું મધ્યવર્તી આકર્ષણ ફુવારાઓની કલામય ગોઠવણી છે. શનિ અને રવિવારે ફુવારાઓના પાણી ઉપર જાતજાતના રંગનાં તેજ-કિરણો ફેંકવામાં આવે છે એવી રીતે કે જાણે કે, નાના પ્રકારનાં રંગીન પાણી જ ન ઊડી રહ્યાં હોય! વૃંદાવન ગાર્ડન, સાંજે તો, પરીઓના પ્રદેશ જેવો લાગતો હતો. વહેતાં પાણીનું ફુવારાઓમાં રૂપાંતર કરીને પાણીનો આટલો મજેદાર ઉપયોગ કરવામાં આવ્યો છે. દિલ્લીમાં દીવાનેખાસની ભીંતો ઉપર ભલે લખ્યું હોય પણ મને તો અહીં જ બોલી ઊઠવાનું મન થયું કે 'પૃથ્વી ઉપર જો ક્યાંય પણ સ્વર્ગ હોય તો તે અહીં છે, અહીં છે અને અહીં છે.'

કૉલેજ જીવન દરમિયાન દર રવિવારે Times of Indiaમાં આવતા ચેસના કોયડાઓનો ઉકેલ મેળવવાનો મહાવરો હોવા છતાં, 'કુમાર'માં પ્રગટ થતાં ચેસના કોયડાઓ મારા માટે ઘણા અઘરા સાબિત થયા છે. આખું 'કુમાર' લગભગ દસ દિવસમાં વંચાઈ જાય છે પણ ચેસનો કોયડો ન ઉકેલાવાના કારણે લગભગ આખો મહિનો 'કુમાર' મારી પથારીની બાજુમાં રાખું છું. અને ઉકેલ મેળવવા માટે મથતો રહું છું. 'કુમાર'માં તો સાચો ઉકેલ મેળવનારાનાં જ નામો આવે છે પણ ખોટો ઉકેલ મેળવનારા તથા ઉકેલ જ ન મેળવી શકનારાં મારાં જેવાં તો ઘણાં વાચકો હશે, આવા કોયડાઓ આપવા માટે અર્પીને અભિનંદન.

-નૌતમભાઈ વખારિયા (અમદાવાદ)

*

અંક ૮૯૦-ફેબ્રુઆરી ૨૦૦૨માં બે ભૂલો પ્રત્યે આપનું ધ્યાન ખેંચું છું.

(૧) પાન-૧૨૪ 'સાહિત્ય સંપર્ક'માં આચાર્ય શ્રી મોહનભાઈ શં. પટેલનું અવસાન તા. ૨ જાન્યુ. ૨૦૦૨ જોઈએ તેના બદલે ૨ જૂન ૨૦૦૨ છપાયું છે. (મુદ્રણદોષ માટે દિલગીર છીએ - તંત્રી)

(૨) પાન-૧૩૦ 'વિશ્વના મહાનુભાવો જેમની હત્યા કરવામાં આવી હતી' તે લેખમાં નં. ૧૨, ઈ.સ. ૧૮૮૪ ખોટું છે. સાચું છે : ૧૯૮૪. તેઓ ભારતના મુખ્ય પ્રધાન નહીં પણ ભારતના વડાપ્રધાન હતા. માધુકરી વિભાગમાં સંજય ભટ્ટની સારણિમાં રેબિન ઈઝરાઈલના મુખ્ય પ્રધાન નહીં પણ ઈઝરાઈલના વડાપ્રધાન હતા. શ્રી રાજીવ ગાંધી ભારતના પૂર્વ પ્રધાનમંત્રી હતા તેમની પણ હત્યા કરવામાં આવી હતી. તેઓનું નામ આ યાદીમાં નથી.

-પ્રફુલ્લ કે. શાહ (મુંબઈ)

*

હું 'કુમાર'નો આજીવન ગ્રાહક છું. છેક નાનપણથી વર્ષ-૧૪ થી માના નાનાના ઘરે 'કુમાર'ના વાચનથી સંસ્કાર સિંચન થતું. ફેબ્રુઆરીનો 'કુમાર'નો અંક ખરેખર વિવિધ વાચન-સામગ્રીથી સભર છે. મુરબ્બી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, ચરોતરના સપુતના જીવન ચરિત્રનું વાચન ગાંધીવાદી રાજકર્તા અને સાદાઈભર્યું જીવન દર્શન ખરેખર દાદ માગે તેમ છે અને આધુનિક ભ્રષ્ટ નેતાઓને ચીમકી આપે તેમ છે.

-જ.કા. અધ્વર્યુ (ડાકોર)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૫મું | અંક ૪

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

એપ્રિલ ○ ૭૫મું વર્ષ ○ ૨૦૦૨

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૮૯૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

सूत्रसार

વિચારોની બેસઊઠ ચિત્તના ચગડોળમાં !

રાધેશ્યામ શર્મા

ચિત્ત શું છે ? જે કંઈ જોયેલું, જાણેલું, વિચારેલું, ઇચ્છેલું હોય એને ચિત્ત કહ્યું. મન અને અંતઃકરણને પણ ચિત્તવિભાગમાં લીધું.

વિચાર, ચિંતન, બુદ્ધિશક્તિ અને જ્ઞાનને પણ ચિત્ત કહ્યું.

'ચિત્ત'ના જેવો બીજો શબ્દ છે 'ચિત્'. 'ચિત્ત' શબ્દમાંનો 'ત' અન્ય અર્ધ 'ત' થી જોડાયો છે, જ્યારે 'ચિત્'માંનો 'ત' ખોડો 'ત' છે.

'ચિત્'ના અર્થો વિચારથી આરંભી છેક બ્રહ્મ સુધી વિસ્તર્યા છે. વિચાર, બુદ્ધિ, સમજ, મન, અંતઃકરણ, જ્ઞાન, ચૈતન્ય, આત્મા અને બ્રહ્મ.

વિદેશની એક વિદ્યાપીઠના દરવાજા ઉપર 'ચિત્ત જ આત્મા છે' એ તાત્પર્યનું સૂત્ર કોતર્યાનું જાણમાં છે. આ દૃષ્ટિએ ચિત્તનો મહિમા-વ્યાપ કેટલો મોટો છે ? માંદો માણસ મરી ગયો છે કે નહિ એની અંતિમ તપાસ કરવા દાક્તર આવે છે ત્યારે નાડી-ધબકાર ઉપરાંત દર્દીની આંખમાં બૅટરીનો પ્રકાશ ફેંકીને નિર્ણય જાહેર કરે છે. મરનારાનું મગજ-મન અથવા તો ચિત્તનું ચક્ર ચાલતું હોય તો દર્દીને મૃત્યુ પામેલો જાહેર નથી કરાતો.

જ્ઞાની ભક્ત કવિએ પણ ચૈતન્યવિલાસ ચિત્તચક્રમાં જ જોયો-ગાયો છે ! ચિત્તનું ચગડોળ સતત અવિરત ચાલ્યા કરતું હોય છે. જેમ ચગડોળના બેઠક ડબ્બામાંથી બેસનારા ઊતરે અને નવા ગ્રાહકો બેસવા ચઢે એમ ચિત્તમાં વિચારો અને ભાવો, અધ્યાસો અને સહચાર્યોની ચડઊતર થયા જ કરે છે. જેમ ગામનો ચોરો-ચોતરો ખાલી રહેતો નથી તેમ ચિત્તનું ચગડોળ વિચારવિહીન ભાગ્યે જ રહે છે અને જો કદી ચિત્ત કે મન વિચારશૂન્ય સમાધિ-દશાને પામ્યું હોય તો ત્યાં પાતંજલ યોગદર્શન અનુસાર 'ચિત્ત-વૃત્તિ-નિરોધ' યોગ થયો કહેવાશે. એક વિચાર ચગડોળમાંથી ઊતર્યો નથી ત્યાં બીજો સંકલ્પ-વિકલ્પ એનું સ્થાન લઈ લે છે.

ચિત્ત જ વૃત્તિઓનું મ્યૂઝીઅમ છે. એ અક્ષય છે. 'વૃત્તિ' શબ્દનો સંસ્કૃતમાં 'અસ્તિત્વ' એવો અર્થ થાય છે તે ઘણે અંશે સાચો છે. 'વૃત્તિ'નો અન્ય અર્થ 'ચક્રનો ઘેરાવો' છે. માટે તો ચિત્તની સતત ભ્રમણગતિને લક્ષમાં લઈ એને ચગડોળના ચકાવાની ઉપમા આપી.

ક્યારેક ચગડોળમાં ચઢી બેઠેલો વિચારરૂપી ઉતારુ ડબ્બામાંથી નીચે ઊતરવાનું નામ નથી લેતો ત્યારે શું થાય છે ?

એક બ્રાહ્મણ નદીતટે રોજ સ્નાન-સંધ્યા કરવા જાય. પછી માળાના મણકા ફેરવતાં એમની દૃષ્ટિ એક તંદુરસ્ત ભેંશ ઉપર પડી. ભેંશ કરતાં એના સુડોળ ગોળાકાર શિંગડાં ઉપર મોહદૃષ્ટિ ઠરી.

એક અજીબો-ગરીબ વિચાર-ફણગો ફૂટ્યો : આ ભેંશનાં સુંદર શિંગડાં વચ્ચે માથું ખોસ્યું હોય તો કેટલી મજા આવે !

વિપ્રનો આ એક વિચાર એમના ચિત્ત-ચગડોળમાં ચઢીને એવો જામી ગયો કે એનો નિકાલ કર્યા વગર છાલ છોડે એમ નહોતો.

માળા સાથે એક સવારે ભેંશનાં બે શિંગડાંમાં તેમણે માથું પરોવી જ દીધું. માથું ફીટ થઈ ગયું. હવે ? ભેંશ ભડકી ને ઊભી થઈ; મહારાજના મસ્તક સાથે ગામ ભણી ભાગી. લોકોએ દયા આણી ભેંશને ઝાલી રાખી, બ્રહ્મદેવને ખેંચી કાઢ્યા ને ટૈડકાવ્યા, 'ભોળા દેવ ! આવું વગર વિચાર્યે શિંગડાંમાં તો માથું ભેરવાતું હશે ?'

ત્યારે માથું ખંજવાળતા મહારાજ બોલ્યા : 'આમાં વગર વિચાર્યું લવલેશ નથી. છ-છ મહિના વિચાર કરીને જ શિંગડાં મધ્યે માથું ઘાલ્યું હતું !'

આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું કે વિચાર ઉપર પણ બીજા વિચારનો વિવેક રાખવો જરૂરી છે.

વંચના / *ભાનુપ્રસાદ ત્રિવેદી*

(હરિણી • સૉનેટ)

સ્મરણ રહ્યું ના : વ્યોમે પંખી-સ્વરે ઊઘડે ઉષા;
સ્મરણ કરવું જો કે સૂતાં : સુરક્ષિત ના નિશા.
ભય, ફડક ને ચિંતા, બોજા, તનાવ, વિડંબન ...
બલિ-અજ સમો-યૂપે બાંધ્યા-પરિભ્રમતો દિન.

વિવશ, વિષમા, દિગ્ભ્રાન્તા, વ્યર્થ, નિષ્ઠુર વ્યસ્તતા;
સ્મિત, વચન, નિષ્ઠા - અશ્રુનીય વિક્રય-ગ્રસ્તતા;
જડ, અવિનયી, વામાચારી, અસંસ્કૃત શૈક્ષિતા;
મતિ અવળ, બુદ્ધિ આસુરી, અપાત્ર સુયોગ્યતા.

જટિલીકરણો સારલ્યોનાં, વિવેક-વિનાશન;
અપરુચિ, અનાચારો, ચાપલ્ય, વિકૃતિ, રિક્તતા,
છલ, કૃતકતા, શંઢ-શૌર્યો, નપાવટ, ધૃષ્ટતા,
જય અનધિકારીનો બધ્ધે, અનિષ્ટનું શાસન.

સમજણ છતાં આશા-ઊર્ણે રહ્યો વળગી મૃષા,
મૃગજળ તણી કંઠે કેવી અનશ્વર આ તૃષા!

થડને નહીં થડકારો / *હર્ષદ ચંદારાણા*

(ભજન)

ઝીણી ઝીણી રે કંપારી જીવમાં ઝીણી ઝીણી રે કંપારી,
ફરફર ફરકે તુલસીદલ, થીર રહે છે ક્યારી.

ફડફડ ફડફડ ધજા ફરકતી, દાંડીમાં નહીં હલચલ,
શગ ધ્રૂજે પણ અજવાળે ને સાવ કોડિયું નિશ્ચલ,
જળ કંપે, જંપે; વાવને નહીં ધ્રુજારી.

ફૂલ-પાંદડાં ખૂલે, ઝૂલે; થડને નહીં થડકારો,
ત્રમત્રમ ત્રમત્રમ તાર ગુંજતા, તુંબડે નહીં રણકારો,
છાતીમાં છાની છાની રે કિલકારી.

હાથવેંતમાં હોય કાનજી/*ડાહ્યાભાઈ પટેલ 'માસૂમ'*

(ગાન)

મીરાંને મન ભર્યુંભાદર્યું, રાધાને એકલતા.
જમના જળનો વિરહ વિસારી, વ્હાલું કીધું રણને,
મૂળનો મરમ શું જાણે રાધા, ટળવળતી સગપણને.
ગોકુળ-ફોકુળ ગયું તરફડી, મેવાડો બળબળતા,
મીરાંને મન ભર્યુંભાદર્યું, રાધાને એકલતા.
સ્પર્શ આભનો ઝંખે રાધા,મીરાં ઝંખતી કાનો,
તને ત્યજી જે ગયો ધૂતારો, વ્હાલમ હોય એ શાનો?
હાથવેંતમાં હોય કાનજી, લાગે કાં જોજનતા?
મીરાંને મન ભર્યુંભાદર્યું, રાધાને એકલતા.

વંચના • આજના અનિષ્ટથેર્યા સમય અને શાસનનું દર્દભર્યું ચિત્ર આ સૉનેટમાં અંકાયું છે. કાવ્યનાયક સર્વત્ર 'અનધિકારીનો જય' અને 'અનિષ્ટનું શાસન' જુએ છે. છતાં આશાના તાંતણે એ નરવા ભાવિની વાટ જોતો લટકી રહ્યો છે! *થડને નહીં થડકારો* • પવનના સ્પર્શથી તુલસીદલ, ધજા, શગ, ફૂલ, પાંદડાં - બધું સહેજસાજ ધ્રૂજે છે. પણ થડ, ડાળ કે કોડિયું ધ્રૂજતાં નથી. જીવમાં પણ જાણે કોઈ આવી જ અગમ્ય આછી કંપારી અને કિલકારીનો અનુભવ થતો અહીં વર્ણવ્યો છે. *હાથવેંતમાં કાનજી* • મીરાં અને રાધાનાં બે પ્રીતિપાત્રોનાં પ્રતીકો - દષ્ટાંતોથી કૃષ્ણ પ્રત્યેની મીરાંની લગનીથી ભર્યું-ભાદર્યું લાગતું જીવન અને એથી વિપરીત એકલતા અનુભવતી રાધાનો અનુભવ સરલતાથી વ્યક્ત કરી કૃષ્ણ સહજપ્રાપ્ય છે છતાં મીરાંની ભક્તિ અને રાધાની પ્રીતિનો સૂક્ષ્મ ભેદ અહીં સુચારુતાથી રજૂ થયો છે. *જીવિતવ્ય* • વૃક્ષના પ્રતીક દ્વારા ગીતાબોધ્યા ફલની આશા વગરના કર્મની વાત આ સૉનેટમાં સબળ અને સફળ રીતે અભિવ્યક્ત કરાઈ છે. *કીડી અને હાથી* • કીડી અને હાથીનાં પ્રતીકો દ્વારા લઘુસત્તા અને મહાસત્તાના પ્રકૃતિન્યાયે પરસ્પર નિરપેક્ષ સ્વાતંત્ર્યની જિકર કરતી કાવ્યરચના - ધી.પ.

કીડી અને હાથી / *ધીરુ પરીખ*

(વનવેલી)

કીડીને છે કણ અને હાથીને છે મણ.
કણકણ ભેગો કરે કીડિયારે તોયે
કીડીબાઈ બને નહિ મણભોગી હાથી;
મણને ય કણકણ કરી હાથીભાઈ
નિજત્વને ટાળી શકે ક્યાંથી!

સોમાલિયા હો કે પછી હો શ્રીલંકા,
યુ. કે. હો કે યુ.એસ.એ.—
કીડીને કૈં હાથીનું ન પાલવે સપનું,
હાથીને ન સામર્થ્યનું પ્રદર્શન ખપનું!

કેમિકલ બૅલન્સ ઉપર
કીડીનાય વજનનો મહિમા તો સમજાય;
પાટિયાથી ઢાંક્યા કૂવે
હાથીનેય પકડી શકાય.

કીડીનેય કણ લઈ ચાલવાની લઘુ સત્તા,
શક્તિ થોડી પણ સંપૂર્ણ સ્વાતંત્ર્ય;
હાથીનેય મણ આરોગવાની છે મહા સત્તા
શક્તિ ઘણી અને સંપૂર્ણ સ્વાતંત્ર્ય.

શક્તિ હો કે સત્તા હો થોડી કે ઘણી —
કિન્તુ કીડી અને હાથી પ્રકૃતિના ન્યાયે
સ્વાતંત્ર્યના સહુ એકસરખાં છે ધણી.

જીવિતવ્ય / *જગદીશ ત્રિવેદી*

(વસંતતિલકા • સૉનેટ)

જ્યારે નિહાળું તરુ ક્યાંય ખડું અડોલ
ત્યારે થતું : ઋષિ સમાધિનિમગ્ન ઊભા
શા ટેકવી પગ ધરાતલ ચુસ્ત એક.

આવી કદીક વિરમી વહી જાય પંખી
કે રાત્રિવાસ કરી ઝુંડ વિહંગ પ્રાતઃ
ઊડી જતાં - ખબર ના તરુને કશાની !

એના સમાધિ-પુરુષાર્થ તણાં સુપકવ
ધીરે ધીરે પ્રગટતાં ફળ - વૃક્ષને ના
એની કશી ખબર - લાલચ-મોહ ના કૈં.

મીઠાં ફળો સમીરમાં સુરભી વહંત -
એ વૃક્ષને લટકતો શિરભાગ લાગ્યો -
ખંખેરી કૈં સહજ ડાળ હલાવી દીધો !

તૃષ્ણા ત્યજી ફળ તણી પુરુષાર્થ-યોગ
ગીતાકથ્યો તરુવરે જીવિતવ્ય જાણ્યું.

ગૂજરાત વિદ્યાપીઠમાં ચાર દાયકાથી વધુ ગાંધીચીંધ્યા શિક્ષણને સંભાળનાર કર્મઠ કુલપતિ



રામલાલભાઈ પરીખ

કાન્તિલાલ વ. રામી

ગૂજરાત વિદ્યાપીઠના દફતરમાં પોતાના ઢાળિયા પર સતત કાર્યશીલ શ્રી રામલાલભાઈ સવારે ઊઠે ખૂબ વહેલા, લગભગ ૪-૫ વાગ્યે, અને કંઈક પ્રવૃત્તિ શરૂ કરી દે. સ્નાનાગાર ખૂલે એ પહેલાં ત્યાં પહોંચી સૌથી પહેલા સ્નાન કરી લે. ઘરનાં બધાં ઊઠે ત્યાં સુધીમાં તો સવારની બધી દિનચર્યાથી પરવારી જાય અને વિદ્યાપીઠના તેમના દફતરમાં ૮ વાગ્યા પહેલાં હાજર જ હોય; અને કદાચ તેમના આવ્યા પહેલાં દફતર ના ખૂલ્યું હોય તો જાતે ખોલીને તરત જ કામે લાગી જાય. કર્મઠ તો એવા કે ગાંધીજીને ટાંકીને કહેતા કે, રોજ ૨૩ કલાક કામ કરીએ તો પણ ઓછું પડે. રૉબર્ટ ફ્રૉસ્ટના પ્રસિદ્ધ કાવ્ય 'Stopping by Woods on a Snowy Evening' ની 'And miles to go before I sleep' પંક્તિને હંમેશા યાદ કરીને કહે, 'सोने से पहले जाना है मुझे अभी कोसों दूर ।'

રામલાલભાઈનો જન્મ વડોદરામાં શ્રીમતી હસુમતીબહેન અને શ્રી ડાહ્યાભાઈ પરીખને ઘેર ઈ.સ. ૧૯૨૭ની ૧૮મી એપ્રિલે થયેલો, ત્યારે વડોદરા શહેર પણ ગામડા જેવું લાગે. બાલ્યાવસ્થાનાં સંસ્મરણો યાદ કરતાં રામલાલભાઈ કહે છે : 'નીચલા મધ્યમ વર્ગનું મારું કુટુંબ. પિતા વકીલના સામાન્ય ગુમાસ્તા. ચાર આનાનો પગાર. મારી આઠ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થએલું. ત્યાર પછી અમે મોસાળમાં દાદા-દાદી પાસે રહ્યાં. ત્યાં મામા-મામીની ઘણી મોટી ઓથ સાંપડી. મારા દાદા શ્રી રણછોડજી પરીખની ઓથમાં મારી માએ અમને ભાઈ-બહેનોને ઉછેર્યાં. અમને નાનપણમાં જ ગરીબાઈનો જાતઅનુભવ મળ્યો. અમારી આર્થિક સ્થિતિ અત્યંત નબળી. વીજળી તો જોઈ જ નહોતી. કેરોસીનના દીવે ભણેલાં.'

રામલાલભાઈ વડોદરા હાઈસ્કૂલમાં ભણેલા. શિક્ષકો બહુ સારા. અંગ્રેજી, સંસ્કૃત, પાલી ભાષા શીખેલા. પ્રાથમિક શાળામાં રામલાલભાઈ મધ્યમ કક્ષાના પણ હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન તેમની તેજસ્વિતા ખીલી ઊઠેલી. ઈ.સ. ૧૯૪૫માં મૅટ્રિકની પરીક્ષા સારા ટકાએ ઉત્તીર્ણ કરી રામલાલભાઈ વડોદરા કૉલેજમાં દાખલ થયા અને ત્યાંથી રાજ્યશાસ્ત્ર સાથે બી.એ. થયા. ત્યાર પછી રામલાલભાઈએ અમદાવાદમાં રહી એમ.એ.ની પરીક્ષા ઇતિહાસ અને પ્રાચીન સંસ્કૃતિના ખાસ વિષય સાથે ઈ.સ. ૧૯૫૧માં આપેલી અને બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા. તેમણે પત્રકારત્વનો અભ્યાસ અને આર્કિયોલૉજીનો ડિપ્લોમા પણ હાંસલ કરેલો. વચ્ચે એલએલ.બી.નો અભ્યાસ પણ કરેલો.

ચાર ભાઈ-બહેનોમાં શ્રી રામલાલભાઈ સૌથી મોટા. રક્ષાબહેન અને મધુબહેન એ બે બહેનો અને મધુસૂદન એ તેમના નાનાભાઈ. નાનપણમાં પિતાશ્રીનું અવસાન થયેલું અને મોસાળમાં દાદા રણછોડજીનો ખૂબ પ્રેમ મેળવેલો. રામલાલભાઈને બહારની પ્રવૃત્તિઓમાં વધુ રસ એટલે ઘણો સમય તેઓ ઘરની બહાર જ હોય. ઘરમાં વિવિધ વર્ગોના અને ધર્મના માણસો આવે તે સૌને માતુશ્રી આવકારે અને જમાડે પણ તેઓના ગયા પછી રસોડું ગંગાજળથી ધોઈ નાખે અને એકાદ ઉપવાસ પણ કરી લે. રામલાલભાઈનાં લગ્ન ૧૯ વર્ષની ઉંમરે શ્રીમતી પદ્માબહેન સાથે ખૂબ સાદાઈથી થયેલાં. પદ્માબહેને મૅટ્રિક સુધી અભ્યાસ કરેલો. રામલાલભાઈ ખાદી પહેરે અને પદ્માબહેને સ્વેચ્છાથી ખાદી અપનાવેલી.

દેશના સ્વાતંત્ર્ય પહેલાંના દેશી રાજ્ય વડોદરામાં જન્મેલા અને ત્યાં સયાજી હાઈ સ્કૂલમાં ૯મા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી રામલાલ ૧૯૪૨ની 'અંગ્રેજો ચાલ્યા જાવ'ની લોકલડતની ઉત્કટ રાષ્ટ્રિય ભાવનાના સંસ્કાર પામ્યા હતા. તેઓ એક અગ્રણી ગાંધીશિક્ષણવિદ અને ગાંધીવિચારદૂત તરીકે ગુજરાત અને રાષ્ટ્રમાં જ નહીં પણ

વિશ્વસ્તરે પણ ઊભરી આવેલા.

રામલાલભાઈએ સ્વરાજ માટેની આખરી લડતની હાકલ તે સમયે કેવી રીતે ઝીલી લીધેલી તે તેમના જ શબ્દોમાં જોઈએ : 'ધીરે ધીરે વિદ્યાર્થીઓને સ્વયંભૂ જ લાગ્યું કે આ તો હવે યુવાનો અને વિદ્યાર્થીઓને માથે અંગ્રેજ સરકાર સામે લડવાની એક મોટી જવાબદારી આવી પડી છે. ૯મી ઑગસ્ટે બપોરના એક ત્રિરંગો ઝંડો હાથમાં લઈને મેં સયાજી હાઈ સ્કૂલના વિદ્યાર્થીઓનું સરઘસ કાઢ્યું. ૧૦મી ઑગસ્ટે સવારે પ્રજામંડળ તરફથી સરઘસનું એલાન થયું. ૧૧મી ઑગસ્ટે અમદાવાદમાં વિનોદ કિનારીવાલાને ગોળીથી વીંધી નાખ્યાના સમાચારો આવ્યા. વિદ્યાર્થીઓ-યુવાનોમાં ખૂબ જ ઉશ્કેરાટ ફેલાયેલો. બે દિવસ દરમ્યાન ગુજરાત કક્ષાએ સ્વરાજની લડતનું સંચાલન કરવા વિદ્યાર્થી સંગઠન સમિતિ રચાઈ. વડોદરા શહેર માટે આ સમિતિનું કાર્ય શ્રી ભાઈલાલ કૉન્ટ્રાક્ટર, શ્રી મનુભાઈ પટેલ અને શ્રી મુકુન્દ પટેલે ઉપાડી લીધું. વિદ્યાર્થી સંગઠન સમિતિની પત્રિકાઓની સાઈક્લોસ્ટાઈલ વડે હજારો નકલો કરવાની જવાબદારી મારે માથે હતી.'

વડોદરા ઉપરાંત આજુબાજુના વિસ્તારમાં પણ તેમણે લડતનું કામ ગોઠવેલું. તેમના આજીવન સાથીદાર રહેલા શ્રી મધુવન શાહ ૯મી ઑગસ્ટ, '૪૨ના રોજ રામલાલને મળ્યા ત્યારે પંચમહાલ અને હાલોલમાં ભૂગર્ભમાં રહી આઝાદીની લડતની ગોઠવણ કરેલી અને એક સાઈક્લોસ્ટાઈલ મશીન, શાહી, કાગળો વગેરે પણ તેમણે આપેલાં અને સૂચના આપેલી કે દરરોજ રાતના એક પત્રિકા તેમને મળશે. તેની સાઈક્લોસ્ટાઈલ નકલો કાઢવી અને તે ઘેર ઘેર પહોંચાડવી. સાઈક્લોસ્ટાઈલ મશીન પોલીસ ચોકીના ઉપરના માળે જ સંતાડ્યું હતું અને ત્યાંથી જ પત્રિકાઓ કાઢતા !

૧૯૪૨ની લડત દરમિયાન ખાદીનાં કપડાં અને ખાદીની ટોપી પહેરવાની પ્રતિજ્ઞા લીધેલી, જે તેમણે જીવનભર પાળેલી. કિશોરાવસ્થામાં જ એમના મનમાં બેસી ગયું હતું કે 'ઈશ્વરે માણસને જે શક્તિ આપી છે એના પર એના એકલાનો નહીં, પણ સમાજનોય અધિકાર છે.' અને રામલાલભાઈએ ઘર, કુટુંબ કે પરિસ્થિતિની ચિંતા કર્યા વગર આઝાદીની લડતમાં પૂરેપૂરું ઝંપલાવેલું. શાળાના આચાર્યને તેમની આ બધી પ્રવૃત્તિઓની ખબર પડી એટલે તેમણે તેમને લડતમાંથી નીકળી જવા જણાવેલું. 'જો તેઓ તેમ નહીં કરે તો તેમને શાળામાંથી બરતરફ કરવામાં આવશે' તેવી ધમકી પણ તેમને મળેલી. આ ધમકીને અવગણીને વડોદરાની અન્ય શાળાઓના વિદ્યાર્થીઓને સ્વરાજની આ આખરી લડત માટે સંગઠિત કરવાના પોતાના



શ્રી રામલાલભાઈ અને તેમનાં પત્ની શ્રી પદ્માબહેન

પ્રયાસો ચાલુ રાખ્યા.

વડોદરાની ઘડિયાળી પોળનું તેમનું નિવાસસ્થાન કેટલાક ભૂગર્ભવાસીઓનું આશ્રયસ્થાન હતું અને ગેરકાયદેસર પત્રિકાઓ વહેંચવાનું મુખ્ય મથક. તેઓ આ અંગે લખે છે : 'ગાંધીજીના ઉપવાસ દરમિયાન મેં અને મારા વિદ્યાર્થીઓએ સરઘસ કાઢ્યું. દાંડિયા બજારમાંથી અમે પસાર થતા હતા ત્યારે એક છૂપી પોલીસવાળાએ મને ઓળખી કાઢ્યો અને લાઠીધારી પોલીસને મારી ખબર આપી. એકદમ પોલીસ લાઠીઓ લઈ મારા ઉપર તૂટી પડી. હું બાજુના મકાનની સીડી નીચે સંતાઈ ગયો પણ મકાનને પોલીસે ઘેરો ઘાલ્યો એટલે મારે બહાર આવવું પડ્યું. પોલીસે મને મારા ખમીસના કૉલરથી પકડીને મારા ઉપર ઉપરા-છાપરી લાઠીઓ ઝીંકવા માંડી. લાઠીમાર અસહ્ય લાગવા માંડ્યો એટલે ખમીસનાં બટન મેં ખોલી નાખ્યાં, તેથી ખમીસ પોલીસના હાથમાં રહી ગયું અને હું પોલીસના પગ વચ્ચેથી સરકી ગયો.'

વિદ્યાર્થી રામલાલે ગાંધીજીને સૌપ્રથમ વડોદરાના સ્ટેશન પર જોયેલા, ત્યારથી તેઓ તેમનાથી પ્રભાવિત થએલા. ત્યાર બાદ ૧૯૪૪માં તેમણે મુંબઈના જુહુ સમુદ્રતટે તેમની પ્રાર્થના-સભામાં ગએલા. રામલાલ કહે છે કે, 'તેમના ૧૦ મિનિટના સંબોધનમાંથી જે ઘેરી પ્રેરણા સાંપડેલી તે કદી ભુલાય તેમ નથી. તે હંમેશા નવું જોમ આપતી અને નવી તાજગી આપતી રહી છે.'

ગાંધીજી અને તેમના આચરણ અને વિચારોથી ખૂબ જ અભિભૂત થએલા રામલાલ જીવનપર્યંત નિષ્ઠાવાન ગાંધીભક્ત બની રહેલા અને તેમણે ગાંધી-વિચારને સાકાર કરવા ગૂજરાત વિદ્યાપીઠમાં અને તે દ્વારા શિક્ષણનાં બધાં જ ક્ષેત્રોમાં જે દષ્ટિવંત સક્રિયતા અને કર્મઠતા દાખવેલી તેનો સ્વાનુભવ આપણે કર્યો જ છે.

ગાંધીજીએ કહેલું : 'આપણે સત્ય અને અહિંસાને ફક્ત વ્યક્તિગત આચરણની જ બાબત નહીં પણ સમૂહો, કોમો અને



દાદા શ્રી રણછોડજી માણેકલાલ પરીખ તથા
તેમનાં માતુશ્રી હસુમતીબહેન ડાહ્યાલાલ પરીખ

રાષ્ટ્રો માટેના આચરણની બાબત બનાવવાની છે. મેં તો આ સ્વપ્ન સેવ્યું છે, એની સિદ્ધિના પ્રયત્નમાં મેં મારું જીવન સમર્પિત કર્યું છે.' તેઓ કહેતા : 'ગાંધીજીના જાહેર કાર્યની શરૂઆત જ વૈશ્વિક સંદર્ભમાં થઈ. ગાંધીજી તેથી માત્ર ભારતીય વિભૂતિ નથી, માત્ર ગુજરાતના સપુત નથી પણ એક આંતરરાષ્ટ્રિય વિભૂતિ છે; તેથી ગાંધીજીનાં સમગ્ર કાર્યોમાં એકી-સાથે સ્થાનિક અને વૈશ્વિક પાસાંઓનો સુભગ સમન્વય છે.'

ગાંધીજી શાંતિ અને અહિંસાને અવિભાજ્ય અંગ માનતા હતા એ અંગે રામલાલભાઈએ કહેલું : 'મનની શાંતિ, સામાજિક શાંતિ, રાષ્ટ્રિય શાંતિ અને વિશ્વશાંતિ એવા કોઈ કૃત્રિમ ભેદો તેમના મનમાં નહોતા. શાંતિ માત્ર યુદ્ધવિરામથી નથી ટકતી. શાંતિ માટે તો હિંસાને ધરમૂળથી દૂર કરવા 'અહિંસક સમાજ' રચવો જરૂરી છે. આવો અહિંસક સમાજ એકી-સાથે સ્થાનિક અને વૈશ્વિક છે. તેની પ્રથમ અજમાયસ દરેક માણસે પોતાના જીવનથી અને તેના પડોશના લોકોથી કરવાની છે, પણ તેનો પ્રયાસ તો સમગ્ર વિશ્વમાં અહિંસક સમાજ રચવાનો હોવો જોઈએ. ગાંધીજી એક મહાન દેશભક્ત અને પ્રખર રાષ્ટ્રવાદી હતા. પોતાના દેશના સ્વરાજ માટે તેમણે તેમનું સમગ્ર જીવન અનેક વાર હોડમાં મૂક્યું હતું, પણ રાષ્ટ્રિય સીમાડાઓનો સંકુચિત રાષ્ટ્રવાદ તેમને ક્યાંય સ્પર્શ્યો નહોતો. તેમનાં તમામ કાર્યોમાં સમગ્ર માનવસમાજની પુનઃરચના કરવાનું લક્ષ્ય હતું તેથી જ ગાંધીજીના વિચારો આખા જગતને સ્પર્શી ગયા છે.'

ગાંધીજીનો માનવપ્રેમ રાષ્ટ્રપ્રેમથી અટક્યો નહોતો પણ સમગ્ર માનવજાત સુધી વિસ્તર્યો હતો. વિશ્વબંધુત્વની અણિશુદ્ધ ભાવનાના ગાંધીજી સાચા પ્રતીક હતા. અહિંસા મારફતે સમગ્ર માનવજાતિને પ્રેમપાશમાં લેવાની ગાંધીજીની પ્રબળ ઇચ્છા હતી. તે માટે તેઓ જીવનભર અત્યંત વિનમ્રતાથી ઝઝૂમ્યા.

સ્વદેશપ્રેમ અને વિશ્વપ્રેમ, દેશસેવા અને માનવસેવા વિશે ગાંધીજીનું દૃષ્ટિબિંદુ સમન્વિત હતું. એ સમજાવવા રામલાલભાઈએ ગાંધીજીના શબ્દોનો ઉપયોગ કરેલો : 'રાષ્ટ્રની સેવા અને જગતની સેવા વિરોધી વસ્તુઓ નથી. એ સિદ્ધાંત વિશેની મારી શ્રદ્ધા વધતી ગઈ છે, એ મારો સિદ્ધાંત છે. એનો સ્વીકાર કરવાથી જ જગતમાં શાંતિ સ્થપાશે અને પૃથ્વી પર વસતી પ્રજાઓ વચ્ચેનો દ્વેષભાવ શમી જશે. હું હિંદુસ્તાનનો એક નમ્ર સેવક છું અને હિંદુસ્તાનની સેવા કરવા મથતાં હું આખી મનુષ્યજાતિની સેવા કરું છું.'

વિશ્વને ઘેરી વળેલાં વિનાશનાં ઘેરાં વાદળો વચ્ચે પ્રેમ અને સદ્‌ભાવનાના વ્યવહારથી હિંસામુક્ત વિશ્વ અંગેનો ગાંધીજીનો સંદેશો પ્રકાશરૂપ છે. આપણે અસ્તિત્વના ભોગે જ તેની પ્રત્યે દુર્લક્ષ સેવી શકીએ. ગાંધીજીએ હંમેશા અનુરોધ કરેલો કે, 'શાંતિનો માર્ગ સત્ય દ્વારા' સહેલો છે. રામલાલભાઈ 'સત્યને અહિંસાથી અળગું કરી શકાય નહીં' તેમ કહેતા એટલે 'શાંતિનો માર્ગ અહિંસા દ્વારા' એવી વ્યાખ્યા તેમણે બાંધેલી અને 'શાંતિ ભણીનું કદમ એટલે નિઃશસ્ત્રીકરણ' તેમણે ઉમેરેલું.

અહિંસક સમાજ એટલે શોષણહીન સમાજ. જે સમાજમાં કોઈ પણ પ્રકારનું શોષણ ના હોય તે જ અહિંસક સમાજ કહેવાય અને ત્યાં જ શાંતિ હોઈ શકે. શોષણ એટલે હિંસા, હિંસા એટલે ઘર્ષણ અને ઘર્ષણ એટલે અશાંતિ - એવી વ્યાખ્યા રામલાલભાઈની હતી. દેશ કે દુનિયા જ્યાં સુધી ગાંધીજીની અહિંસાને સ્વીકારશે નહીં ત્યાં સુધી સાચી શાંતિ વિશ્વમાં સ્થપાશે નહીં તેવી તેમને ખાતરી થએલી. જ્યાં સુધી હિંસાની સંસ્કૃતિ ચાલુ રહેશે ત્યાં સુધી શાંતિ નહીં આવે; જ્યાં સુધી ભૂખ અને ભૂખમરો ચાલુ રહેશે ત્યાં સુધી એ અર્થપૂર્ણ નહીં બને - એમ તેઓ માનતા.

રામલાલભાઈએ તા. ૨૬-૮-૧૯૮૭ના રોજ યુનોમાં મળેલી 'નિઃશસ્ત્રીકરણ અને વિકાસ' અંગેની ખાસ બેઠકમાં પ્રતિનિધિ તરીકે હાજરી આપેલી અને એ બેઠકને સંબોધતાં - 'જો આવતી પેઢીઓને યુદ્ધની ભીષણતામાંથી ઉગારવાની મૂલ્ય-આધારિત પ્રતિબદ્ધતા ઉપર ધ્યાન નહીં આપવામાં આવે તો નિઃશસ્ત્રીકરણની પ્રક્રિયા ટકી શકશે નહીં', તેવી ચેતવણી ઉચ્ચારી હતી અને વિકાસની પ્રક્રિયામાં પણ અહિંસક સમાજ માટે બધાં જ લોકોના આર્થિક-સામાજિક વિકાસની મૂલ્ય- આધારિત પ્રતિબદ્ધતા અગ્રસ્થાને હોવી જોઈએ એવી હિમાયત કરી હતી.

રામલાલભાઈની 'શાંતિ-અહિંસા' અંગેની ગૌરવભરી કામગીરી માટે એમને અનેક રાષ્ટ્રિય, આંતરરાષ્ટ્રિય પુરસ્કારથી નવાજવામાં આવેલા, જેમાંના સંયુક્ત રાષ્ટ્રસંઘનો 'પીસ મેસેન્જર ઍવૉર્ડ' અને સિઓલ ઍસોસિએશન ઑફ યુનિવર્સિટી પ્રસિડન્ટ્સનો 'ગ્રેટ વર્લ્ડ પીસ ઍવૉર્ડ' મુખ્ય છે.


ગાંધીજીને નવા પરિપ્રેક્ષ્યમાં વિશ્વને સમજવાનું મહાન

કાર્ય રામલાલભાઈએ કરેલું. હિંસાથી ત્રસ્ત વિશ્વનો ઉકેલ કેવળ ગાંધીજી જ છે તેમ તેમણે વિશ્વના અનેક દેશોની શિક્ષણ-સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, શાંતિ-સંગઠનોની મુલાકાત લઈ અસરકારક રીતે પુરવાર કરી બતાવ્યું. વધુ સારો માનવી, વધુ સારો સમાજ, વધુ સારું વિશ્વ ઊભું કરવા માટેનું આ ગાંધીદર્શન વિશ્વમાં નવી સભ્યતા, નવી સંસ્કૃતિ ઊભી કરવાનું દર્શન છે. આ દૃષ્ટિએ જોઈએ તો રામલાલભાઈ ગાંધીદૂત તરીકે ઊભરી આવેલા.

રામલાલભાઈ એટલે યુવક પ્રવૃત્તિની દેણ - એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. એ સમય ૧૯૪૨ની 'કરેંગે યા મરેંગે'ની લોક-લડતનો હતો. પંદર વર્ષના રામલાલે વડોદરામાં પ્રભાતફેરીઓ કાઢેલી, પ્રચાર-પત્રિકાઓ છાપીને વહેંચેલી અને સતત વિદ્યાર્થીઓના સંપર્કમાં રહેલા. તે વખતે ચાલતા ટ્યુશન વર્ગો સામે ચળવળ ઉપાડેલી અને વિદ્યાર્થીઓને મફત અભ્યાસ કરતા કરેલા. રામલાલભાઈએ ૧૯૪૩-૪૪માં વડોદરા વિદ્યાર્થી મિત્ર મંડળની સ્થાપના કરેલી અને એ મંડળના માનદ્ મંત્રી બનેલા. ઈ. ૧૯૪૯માં વડોદરા વિદ્યાર્થી મિત્ર મંડળના મંત્રી તરીકેની રામલાલભાઈની અને સ્વ. ચિમનભાઈ પટેલની પૅનલ વચ્ચે રસાકસીભરેલી ચૂંટણી થયેલી, આમાં શ્રી રામલાલભાઈની પૅનલનો વિજય થયેલો, પણ ત્યારે તેમણે કહેલું કે, 'વિદ્યાર્થીમંડળ તો વિદ્યાર્થીઓની સેવા માટે છે, એટલે એની જવાબદારી ચિમનભાઈ જેવા ઉત્સાહી કાર્યકરને જ સોંપાય એ જ ઉચિત છે.' એમ કહી વિદ્યાર્થી મંડળના મંત્રી તરીકે રાજીનામું આપી ચિમનભાઈની મંત્રી તરીકે નિમણૂંક થાય તેવી વ્યવસ્થા કરેલી.

આ દરમિયાનમાં ગુજરાતના ગામે-ગામ, તાલુકે-તાલુકે અને જિલ્લે-જિલ્લે વિદ્યાર્થી મંડળની સ્થાપના થયેલી, આમાંથી એક મધ્યસ્થ સંસ્થા 'અખિલ ગુજરાત વિદ્યાર્થી કૉન્ગ્રેસ'ની સ્થાપના થઈ. એના બીજા અધિવેશન વખતે ઈ. ૧૯૪૬માં રામલાલભાઈની મંત્રી તરીકે વરણી થયેલી.

વિદ્યાર્થીઓમાં કૉન્ગ્રેસ કલ્ચર ઊભું થાય તે માટેના ઘનિષ્ઠ પ્રયાસો રામલાલભાઈએ કરેલા અને ૨૦ જેટલાં વિદ્યાર્થી મંડળો શરૂ થયેલાં. ૧૯૪૬માં પાવાગઢમાં માંચી ખાતે વિદ્યાર્થી કૉન્ગ્રેસ તરફથી વિદ્યાર્થી શિબિરનું આયોજન થયેલું. શિબિરની પૂર્ણાહુતિ પછી વધેલો સામાન વડોદરા કાન્તિભાઈ ભટ્ટને ત્યાં મોકલી આપેલો. એક મણ જેટલી કાચી કેરી વધેલી તેના બે કોથળા કરી એક પોતે અને બીજો પોતાના સાથી મધુવનભાઈ પાસે ઉપડાવી પાવાગઢમાં ચાર આનામાં વેચેલી. મધુવનભાઈ લખે છે, 'અહીં મને તેમની કંજૂસાઈ નહીં પણ જાહેર જીવનમાં નાણાંની જાળવણીની ચીવટતાનાં દર્શન થયાં.



ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ સાથે રામલાલ પરીખ

૧૯૫૨માં રામલાલભાઈ ગુજરાત યુવક કૉન્ગ્રેસના મંત્રી બનેલા અને ત્યારે ગુજરાત યુવક કૉન્ગ્રેસનું એક વિશાળ અધિવેશન તે વખતના કૉન્ગ્રેસ પ્રમુખ ઢેબરભાઈની નિશ્રામાં વડોદરામાં યોજાયેલું અને તે વખતના રેલવે મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ તેનું ઉદ્‌ઘાટન કરેલું. ગુજરાત યુવક કૉન્ગ્રેસનું છઠ્ઠું અધિવેશન જંબુસરમાં મળેલું ત્યારે દેશની સમગ્ર યુવક પ્રવૃત્તિની સમીક્ષા કરતાં રામલાલભાઈએ જણાવેલું : 'આઝાદીના સંગ્રામના છેક ૧૯૦૫ના સમયથી રાષ્ટ્રવ્યાપી અને ચોક્કસ સિદ્ધાંતોને આધારે કામ કરતા યુવક સંગઠનની જરૂર લાગી હતી. અને ઉત્તરોત્તર ક્રાંતિકારી હવામાનમાં ખેંચાઈને અસંખ્ય યુવકો દેશની આઝાદીના ભેખધારી બન્યા હતા.'

૧૯૪૫માં શરૂ થયેલી તેમની યુવક પ્રવૃત્તિને કારણે ભારતમાં શક્તિશાળી વિદ્યાર્થી અને યુવક આંદોલન ઊભું થયેલું. ઑલ ઇન્ડિયા સ્ટુડન્ટ્સ કૉન્ગ્રેસની પણ તેમણે સ્થાપના કરેલી. તેમણે દિલ્લીમાં વિશ્વ યુવક કેન્દ્રની પણ સ્થાપના કરેલી. રામલાલભાઈ જીવ્યા ત્યાં સુધી આ કેન્દ્રના મૅનેજિંગ ટ્રસ્ટી રહેલા.

રામલાલભાઈ મૉસ્કોમાં યોજાએલા ૧૦૫ દેશોના વિશ્વ યુવક વિદ્યાર્થી મહોત્સવમાં ભારતીય રાષ્ટ્રિય કૉન્ગ્રેસના યુવક વિભાગના નિરીક્ષક મંડળના નેતા તરીકે હાજર રહેલા, ત્યાં ત્રણ લાખ લોકોની યોજાયેલી હિરોશીમા-દિવસની રેલીમાં અણુ-ચકાસણીઓએ માનવજાત માટે જે ગંભીર સમસ્યાઓ ઊભી કરી છે એ અંગે પ્રવચન કરતાં કહેલું, 'શસ્ત્રોની હોડથી શાંતિ આવે નહીં અને અણુ શસ્ત્રોનું તો આધુનિક યુગમાં કોઈ સ્થાન હોઈ શકે નહીં.' તેમણે બુદ્ધે ૨૫૦૦ વર્ષ પૂર્વે આપેલો ભારતનો શાંતિ-સંદેશો આ અધિવેશનમાં રજૂ કરેલો.

૧૯૫૨માં 'અખિલ ગુજરાત વિદ્યાર્થી કૉન્ગ્રેસ'નું અધિવેશન હાલોલમાં યોજાયેલું. એ જ વર્ષમાં રામલાલભાઈ ગૂજરાત વિદ્યાપીઠમાં 'ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર'ના અધ્યાપક તરીકે સૌપ્રથમ જોડાયેલા, તે ૧૯૫૬ સુધી રહેલા. ત્યાર બાદ ૧૯૫૬ થી ૧૯૬૧ સુધી તેઓ દેશની યુવક



સ્નાનાગારમાં મોરારજી દેસાઈ, વિનોદ ત્રિપાઠી અને રામલાલભાઈ

પ્રવૃત્તિમાં ખૂબ જ સક્રિય રહ્યા. ૧૯૬૧માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી મગનભાઈ દેસાઈએ રાજીનામું આપતાં એ હોદ્દા પર મોરારજીભાઈ દેસાઈએ રામલાલભાઈને આગ્રહ કર્યો અને રામલાલભાઈએ પોતાના નેતા મોરારજીભાઈના આગ્રહથી એ હોદ્દાનો સ્વીકાર કર્યો અને તા. ૨૯-૬-૧૯૬૧ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના માહામાત્ર બન્યા અને વિદ્યાપીઠના મંડળમાં કાયમી સભ્ય તરીકે નિમાયા.

તેઓ ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્ર અને ટ્રસ્ટી બન્યા એટલે પોતાનો ગમતો વિષય રાજકારણ છોડીને વિદ્યાપીઠમાં શિક્ષણકાર્યમાં ખૂંપી ગયા. આમ છતાં રામલાલભાઈમાં રહેલી યુવક-વિકાસની ઉત્કટ તમન્ના અને પ્રવૃત્તિ ચાલુ જ રહેલી. રામલાલભાઈએ ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્રનું પદ તા. ૨૯-૬-૧૯૬૧ થી તા. ૧૭-૧-૧૯૭૧ સુધી તથા મહાદેવભાઈ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના આચાર્યનું પદ તા. ૨૯-૬-૧૯૬૧થી તા. ૩૦-૬-૧૯૭૦ સુધી શોભાવેલું.

રામલાલભાઈના અંગત સાથીઓના પ્રયાસોને પરિણામે અને ગુજરાતના યુવક નેતાઓના જોમ અને ઉત્સાહને આધારે ઈ.સ. ૧૯૬૮ની ૧૮મી ડિસેમ્બરે 'યુવક વિકાસ ટ્રસ્ટ'ની સ્થાપના થઈ. રામલાલભાઈ તેના પ્રથમ મૅનેજિંગ ટ્રસ્ટી બન્યા અને જીવનના અંતકાળ સુધી (૨૧-૧૧-૯૯ સુધી) સતત ૩૧ વર્ષ તેઓએ યુવક વિકાસ ટ્રસ્ટનું સફળ અને સરસ સંચાલન કર્યું અને વિદ્યાર્થી યુવક પ્રવૃત્તિની નવી દિશાઓ કંડારી, યુવક પ્રવૃત્તિના નવા ચીલા ચાતર્યા, અને રાષ્ટ્રહિતની યુવક પ્રવૃત્તિનો એક નવો ઈતિહાસ રચ્યો.

રામલાલભાઈનું વ્યક્તિત્વ વિશાળ ને વિકાસશીલ હતું. તેઓ જગતના અનેક દેશોની યુવક પ્રવૃત્તિ અને શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. વૈશ્વિક અને રાષ્ટ્રિય વિચારધારા તો એમના સમગ્ર જીવનનો પાયો હતો. આ ભૂમિકાને લીધે તેઓએ યુવકોને આંતરરાષ્ટ્રિય પ્રવાસો અને રાષ્ટ્રવ્યાપી પ્રવાસો શૈક્ષણિક ઢબથી કરાવ્યા અને યુવકોમાં એક વિશ્વદષ્ટિ અને રાષ્ટ્રિય દષ્ટિ પ્રેરી. આમ, ગુજરાત રાષ્ટ્રઘડતરની સંગીન યુવક પ્રવૃત્તિનું અગ્રેસર રાજ્ય બન્યું.

રામલાલભાઈ હંમેશાં 'Gandhi beyond Gandhi'ની વાત કરતા કારણ કે તેમણે ગાંધીકાર્ય અને ગાંધીવિચારને ગાંધી પછી પણ પ્રસરાવ્યો, વિશ્વસ્તરે વ્યાપક બનાવ્યો. 'વિચાર વૈશ્વિક, આચાર સ્થાનિક - Think Globally, Act Locally'એ તેમનું સૂત્ર રહેલું.

કામ અને સતત કામ એ રામલાલભાઈની વિશેષતા રહેલી. તેઓ સ્વપ્નસેવી, વિચારસેવી, ચિંતનસેવી તેથી વધુ શિક્ષણ-શિલ્પી, સમાજ-શિલ્પી, ભારતીય સંસ્કૃતિ માટેના સેતુ-શિલ્પી, આર્થિક નવવિચારના જ્યોતિર્ધર એવા નવ-શિલ્પી પણ ખરા. તેમનું આવું વિશેષ વ્યક્તિત્વ રાષ્ટ્રિયતા અને ગાંધીવિચાર-દર્શનના સંસ્કાર-સિંચનને પરિણામે ઘડાયેલું.

રામલાલભાઈ ગુજરાત પ્રદેશ કૉન્ગ્રેસ સમિતિના સભ્ય અને મંત્રી બનેલા અને સમિતિના એક કુશળ સંગઠક તરીકે પણ ઊભરી આવેલા. રાજકારણના ઊંડા અભ્યાસને કારણે તેમનું વૈચારિક બળ તો હતું જ, એટલે તેઓ બીજાથી નોખા તરી આવે તેવા યુવાન કાર્યકર તરીકે ગણાવા લાગેલા. આથી જ તેઓ તે સમયના ગુજરાતના અગ્રણીઓ શ્રી મોરારજીભાઈ દેસાઈ અને શ્રી ઠાકોરભાઈ દેસાઈના પ્રીતિપાત્ર બનેલા.

એ સમય દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ઠાકોરભાઈ દેસાઈનું અવસાન થયું ને વિદ્યાપીઠનાં કુલનાયકની જગા ખાલી પડી. ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ મોરારજીભાઈ દેસાઈએ ખાલી પડેલી કુલનાયકની જગાએ રામલાલભાઈની નિયુક્તિ કરી, આથી તા. ૨૯-૮-૧૯૭૧ના રોજ ગુજરાત પ્રદેશ કૉન્ગ્રેસના મંત્રી તરીકે રામલાલભાઈએ રાજીનામું આપ્યું અને તા. ૧-૯-૧૯૭૧થી તેઓ કુલનાયક થયા. આ પદ તેમણે તા. ૨૨-૨-૧૯૭૫ સુધી શોભાવેલું.

ઈ.સ. ૧૯૭૦ના અરસામાં કૉન્ગ્રેસના ભાગલા પડ્યા ત્યારે પણ રામલાલભાઈ મોરારજીભાઈની સાથે જ રહેલા. ૧૯૭૫માં તેઓ કૉન્ગ્રેસ તરફથી રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ૧૯૮૧ સુધી આ સભ્યપદ શોભાવ્યું હતું.

વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ૨૫મી જૂન ૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી જાહેર કરેલી અને મીસા હેઠળ વિરોધી રાજકીય અગ્રણીઓની ધરપકડ કરવાનું શરૂ કરેલું. શ્રી રામલાલભાઈ અને તેમનાં પત્ની પદ્માબહેન ૯મી ઑગસ્ટ, ૧૯૭૬ના રોજ ગુજરાત કૉલેજમાં વિનોદ કિનારીવાલાના



શ્રી રામકૃષ્ણ બજાજ, હન્ગર પ્રોજેક્ટ-ગુજરાતના અધ્યક્ષ શ્રી રામલાલભાઈ તથા વર્લ્ડ હન્ગર પ્રોજેક્ટનાં અધ્યક્ષા શ્રીમતી જ્હોન હોમ્સ.



ફ્રાન્સના ગાંધી લાઝા દેલ વાસ્તા સાથે શ્રી રામલાલભાઈ

સ્મારક ઉપર પુષ્પાંજલિ અર્પણ કરવા ગયાં હતાં, ત્યાં જ પોલીસે તેમની ધરપકડ કરી જામનગરની જેલમાં પહોંચાડી દીધા. જેલરે તેમને પોલિટિકલ બૅરેકમાં લઈ જવા વૉર્ડનને સૂચના આપી. બૅરેકમાં ભારે ગંદકી અને ખાવાનું પણ ખરાબ, એટલે રામલાલે જેલરને કહ્યું, 'અમે કોઈનું ખૂન નથી કર્યું તો અમને શા માટે આમ હેરાન કરો છો ?' થોડા દિવસ પછી ત્યાંથી તેમને વડોદરાની જેલમાં લઈ જવામાં આવેલા, ત્યાં ખાવા-પીવા-રહેવાની સગવડ થોડી સારી હતી.

રામલાલભાઈ જેલમાં અંબર ચરખા ઉપર કાંતતા. તેમણે જેલને ગાંધી અર્થશાસ્ત્રના અભ્યાસ અને તાલીમની જીવતી જાગતી વિદ્યાપીઠ બનાવેલી. આખરે કારાવાસનો અંત આવ્યો અને તા. ૧૪મી જાન્યુઆરી ૧૯૭૭ના રોજ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. રામલાલભાઈએ જેલવાસ દરમિયાન ઈ.આર.કારના ગ્રંથ 'What is History'નો ગુજરાતી અનુવાદ કર્યો પણ દુર્ભાગ્યે એ અપ્રકટ રહેલો.

જીવનની આટલી ભાગદોડ અને વ્યસ્તતા વચ્ચે પણ રામલાલભાઈનું દામ્પત્યજીવન એક આદર્શરૂપ બની રહેલું. પદ્માબહેન સ્વભાવે અત્યંત સરળ, નિષ્ઠાવાન, સાદાં, નિરાભિમાની, નમ્ર, વિશાળ દિલવાળાં, મહત્ત્વાકાંક્ષા-રહિત અને સમજુ હતાં. ઘર અને કુટુંબના બધા જ પ્રશ્નો પદ્માબહેન જ પતાવે. પદ્માબહેનને મન ઘર એ જ સમગ્ર સંસાર. રામલાલભાઈ ગમે ત્યાં ફરે, માન-સન્માન મેળવે, તેમના મહેમાનોનું પૂરું આદર-સન્માન થાય એ બધી બાબતોનું પદ્માબહેન ખૂબ કાળજીથી ધ્યાન રાખતાં.

અનેકવિધ પ્રવૃત્તિઓમાં સતત રચ્યાપચ્યા હોવા છતાં રામલાલભાઈ કુટુંબ વત્સલ હતા.

રામલાલભાઈ તા. ૨૦-૭-૧૯૭૫ થી તા. ૨૩-૮-૧૯૮૧ ના સમયગાળામાં રાજ્યસભાના સભ્યપદે રહ્યા હતા. ત્યાર પછી ફરી પાછા તેઓ તા. ૨૦-૧૦-૧૯૮૩ થી ૨૩-૬-૧૯૯૬ સુધી ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક રહેલા. ૧૯૯૫ના એપ્રિલમાં કુલપતિ મોરારજીભાઈ દેસાઈનું અવસાન થતાં તેમની ખાલી પડેલી જગ્યાએ તા. ૨૩-૬-૧૯૯૬ના રોજ રામલાલભાઈની કુલપતિપદ માટે વરણી થયેલી, તે તા. ૨૯-૧૧-૧૯૯૯ના રોજ તેમનું અવસાન થયું ત્યાં સુધી તેમણે ગૂજરાત વિદ્યાપીઠનું કુલપતિપદ શોભાવેલું.

અંતિમ સમયની માંદગી વખતે પણ તેઓ સતત વિદ્યાપીઠ અંગે ચિંતિત રહેતા અને પોતે બહાર નીકળી કામ નથી કરી શકતા તેનો તેમને વસવસો હતો. રામલાલભાઈને ઘણા ઍવૉર્ડ અને સન્માનપત્રો મળેલાં છે. તેમનું પ્રવૃત્તિક્ષેત્ર ઘણું વિશાળ હતું.

વડોદરામાં પેલા પોલીસનો લાઠીમાર અસહ્ય લાગતાં પોતે પોતાના ખમીસનાં બટન ખોલી કાઢ્યાં, તેથી ખમીસ પોલીસના હાથમાં રહી ગયું અને પોતે પોલીસના પગ વચ્ચેથી સરકી ગયા તેમ રામલાલભાઈ જીવનભર 'હાકલ'નો પડકાર ઝીલી લઈને અને ભોમિયા વિના જ અજાણી ભોમ ખૂંદી વળીને આપણી વચ્ચેથી સદાને માટે સરકી ગયા છે. તેઓ તેમનાં કાર્યની વિપુલતા અને મહેક આપણા માટે મૂકતા ગયા છે.

['રામલાલભાઈ પરીખ : વિદ્યાપુરુષ-ગાંધીદૂત' તથા અન્યના આધારે]

'શ્રી જયન્ત પાઠક કવિતા પુરસ્કાર' બે વર્ષના સમયગાળામાં પ્રગટ થયેલાં ઉત્તમ કાવ્યસંગ્રહને આપવાનો છે તેથી કવિઓ, પ્રકાશકો અને કાવ્યરસિકોને વિનંતી છે કે ૨૦૦૦ અને ૨૦૦૧માં પ્રગટ થયેલા કાવ્યસંગ્રહોની બે નકલો નીચેના સરનામે સત્વરે મોકલી આપશો.

મંત્રીશ્રી
શ્રી જયન્ત પાઠક પુરસ્કાર સમિતિ
એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, અઠવા લાઈન્સ
સુરત - ૩૯૫ ૦૦૧

વહેણ અને વહેળો

ભગીરથ બ્રહ્મભટ્ટ

વૈશાખની એ સાંજે ઓચિંતો પલટો લીધો. હમણાં ઘડી પહેલાં તો કાળઝાળ તાપ હતો અને ઝાડનું પાનેય હાલતું નહોતું ને એટલામાં આકાશમાં એકાએક વાદળાં ઘેરાયાં, અંધારું ધબ્બ... પવન સૂસવાટાભેર શરૂ થયો. ભલાભાએ કહ્યું : 'સોમા મુખી, આ તો ઊગમણાની ઑંધી આવતી લાગ છ્અ.' મગન કેદાર બોલ્યા : 'દિયોર, બેહો. ઊભા ચ્યોં થઈ જ્યા ? એ તો આવશે ન હેંડ્યું જશે.'

સોમા મુખીએ બૂમ પાડી : 'અલી ડઈલી, ઑંધુ આયુ - પેલું ઝેણું પાડુ ઘરમાં લઈ લ્યે અને બા'ર વાડામાં લૂગડાંબૂગડાં કોંય હોય તો લઈ આય.'

ઘરમાંથી રોટલા કરતાં કરતાં ડાહી ઊઠીને બહાર આવી. 'બાપા, હમણાં તો ચેટલો ઊકળાટ હતો ? અને આ ઘડીમાં તો...' બોલતાં ડાહી દોડી. વાડામાં ગઈ. કપડાં લઈ આવી. બહારનો ઠંડો પવન એના બદનને અડ્યો, એને સારું લાગ્યું પણ હજુ તો પંદર દિવસની પાડીને ઘરમાં લઈ લેવાની હતી. એણે બાપાને કહ્યું : 'બાપા તમારો ખાટલોય માંહ્ય લઈ લ્યો અને બધા માંહ્ય બેહો.'

સોમા મુખીએ કહ્યું : 'છોરી હાચુ કે'છ્અ લ્યા હેંડો મંઈ.' બે કોરથી બે જણાએ ખાટલો પકડ્યો અને બહારથી અંદર ઓસરીમાં મૂક્યો.

ખોડભાએ કહ્યું : 'તે દિયોર નહિ નેતરી જાય. ચિઈ તેંથ થઈ ?'

ભલાભાએ કહ્યું : 'તેરસ.'

ખોડભા ફરી બોલ્યા : 'ભૈ, આભની-ગાભની માંહ્ય હુ વૉય એ કુને ખબર ?'

ડાહીના બાપા સોમા મુખી ગામના મુખી. ભડવીર. આમ તો બે-ત્રણ પેઢીથી મુખીપણું એમના ઘરમાં ચાલ્યું આવે, એટલે બે-ત્રણ જણ એમને ત્યાં પંચાત કરવા કે વાતો કરવા રાવઠી જમાવીને બેઠેલા જ હોય. જ્યારે જુઓ ત્યારે મુખીની સાથે કોઈનું કોઈ વાત કરતું જ હોય. એમાંય સાંજ પડે એટલે તો ખાસ - એમાં ઓચિંતા નાનકડી પાડી ડાહીને ગાંઠતી નહોતી... છટકી જાય. ડાહીએ ઘણું જોર કર્યું, પણ પાડી તોફાની... અને એમાં વરસાદના છાંટા. ડાહીને શરીરે ટાઢક થઈ પણ પાડી તો વળીવળીને ભાગે... આખરે ડાહીએ એને સમતોલ ઉપાડીને ઓસરીમાં લાવી દીધી.

'આ છોરી જબરી છ્અ હોં !' ભલાભા બોલ્યા.

'ઈની મા મરી ગ્યા ચેડે હુશિયાર થૈ જૈ... બધું કોમકાજ - સેતરમાં ભાથું લઈ જવાનું, રોટલા ઘડવાનું, બધું શીખી જૈ.' સોમા મુખીએ કહ્યું : 'જેટલું શીખે એટલું ઈને કોંમ આવશે.'

'હાચી વાત. એ થોડી ઘેર રે'વાની છ્અ ?'

ભલાભાએ પૂછ્યું : 'પછી હું કીધું કમાલપર વાળોંએ ?'

'એ તો દિયોર પોટલો દહેજ કે'છે. આપણા ગોંમવાળાઓએ હૅબિટ પાડી છ, નહિ તો એ ચ્યારના ચોંલ્લૈયા થૈ જ્યા... ?' ડાહીએ આ સાંભળ્યું. એને કહી દેવાની ઇચ્છા પણ થઈ કે મારે નથી પરણવું, પણ એ મોટાંઓની વચ્ચે એક પણ શબ્દ બોલ્યા વગર પાડી ઉપર હાથ ફેરવીને ઘરમાં ગઈ.

'સોમા મુખી, પશા હુજાનું હું કરવાનું છ્અ ?' ખોડભાએ પૂછ્યું.

'ચ્યમ હું કરવાનું ? દિયોર ખાધું સ્અ ન્અ ખવરાવ્અ ઈમોં હું નવઈ !'

બનેલું એવું કે ગામમાં પરષોત્તમ સૂરજમલ યુવાનીમાં મૃત્યુ પામેલા. એમની પાછળ બારમું ખાવાની વાત ચાલતી હતી. સોમા મુખીને ત્યાં બેઠેલા માણસો નક્કી કરતા હતા. પરષોત્તમને એક દીકરો હતો. હજુ તો ભણતો હતો અને એની વિધવા મા આ કારજ કરવા તૈયાર હતી પણ ભણતો દીકરો આવા ખર્ચ કરવાની ના પાડતો હતો.

'એ ચાલે જ નૈ, એ તો ના હોય તો સેતર મેલવું પડે. નહિ તો ઘરેય મેલવું પડે ! આ તો વેવાર એટલે વેવાર.'

'પણ આ ઈનો દીકરો નાથિયો ના પાડે છે.' ભલાભાએ વચ્ચે જ કહ્યું.

ચલમની ફૂંક લઈ ધુમાડો કાઢતાં મગન કેદાર બોલ્યા : 'એ મારો દિયોર બે ચોપરી ભણ્યો ઈમોં સુધરી ગ્યો ? ચ્યમ ઈના ભણતરની ચોપરીઓમાં એવું લસ્યું છ્અ ક ડોહાનું બારમું ના કરવું ? આ તો મારા બેટા - ભણેલાંઓની વણજોઈતી ચરબી. દિયોર હાથમાં ચોપડી લઈને સેતી કરવા નેંહળ્યા... દિયોર, ભણેલો હોય કે અભણ, નાત એટલે નાત... વેવાર એટલે વેવાર... ખાધું હોય તો ખવરાવવું પડે.' મગન કેદાર મોટે મોટેથી બોલતા હતા.

ખોડભાએ કહ્યું : 'પણ રોંડી રોંડ બાયડી પૂરી, ચ્યોં ના પાડ્અ છ્અ ? આ તો ઈનો દીકરો નાથ્યો ના ના કર્અ છ્અ !'

સોમા મુખીએ કહ્યું : 'હો વાતની એક વાત. પૈસા ના હોય તો હગા પોંહેથી લાવે, નહિ તો ઈનોં ઘરેણાં મેલે, નહિં તો ઈનું સેતર મેલે...'

'એ વાત હાવ હાચી.' મગન કેદાર બોલ્યા અને તરત વળી કહ્યું - 'મુખી તમે ઈના સેતર ઉપર પૈસા આલી દયોં, હમુ પડશે !'

બહાર નાથુની વાત ચાલતી હતી. હજુ તો બે દિવસ થયા છે એના બાળને મૃત્યુ પામે અને મુખી-બાપાને ત્યાં બારમા વિશે પંચાત ચાલતી હતી. દીકરી ડાહી બધું સાંભળતી હતી. એને થતું હતું કે બાપાને બુદ્ધિ નથી એમ કહી દઉં. એને થતું હતું કે સમાજમાં કોઈનો ટેકો કરવાનો હોય કે આમ કોઈનું ઘર કાઢી નાખવાનું હોય ? પણ એ આ મોટેરાં સામે હરફ બોલી શકી નહિ.

બહાર વરસાદ વરસવો શરૂ થઈ ગયો અને ડાહીના મનનો નાથુ ડાહીને ભીંજવવા લાગ્યો હતો.

એકથી ચાર ધોરણ સુધી સાથે ભણેલાં. સુંદર અક્ષરોવાળાં ચિત્ર દોરતો, ગણિત ગણતો, સાહેબોની શાબાશી મેળવતો. નાથુ વિવિધ મુદ્રામાં ડાહીને યાદ આવ્યો. પછી તો ડાહી માતાના મૃત્યુના કારણે ન ભણી, પણ ખેતર જોડાજોડ હોવાને કારણે ઘણી વાર એ ખેતરમાંથી નાથુને જોતી.

ક્યારેક શેઢે ચાર લેતો, ક્યારેક વાડ કરતો, ક્યારેક જીવડાં કાઢતો, ક્યારેક ઢોર હાંકતો, ક્યારેક ભેંસ ચારતો, ક્યારેક પાળો બાંધતો, ક્યારેક પાણી વાળતો, ક્યારેક ક્યારા બાંધતો, ક્યારેક વહેળો પૂરતો, ક્યારેક માળે બેસીને કવિતા ગાતો - વાંચતો. રજાના દિવસે આખો દિવસ ખેતરમાં ગાળતો નાથુ ડાહીને જાણે એમ કહેતો હોય, - 'તું તારા બાપાને કશું ના કહે ?' અને એ મનોમન શરમાઈ જશે. - આવા આવા અનેક વિચારોથી ડાહી અકળાઈ ગઈ. એને એમ જ થતું હતું કે નાથુનું શું થશે ? ડાહી નાથુની ચિંતા કરતી હતી, પંચાતિયા પંચાત કરતા હતા અને બહાર વરસાદ ચાલુ હતો. ડાહીના બાપાએ બૂમ પાડી - 'ડઈલી, થોડી ચા કર.'

ડાહીએ ચૂલા ઉપર ચાની તપેલી મૂકી... સળગાવ્યું.... પાણી ઊકળ્યું. ઊકળતા પાણીમાં ચા-ખાંડ નાખવા જતાં જ એને થયું કે કાલે શનિવાર. નાથિયો ખેતરમાં ભેળો થાય તો કઈ જ દઉં - 'તું તારે તારો કક્કો પકડી રાખજે. બારમું નહિ કરવાનું. મારા બાપા તારું ખેતર લઈ લેવાની વેતરણ કરી રહ્યા છે અને આખું ગામ તને દેવામાં ડુબાડી દેશે. એટલે તું તારે તારી વાત હાચવી રાખજે.'

ડાહીએ લોટામાં ચા ગાળી. હાથમાં રકાબીઓ લઈ બહાર આવી. મગન કેદારે કહ્યું : 'લાય બુન, તું દાજી જયે !'

ડાહીએ એ સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. રકાબીઓ નીચે મેલી, બાજુમાં લોટો મેલી અંદર જતી રહી.

એના મનમાં નાથુ હેલ્લારા લેવા લાગ્યો. શનિ-રવિએ ક્યારેક એ નાથુ સાથે વાત કરી લેતી. એક વાર બાપા બહારગામ ગયેલા એટલે એ નાથુના ખેતરમાં પણ ગયેલી. નાથુએ 'ચા' પીવડાવેલી. બીતાં બીતાં ચા પીધેલી. ખડતલ હતો નાથુ. ભણતો હતો અને પદ્ધતિપૂર્વક ભણતાં ભણતાં ખેતી કરાવવાની બાપને સલાહ આપતો હતો. એને પણ ડાહી ગમતી હતી એમ ડાહીને લાગતું હતું.

ડાહી જેવી એના ખેતરમાં પગ મેલે, ને નજર વ. નાથુના ખેતરમાં કેમ જતી રહેતી હશે ? ડાહીના કૂવે પાણ અને ગૉળ વહેંચાયો ત્યારે નાથુ છેટો બેઠોબેઠો કેવું જોતો હતો

ગૉળ હાથમાં લઈને જતાં જતાં એણે કહેલું : 'ડઈલી, ગૉળ ગળ્યો છ્અ હોં !'

એ હસી પડેલી. એક શનિવારે એ રસ્તામાં સામે મળેલો, પછી એકદમ વાડની ઓથે ભરાઈ ગયો... એની આંખો બેબાકળી થઈ ને નાથુને શોધવા માંડેલી. નિરાશ થઈ ગયેલી. કોઈ હતું નહિ, ને 'હા... હા...' કરતો નીકળ્યો - ને ડાહીથી બોલી જવાયું : 'શાનો બીવડાવે છે ? અને ઑમ હંતાવાથી થોડા ખોવઈ જવાય ?'

બહાર પંચાત પાકી ગઈ હતી. મુખીએ પશા હુજાનું ખેતર લખી રૂપિયા આપવા અને બારમું કરાવવું એ વાત નક્કી થઈ ગઈ. પૂરીને વાત પોંચાડવાની જવાબદારી મગન કેદારે લીધી. સોમો મુખી મરકવા લાગ્યા...

ડાહીને આખી રાત ઊંઘ ન આવી. એને હતું કે કાલે શનિવાર છે - નાથુ જો ખેતરમાં આવે તો વાત કહી જ દઉં કે...

'અલ્યા આ તો હેલી થાય એટલો બધો ...'

વરસાદ થોડો ઓછો પણ ચાલુ રહ્યો. બધા ઊઠી ઊઠીને સૌ સૌને ઘેર ગયા. સોમો મુખી આડા પડ્યા. મનમાં સેતર લખી લેવાની ગણતરીઓ ચાલતી હતી.

ડાહીને બીજે દિવસે વહેલી સવારે શનિવારે ખેતરમાં જઈ આવવાની ઇચ્છા હતી. ડાહીને થયું કે લાવ જઈને કહી દઉં, પણ એ જઈ ન શકી. બાપા ઊઠ્યા.

ચા પીતા હતા અને મગન કેદાર ટપક્યા.

'સોમા મુખી, પૂરી એ 'હા' કીધી. તમે સેતર લખી લ્યો અને બારમાના રૂપિયા ગણી આપો...'

'ચા લાય ડઈલી' એમ સોમા મુખીએ કહ્યું.

ચા પીતાં પીતાં મગન કેદારે કહ્યું : 'મુખી, પશા હુજાનો નાથિયો તો ના જ પાડ્અ છ.'

'એ મારો હારો બે ચોપરી ભણ્યો, ચોંદવો થઈ જ્યો.'

મગન કેદારે કહ્યું : 'આજકાલનું છોકરું ના શેંની પાડ્અ ? અને જો તું આ નૈ કરે તો પછ્અ કાલે છોકરાને નાતમાં કુણ દેશે ?'

'એટલે તો પૂરી હાથ જોડવા માંડી.'

'પણ મગન કેદાર લખત કરીએ ઈમોં નાથિયાની સઈ જોઈએ હોં !' 'એ તો મારું હાળુ ના કર્અ તો ?'

'તો આ કોંમનો વચાર કરવો પડ્અ હોં !'

મગન કેદાર ચા પીને જેવા બહાર નીકળ્યા કે ખોડભા આવ્યા - 'શું કીધું પૂરીએ ?'

'પૂરી તો ઓવ્અ કેંસ્અ પણ પેલો છોકરો...'

(અનુસંધાન પૃષ્ઠ : ૨૩૪)

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૩. જે ઉદ્ભવે છે પોતાનામાંથી

સદીઓથી, નેપાલના બે મુખ્ય ધર્મો - હિન્દુ અને બૌધ્ધ - એકમેક સાથે સુસંગત રહેતા આવ્યા છે, તથા ત્યાંના જન-જીવનમાં અત્યંત સ્વાભાવિક ભાવે વણાઈ ગયેલા છે. કાઠમંડુના રસ્તાઓમાં ચાલતાં જે દેવ-શિલ્પો અને મંદિરો દેખાય તે બધા હિંદુ હોય છે. ભાગ્યે જ કોઈ બુદ્ધપ્રતિમા એમ ચૉરે-ચૌટે નજરે ચડે. પણ પશુપતિનાથના મંદિરના પાછળ, બાઘમતીના સામેના તટ પર આવેલી ટેકરીના ઢોળાવો ઉપર જે નાનાં-મોટાં હજારો સ્થાનકો હતાં, તોં બુદ્ધનું એક સ્થાનક જોવાં મળ્યું હતું. શક્ય છે કે એ વિપુલ સંપુટની અંદર બીજાં પણ કેટલાંક હોય.

બૌધ્ધ ધર્મનો પ્રારંભ ભારતમાંથી થયો, પણ રાજકુમાર સિદ્ધાર્થનો જન્મ ઈ. પૂ. ૬૨૩માં જ્યાં થયો તે લુમ્બિનિ ઉદ્યાન નેપાલની સરહદમાં આવેલો છે. ત્યાં એક અશોક-સ્તંભ છે, ને માયાદેવીનું સ્થાનક છે. એની એક દીવાલ પર બુદ્ધ-જન્મનું દૃશ્ય કોતરેલું છે. એમાં નવજાત શિશુ બુદ્ધને કમળાસન પર ઊભા રહેલા દર્શાવાયા છે. સંશોધકોનું માનપં છે કે ઈ.પૂ. ૩જી સદીમાં સમ્રાટ અશોકે બંધાવેલા એક સ્તૂપના અવશેષો પર પાછળથી બૌદ્ધ-ધર્મી ભક્તોએ માયાદેવીનું નાનું મંદિર બાંધેલું. આજે પણ લુમ્બિનિ ઉદ્યાન સર્વ-ધર્મીઓ માટે એક યાત્રાનું સ્થાન બનીને રહેલું છે.

છતાં, કાઠમંડુની નજીકના વિસ્તારોમાં જે કેટલાક બૃહદ્ પરિમાણ સ્તૂપ-સ્થાપત્યો છે તે બધાં જીવંત ધર્મ-કેન્દ્રો છે, અને પ્રત્યેક દિવસે દૂરદૂરથી - છેક તિબેટના અમુક વિસ્તારોમાંથી પણ - હજારો લોકો પરમ શ્રદ્ધા સાથે ત્યાં પૂજા, પ્રાર્થના, પ્રદક્ષિણા કરવા આવ્યાં કરે છે. કાઠમંડુથી સાતેક કલાકને રસ્તે નામબુદ્ધ સ્તૂપ છે. ધ્યાન ને ચિંતન માટે ટેકરી પરનું એ સુશાંત સ્થળ ઘણું યોગ્ય છે. શ્રાવણ અને કાર્તિકની પૂર્ણિમાએ ત્યાં હજારો શ્રદ્ધાળુઓ ઊમટે છે. તો નજીકના પાટણ ગામની બહાર ઊભેલા મહાબૌદ્ધ સ્તૂપની ખ્યાતિ એની ઈંટોમાં કોતરાયેલા કુલ નવ હજાર જેટલાં બુદ્ધ-સ્વરૂપોને આભારી છે. ચૌદમી સદીમાં એ સ્તૂપ બંધાયેલો. ૧૯૩૫ના કપરા ધરતીકંપમાં એ ધરાશાયી થઈ ગયો, પણ પ્રજાજનો અને સરકારના પ્રયત્નોથી બરાબર મૂળ આકાર-પરિમાણે ફરીથી એનું બાંધકામ કરવામાં આવ્યું. નિઃશંક રીતે જ, મંદિર-સ્થાપત્યની કળા નેપાલમાં સદા સજીવ છે.

શહેરની બે દિશામાં બે કે ત્રણ કિ.મી. દૂર બે અત્યંત વિસ્મયકારી, આદરણીય અને સુંદર સ્તૂપ છે, જે નેપાલના બૌદ્ધ ધર્મનાં મહત્તમ દેવ-સ્થાનો છે. સ્તૂપ-સ્થાપત્યની દૃષ્ટિએ બંને વિશિષ્ટ રીતે 'નેપાલી' છે, ને તેથી એને 'અદ્વિતીય' શૈલી કહી શકાય. બૌદ્ધ ધર્મી હોઈએ કે નહીં, પણ આ સ્તૂપોના દર્શને જતાં મનમાં ઊંડે સુધી સંતોષનો ભાવ છવાય છે, અને એ ગમન આનંદ-યાત્રા બની રહે છે.



સ્વયંભૂનાથ

સ્વયંભૂનાથ સ્તૂપ લગભગ એંશી મીટર ઊંચી ટેકરી પર આવેલો છે. એને માટેની પુરાણ-કથા પ્રમાણે એ પ્રદેશ એક સમયે મોટું સરોવર હતો, ને ત્યારે સ્વયંભૂ દેવના પાંચ રંગના કિરણ પ્રસરાવતું એક દૈવી કમળ તે સ્થાને ખીલ્યું હતું. પછીથી ત્યાં મેદાનો અને ટેકરીઓ આવતાં આ સ્તૂપની રચના થઈ. એની વય બે હજારથી વધારે વર્ષની ગણાય છે. ફક્ત નેપાલમાં જ નહીં, પણ દુનિયાભરમાં સૌથી ગૌરવાન્વિત બૌદ્ધ ચૈત્ય ગણાય છે. એ ટેકરી પર મુખ્ય સ્તૂપની આસપાસ અનેક નાનાં ચૈત્ય અને સ્થાનક બનેલાં છે, તથા ભિખ્ખુઓને - વિદ્યાર્થી કિશોરો તેમજ પરિપકવ - રહેવા માટેના કેટલાક વિહારો છે.

નેપાલના બૌદ્ધ સ્તૂપનો મુખ્ય ભાગ એક વિશાળ ઘુમ્મટ જેવો હોય છે. ઈંટ અને માટીથી બનેલા ને સફેદ રંગેલા એ પોણા જેવા ગોળાકારને 'ગર્ભ' કહે છે - જે સર્વ સર્જનનું કેન્દ્ર-બિન્દુ હોય છે તે. એના પર એક ચોરસ આકાર હોય છે. એની ચારેય બાજુઓ ઉપર અતિ સુંદર, અર્ધ-નિમિલિત નેત્ર-દ્વય આલેખાયેલાં હોય છે. બુદ્ધની ચોદિકે પ્રસરતી કૃપા-દૃષ્ટિ, કરુણા-દૃષ્ટિ, રક્ષા-દૃષ્ટિનું એ અપરિહાર્ય પ્રતીક છે.

પહેલી વાર તો ધોધમાર વરસાદને કારણે તળેટીમાંથી પાછી વળી હતી. બીજા પ્રયત્ન વખતે મેં કાઠમંડુથી ટૅક્સી કરી લીધી. ટેકરી પર ચઢતાં શહેર નીચે પથરાયેલાં દેખાવાં માંડે. ધૂળિયાં, ઋતુ-વૃદ્ધ છાપરાંથી ઊંચી પ્રાચીન ઈમારોતો અને ઘડિયાળ-મિનાર જુદાં તરી આવે. કાઠમંડુના સમુચ્ચ ખીણ-પ્રદેશને ચોતરફથી વીંટળાઈને રહેલા અત્યુચ્ચ ગિરિવરોની મેખલાને કારણે વિખેરાઈ ના જઈ શકતી દૂષિત હવાનો મેલા રંગવાળો જથ્થો શહેર પર અનિચ્છનીય વાદળની જેમ લટકી રહેલો જોઈને જીવ બળે. પ્રદૂષણ આધુનિક જીવનનો શાપ છે. એ ધુંધળાશ ઊંચેરાં શૃંગો પરનો બરફ ઢાંકી દઈ નહોતી શકતી.

સ્તૂપની નિકટના વાતાવરણથી મન પ્રસન્ન થઈ ગયા વગર રહેતું નથી. લાલ, પીળો, ઘેરો ભૂરો અને ઘેરો લીલો એમ ચાર રંગની અસંખ્ય પતાકાઓનાં તોરણ સ્તૂપની ટોચથી ચારે

તરફ ઝૂલતાં બાંધવામાં આવ્યાં છે. એ ટોચે લાંબુ, પાતળું થતું જતું, ઊંચું સોનેરી શિખર છે, જેને ચુડામણિ કહે છે. એનીયે ઉપર પાછું એક સોનેરી રાજ-છત્ર સજ્જ કરાયેલું છે. આસપાસના આંગણમાં કેટલાંય સ્થાનક ને પુણ્ય-સ્તંભ. એક બળિયા-બાપા - નેપાલમાં હારાતી દેવ - નું સ્થાનક પણ ખરું. એ હિન્દુ ધર્મ સાથેના સમન્વયની સાબિતી આપે. ઉપરાંત, બુદ્ધ, તારા, બોધિસત્ત્વો વગેરેનાં અનેક અસાધારણ શિલ્પો, જે મારે માટે અમૂલ્ય કળાકૃતિ હતી પણ બુદ્ધ-ધર્મીઓ માટે એ પરમ પૂજનીય પ્રતિમાઓ હતી. કાળા ગ્રેનાઈટની બનેલી ઘણી મૂર્તિઓ પર કંકુ લગાવેલું હતું.

તપતા સૂરજની નીચે ખુલ્લામાં એક તરફ બેસીને કેટલાક ઉંમરલાયક ભિખ્ખુ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા. અતૂટ પૂજાનો એ પ્રકાર હતો. અમુક કલાકોથી માંડીને સાત દિવસ સુધી અસ્ખલિત મંત્ર-ઘોષ કરવાનો રિવાજ નેપાલના બૌદ્ધ ધર્મમાં પ્રચલિત છે. સ્વયંભૂનાથના પરિસરમાં એ મંદ્ર ધ્વનિ બિન-અનુભવી કાનો માટે પણ તોષક બનતો હતો.

પાછાં જતાં હું ચાલીને ઊતરી. મને થયું કે એ ઊભાં પગથિયાંની હારમાળા ચઢવી કઠિન પડી હોત. તળેટીમાં પહોંચીને આશરે જ સાંકડા રસ્તાઓ પર શહેરની દિશામાં ચાલી. કોઈ ખાલી ટૅક્સી મળી નહીં. એક આંગણામાં એક યુવક ઉત્તપમ જેવું કશુંક બનાવતો હતો. નેપામાં એને 'બારા' કહે છે, એમ એણે જણાવ્યું. હું તો તરત ચાખવા લલચાઈ ગઈ. એ સરસ હતું, પણ સાથેના રસાવાળા બટાકામાં સ્વાદ નહોતો. બાજુમાં એક માણસ બારા ખાયે જતો હતો, ને સાથેના એના મિત્ર ખાધા વગર બેસી રહેલા. મેં કશું પૂછ્યું - કે વિચાર્યું - નહોતું, પણ મને સમજાવવામાં આવ્યું કે એ ભાઈ બ્રાહ્મણ હતા, તેથી એ ત્યાં ખાઈ ના શકે. વળી, એમને ખાવાની ઈચ્છા પણ નહોતી.

બીજા એક દરવાજે 'શુભ-વિવાહ' લખેલી લાલ સંજ્ઞા જોઈને અંદર જઈ ચૉકમાં મેં ડોકિયું કર્યું. પણ લગ્ન પૂરાં થઈ ગયેલાં. એ રક્તકાલિ કહેવાતો લત્તો હતો, ને બજાર શરૂ થયાં. કેટલે દૂર હતું કાઠમંડુ ? મને કશો ખયાલ નહોતો. મોટર-સાઈકલ પર ચઢવા જતા એક યુવકને મેં પૂછ્યું તો એણે હાથ લાંબો કરી કહ્યું, 'આ રહ્યું !' ને ખરેખર બીજી બે જ મિનિટમાં દરબાર ચૉક આવી ગયો !

હજી એક વાર, કેટલાંક વર્ષો પછી, સ્વયંભૂનાથના સાન્નિધ્યમાં જવા ગઈ ત્યારે ઓગણીસ નંબરની બસ લીધી. એ સરસ ખાલી પણ હતી. પણ જાણે નેપાલી જાહેર-જીવન મારા પર વેર લેતું હતું. બસ ચાલી એથી વધારે અટકી. મને થયું, 'પ્રવાસીઓ નવરા તે આવી બસો લીધા કરે. બગાડવા માટે સમય બીજા કોની પાસે હોય ? પણ બસો ભરાયેલી પણ હોય જ. ક્યાં ઊતરવાનું તેની ખબર નહીં, ને ચૂકી જ ગઈ હોત, જો


અવિરત પૂજા કરતા કિશોર ભિખ્ખુઓ

મેં નજર ત્રણ ભિખ્ખુઓ પર ના રાખી હોત ! એ ઊતરવા માટે ઊભા થયા એટલે મેં ડ્રાઈવરને પૂછીને ખાતરી કરી લીધી.

પછી હું ચાલવા માંડી. આ વખતે હું ચૈત્ય સુધી ચાલીને, પગથિયાં ચઢીને જવાની હતી. નેપાલીઓ એને 'વાનર-મંદિર' તરીકે વધારે જાણતાં લાગે છે. કારણ એ કે ઉપર વાનરો કૂદાકૂદ કરતા રહેતા હોય છે. પણ સ્વયંભૂનાથ નામ કેટલું વધારે સારું લાગે છે ! વાદળિયું હતું તે સારું હતું, પણ હવા જરાય નહોતી. ચાલવાનું લાંબુ હતું ને ચઢવાનું ઘણુ હતું. પાછા બપોરના બે વાગેલા, તો પછી ગરમી ને પરસેવાથી ક્યાંથી બચાય ? પગથિયાં પૂરાં થાય ત્યાં ધાતુનું ખૂબ મોટું પણ પોલું બૌદ્ધ ધર્મીય 'વજ્ર' બનાવી મૂકેલું.

પરંતુ વચ્ચે વચ્ચે નાની હાટડીઓ લાગી ગયેલી હતી. મ્હોરાં, ડબ્બીઓ, સસ્તાં ઘરેણાં, કોતરણીકામ જેવી ચીજો વેચાતી હતી. ઉપર પહોંચ્યા પછી ચૈત્યના આંગણામાં ફરતાં હું નિરાશ થઈ ગઈ. એટલાં વર્ષોમાં બેકાળજીની અસર સ્પષ્ટ જણાતી હતી. પાછળ તરફ તો બદબૂ આવતી હતી. બીજા ફેરિયાઓ પણ હતા, ને પૂજ્ય સ્થાનને બદલે પ્રવાસીઓ માટેનું, વિક્રય કરવાનું સ્થાન બની ગયું હતું.

એકાદ કલાક ત્યાં ગાળ્યા પછી ફરીથી એ જ રસ્તે હું નીચે ઊતરી ગઈ. એક છાપરી નીચે નેપાલી 'થુપ્કા'-નુડલ્સ- ખાવા બેઠી. સ્વાદમાં સરસ હતા. એક યુવક મને પૂછવા લાગ્યો, 'તમારે કોઈ મિત્ર-સાથી નથી ?' મારી નજીક બેસીને જ્યારે ત્રીજી વાર એણે એનો એ પ્રશ્ન પૂછ્યો ત્યારે 'તમારે એની શું પંચાત છે ?' કહી એને ચૂપ કરવો પડ્યો. કાઠમંડુમાં હું ક્યાં ઊતરી હતી, તે પણ એણે પૂછેલું. હું લઢી પછી એ બહાર જઈને બેઠો.

આવી કચકચ કરનારું, કે હેરાન કરનારું નેપાલમાં ભાગ્યે જ બીજું મળ્યું હતું. અન્યત્ર પણ જાતને બચાવીને ભાગી છૂટવું પડે એવા સંજોગો-ભાગ્યવત્, સ્વયંભૂનાથની કૃપા, કરુણા ને રક્ષાદૃષ્ટિને કારણે - ક્યારેય ઊભા નથી થયાં, પણ એકલાં હોવાને લીધે પ્રશ્નોનાં તીર તો ખમવા પડે જ. ખરેખર તો, નિઃસંગે હોવું એટલે મનના આનંદની આડે કોઈનું ન આવવું. (ક્રમશઃ)

ફિલ્માકાશ-૧૬

ધ ન્યૂ થીએટર્સ : પાર્શ્વગાયનની શરૂઆત અને નવા સંગીતયુગનું છડીદાર ગીત

——— રજનીકુમાર પંડ્યા ———

કોઈ ચિંતકે કહ્યું છે કે ઇતિહાસ કદી નિર્ભેળ નથી હોતો. એમાં થોડીઘણી ભેળસેળ ખાસ કરીને કાળના સતત ધસમસતા પ્રવાહને કારણે થઈ જતી હોય છે. હમણાં જ વિનય કટિયારે કહ્યું કે કાશ્મીરમાં હઝરત મોહમ્મદ પયગંબરનો જ હઝરતબાલ (દાઢીનો વાળ) કહેવાય છે તે અમુક હિંદુ સંતની દાઢીનો વાળ છે; જે સંજોગોવશાત્ મક્કામાં જઈને વસ્યા હતા. તેમની પાસે એનો પુરાવો ન જ હોય, પણ તેઓએ તો એમ પણ કહ્યું કે તે પયગંબર સાહેબનો છે એવો પુરાવો પણ ક્યાં છે ?

જો કે એ તો બહુ દૂરનો ઈતિહાસ થયો; પણ બહુ નજીકના ઈતિહાસમાં પણ અમુક વિધાન વિશે મતમતાંતરો હોઈ શકે. ન્યૂ થીએટર્સની ૧૯૩૫માં રજૂ થયેલી નીતિન બોઝ દિગ્દર્શિત ફિલ્મ 'ધૂપછાંવ'નું નામ લેતાંની સાથે જ એ ફિલ્મમાં પ્રથમ વાર પ્લેબૅક સિંગિંગ-પાર્શ્વગાયનની-પદ્ધતિનો ઉપયોગ થયો તેમ કહેવામાં આવે છે. 'ધૂપછાંવ'નું બંગાળી વર્ઝન 'ભાગ્યચક્ર'ના નામે હતું. અને તે પણ ૧૯૩૫ની ત્રીજી ઑક્ટોબરે કલકત્તાના ચિત્રા સિનેમામાં રજૂ થયું હતું. મૂળ તો આ ફિલ્મના સંગીત નિર્દેશક રાયચંદ બોરાલે અને ગાયક-સહાયક પંકજ મલ્લિકે આ પદ્ધતિનો આકસ્મિક જ આવિષ્કાર કર્યો હતો અને તેનો ઉપયોગ હિંદી 'ધૂપછાંવ'માં પણ કરવામાં આવ્યો. આવું એક મંતવ્ય છે.

પણ આ મંતવ્ય ક્યાંય પણ વ્યક્ત થતાંની સાથે જ એની સામે થોડો વિરોધનો સૂર ઊઠે છે. અનિલ બિશ્વાસના ચાહકો કહે છે કે 'ના, ના એવું નથી.' પણ હકીકત એ છે કે ફિલ્મ 'મહાગીત'માં અનિલ દાએ પોતે ગીત ગાઈને બીજા પાત્રને પ્લેબૅક આપેલું - તે પાત્ર ભજવતા હતા હિરેન બોઝ. ફિલ્મમાં એમનું નામ હતું રણજિત. અનિલ દાનાં બે ગીતો એ ફિલ્મમાં હતાં. એક 'તુમ્હારી મુરતિયાં મોહે દીવાના બનાયે' અને બીજું 'જીવન હૈ એક કહાની'. આ ગીત સ્મશાનભૂમિના બૅકગ્રાઉન્ડમાં મુકાયેલું.

આમ માનનારાઓની વાત ખોટી નથી, માત્ર એટલો જ સુધારો એમાં જરૂરી છે કે 'મહાગીત' ફિલ્મ સાગર ફિલ્મ કંપનીની હતી, જે ૧૯૩૧માં રજૂ થયેલી. જ્યારે 'ધૂપછાંવ' ૧૯૩૫માં. ગયા પ્રકરણમાં આપણે જોયું તેમ સાગર ફિલ્મ્સવાળા ચિમનલાલ દેસાઈ રીતસર ન્યૂ થીએટર્સની સ્પર્ધા કરવાના તોરમાં એની નકલ ઉપર ઊતરી ગયા હતા. 'બાલમ આયે બસો મોરે મનમેં'-ની ધૂનની ઉઠાંતરી કરી તેમણે તે જ ધૂન પર સુરેન્દ્ર પાસે 'બિરહાકી આગ લગી નૈનનમેં' ગવડાવ્યું હતું. અલબત્ત, વિવાદ ટાળવા કદાચ કોઈ એમ દાવો કરે કે ભલે બંગાળની ધરતી પર પ્લેબૅકનો પ્રયોગ પહેલવહેલાં ૧૯૩૫માં 'ધૂપછાંવ' અને 'ભાગ્યચક્ર' (બંગાળી)માં થયો હતો. પણ મુંબઈના ફિલ્મ ઉદ્યોગમાં તો એનું શ્રેય અનિલ બિશ્વાસને ફિલ્મ 'મહાગીત' માટે જાય છે.

તો આની સામે પણ બીજો એક દાવો ઊભો છે. એ દાવો કરનારા એમ પણ કહે છે કે, મુંબઈની ધરતી પર પણ ૧૯૩૫ની જ બૉમ્બે ટોકિઝની ફિલ્મ 'જવાની કી હવા'માં આ પ્રયોગ સરસ્વતીદેવીએ કર્યો હતો. વળી, એક વાત એવી છે કે, એ જ સાલ (૧૯૩૫)માં મુંબઈમાં અનિલ બિશ્વાસે સંગીતકાર તરીકેની તેમની પહેલી જ ફિલ્મ 'ધર્મ કી દેવી'માં અભિનેતા કુમારને માટે પ્લેબૅક આપ્યું હતું. તેના સમર્થનમાં સરદાર હરમંદિર સિંગ હમરાઝનો હિંદી ફિલ્મગીતકોશ ટાંકવામાં આવે છે, જે ખરેખર એક અધિકૃત ગ્રંથમાળા ગણાય છે. તેમાં જણાવ્યાં મુજબ ફિલ્મ 'ધર્મ કી દેવી'માં અનિલ બિશ્વાસે કોઈ રોલ કર્યો નહોતો, પણ તેમણે ગાયેલાં ત્રણ ગીતો તો છે જ. 'કુછ ભી નહીં ભરોસા, દુનિયા હે આની જાની', બીજું 'દર્દને દિલમેં ચમક કર...' અને ત્રીજું 'કર હાલપે અપને રહમ'. આ ફિલ્મના દિગ્દર્શક હિરેન બોઝ હતા અને ફિલ્મ ઈસ્ટર્ન આર્ટ્સના બૅનર નીચે બની હતી. એમાં કુમાર અને બેગમ અખ્તર (જે પાછળથી નિર્માતા-દિગ્દર્શક મહેબુબનાં પત્ની બન્યાં)ની ભૂમિકાઓ હતી. આ ફિલ્મમાં તેમણે કુમાર માટે ગાયું હતું કે તે વખતની અતિશય પ્રચલિત પરંપરા મુજબ પશ્ચાદ્‌ભૂમાં ગીતો વાગતાં હતાં, તે વિષે જાણકારો કહે છે (મતલબ કે ફિલ્મ જોનારાં) તેમ બે ગીતો ફિલ્મમાંથી કાઢી નાખવામાં આવ્યાં હતાં અને માત્ર એક ગીત 'કુછ ભી નહીં ભરોસા' ફિલ્મમાં હતું ખરું, પણ તે ટુકડે ટુકડે અને બૅકગ્રાઉન્ડમાં વાગતું ગીત હતું. મતલબ કે તે પ્લેબૅક નહોતું. અનિલ બિશ્વાસ હયાત છે અને આ લખનાર સાથે સારો એવો ઘરોબો ધરાવે છે, પણ તેમણે કદી આ વિરોધી વાતનો વિરોધ નથી કર્યો કે તેને સમર્થન પણ નથી આપ્યું. પરિણામે તે વિશે અનિશ્ચિતતા જ રહી છે. આમ, પ્લેબૅક સિંગિંગની મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓના આ દાવાઓની ચકાસણી માટે આપણી પાસે કોઈ સાધન નથી. 'જવાની કી હવા'ની પ્રિન્ટ મળતી નથી, કે નથી મળતી 'ધર્મ કી દેવી'ની. ને મળતી હોય તો પણ બંગાળની 'ધૂપછાંવ' અને બૉમ્બેની એ બંને

૧૯૩૫ની સાલની જ ફિલ્મો હોઈને કઈ પહેલાં ને કઈ પછી તે નક્કી કરવું શક્ય નથી.

માત્ર એ લોકોના દાવાની વિગતો આપણે સાંભળી લેવી જોઈએ અને તે એ કે આપણા સમગ્ર ફિલ્મઉદ્યોગમાં માત્ર જૂજ મહિલા સંગીતકારો થઈ ગયાં છે, એક આ સરસ્વતીદેવી, બીજાં ઉષા ખન્ના અને ત્રીજાં લતા મંગેશકર કે જેમણે 'આનંદ-ઘન'ના ઉપનામ હેઠળ પાંચ જેટલી મરાઠી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું. ચોથું નામ ગણીએ તો પાર્શ્વ ગાયિકા શારદા કે જેમણે નાના બજેટની દસ જેટલી હિન્દી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું. હજી એકાદ બે નામ યાદ કરીએ તો અમીરબાઈ કર્ણાટકીએ ૧૯૪૮ની ફિલ્મ 'શહનાઝ'નું સ્વર-નિયોજન કર્યું હતું. નરગીસનાં માતા જદ્દનબાઈએ પોતે બનાવેલી ફિલ્મ 'તલાશે હક'નુ સંગીત-નિર્દેશન પણ ૧૯૩૫માં જ કર્યું.

સરસ્વતીદેવી જન્મે પારસી હતાં. તેમનું અસલી નામ ખુરશીદ હોમજી હતું. (વિશેષ વિગતો પ્રકરણ ૯મામાં છે.) લખનઊની મોરિસ કૉલેજ ઑફ મ્યૂઝિકમાં પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડે જેવા દિગ્ગજ પાસે તાલીમ પામેલાં આ મહિલા સંગીતજ્ઞ જ્યારે ૧૯૩૩માં એક સંગીત સમારંભમાં મુંબઈ આવ્યાં હતાં ત્યારે તેમની મુલાકાત આકસ્મિકપણે જ બૉમ્બે ટોકીઝના કર્તાહર્તા એવા હિમાંશુ રાય સાથે થઈ. એમણે આ બાનુની પ્રતિભાથી પ્રભાવિત થઈને એમને સંગીત દિગ્દર્શિકા તરીકે બૉમ્બે ટોકીઝમાં જોડાવાનું નિમંત્રણ આપ્યું. તેમની થોડી આનાકાની પછી સ્વીકાર્યું અને શરૂઆત દેવિકારાણીને સંગીત શીખવવાથી કરી. ખુરશીદ નામ ફિલ્મો માટે યોગ્ય નહીં લાગતાં સરસ્વતીદેવી નામ ધારણ કર્યું. (કારણે કે તેઓ વીણાવાદનમાં પારંગત હતાં ને સરસ્વતીદેવી વિણાધારિણી કહેવાય છે.) તેમની બહેન માણેકે પણ ચંદ્રપ્રભા નામ ધારણ કર્યું અને ફિલ્મમાં હિરો નજમૂલ હસન સાથે ગીતો પણ ગાયાં. પણ એક ગીતના ચિત્રીકરણ વેળા તેમને શરદી થઈ આવી જેથી તેઓ ગાઈ શકે તેમ નહોતાં ત્યારે સરસ્વતીદેવીએ માઈક સંભાળ્યું અને ગીત ગાવાનું શરૂ કર્યું. માણેક ઉર્ફે ચંદ્રપ્રભાએ તો માત્ર હોઠ જ ફફડાવવાના આવ્યા. આમ, અનાયાસ જ બૉમ્બે ટોકીઝની પ્રથમ ફિલ્મ 'જવાની કી હવા'થી જ પ્લેબૅક સિસ્ટમનાં મંડાણ થયાં. પાછળથી એ નુસખો અજમાવવા જેવો લાગતાં ૧૯૩૬માં બૉમ્બે ટોકીઝની ફિલ્મ 'મમતા'માં એમણે દેવિકારાણીને પોતાનો સ્વર એક ગીત 'જાનું કાહે કી ઘાત સખી' ગીતમાં આપ્યો. એક બીજી રીતે પણ બૉમ્બે ટોકીઝે નવતર પ્રયોગ કર્યો હતો. આ ફિલ્મ સાથે 'મીયાં-બીવી' ફિલ્મ જોડી દઈને એને 'મમતા ઍન્ડ મીયાંબીવી' નામે રજૂ કરી અને પહેલી (અને છેલ્લી વાર) એક ટિકિટમાં

ભારતીય ફિલ્મ ઉદ્યોગના
સર્વપ્રથમ પાર્શ્વગાયક
કલાકારો
પ્લેબેક સિસ્ટમના
યશોભાગીઓ


ઉમા શશી


સુપ્રભા સરકાર


પારુલ ઘોષ


પંકજ મલ્લિક


નિતીન બોઝ

એક બેઠક પર પરસ્પર સંબંધિત ન હોય તેવી બે ફિલ્મોને દર્શાવવાનો કીમિયો કર્યો પણ દર્શકો પહેલી ફિલ્મ જોઈને ચાલ્યા જાય છે. આ માત્ર બીજી ફિલ્મ જોવા જ આવે છે એવું અનુભવે સમજાતાં આ ગતકડાંનું પુનરાવર્તન કરવાની હિંમત ના કરી. આમેય પ્લેબૅક સિસ્ટમના આવિષ્કારનો યશ અનિલ બિશ્વાસ કરતાં વધુ તો સરસ્વતીદેવીનો અને બૉમ્બે ટોકીઝનો ગણાય. પણ એથી કરીને ન્યૂ થીએટર્સ દ્વારા રજૂ થતા દાવાને જરા પણ અવગણી શકાય તેમ નથી; કારણ કે તેમનો એ પ્રયોગ સરસ્વતીદેવીના પ્રયોગની માફક અજાણતાં થયેલો નહીં પણ આયોજન-પ્રયોજનપૂર્વક થયેલો હતો. પછી એની શોધ ભલે ફિલ્મ સ્ટૂડિઓની બહાર સાવ અણધારી રીતે થઈ હોય.

નવાઈ લાગે એવી વાત તો એ છે કે ન્યૂ થીએટર્સે ૧૯૩૫માં પ્લેબૅક સિસ્ટમની શોધ (વિશ્વભરમાં પહેલી જ વાર) કરી એને સત્ય તરીકે સ્વીકારીએ તો પણ એ સત્યના બે અલગ અલગ 'વર્ઝન' છે : પહેલું વધુ વાર્તાત્મક વર્ઝન પંકજ મલ્લિકના સંગીતભવન ટ્રસ્ટે બહાર પાડેલા પુસ્તક 'ગુજર ગયા વો જમાના'માં ખુદ પંકજ મલ્લિકે આલેખ્યું છે - એ મુજબ નીતિન બોઝ અને એમનાં ઘરો પાસે પાસે હતાં. નીતિન દા રોજ સ્ટૂડિઓ જવા માટે કાર લઈને નીકળતા અને પંકજ દાને ઘેરથી સાથે લઈ લેતા. તેઓ એક દિવસ જરા ઉતાવળને કારણે ઘેરથી વહેલા નીકળ્યા ત્યારે પંકજ દા તો પોતાના ઘરના ઉપલા ખંડમાં હજુ તૈયારીમાં મગ્ન હતા. બાજુના કોઈ ઘરમાં ગ્રામોફોન ઉપર 'પૅગન' નામની અંગ્રેજી ફિલ્મનું પ્રસિદ્ધ ગાયક રેમન નોવેરોએ ગાયેલું અંગ્રેજી પ્રેમગીત વાગતું હતું. (આવા વાજામાં વળી વૉલ્યૂમ ઓછું કરવાની વ્યવસ્થા ક્યાં હતી ?) અને પંકજ બાબુ તેની સાથોસાથ સૂરમાં સૂર મેળવીને ગાતા ગાતા તૈયાર થતા હતા. અચાનક નીચેથી નીતિનદા (જેમને પંકજદા પુતુલદા

કહેતા)ની બૂમ સંભળાઈ : 'પંકજ, ઓ પંકજ'; પણ પંકજદા તો પોતાના રેકોર્ડ સાથેના ગીતગુંજનમાં તન્મય હતા. તેમણે ન સાંભળ્યું એટલે તેમના પિતાજી આવીને એમને ટપારી ગયા કે નીચે પુતુલદાએ તને બૂમ પાડી, ને તું સાંભળતો નથી ?

પંકજદા હાંફળાફાંફળા નીચે આવ્યા તો પુતુલદા બહુ ગંભીર મુદ્રામાં હતા. કદાચ તેમને માઠું લાગ્યું હતું. પંકજ દા ઓઝપાઈને કંઈ બોલ્યા વગર નીચી નજર કરીને આગળ ચાલ્યા અને ગાડીમાં બેઠા. પાછળ જ બેઠા કારણ કે આગળ નીતિનદાની જોડાજોડ એમના ભાઈ સાઉન્ડ રેકોર્ડિસ્ટ મુકુલ બોઝ બેઠા હતા, બલકે એ જ ગાડી ચલાવતા હતા.

ગાડી આગળ ચાલી અને એક ટ્રાફિક પૉઈન્ટ પાસે ઊભી રહી. નીતિનદા ટપ દઈને નીચે ઊતર્યા અને નજીકની દુકાનમાંથી સામયિકોનો થોકડો લઈ આવ્યા. હજુ પણ તેઓ કશું બોલતા નહોતા. મોંમાંથી સિગારેટના ધુમાડા કાઢતા વિચારમગ્ન અવસ્થામાં બસ વિચારે ચડી ગયા હતા. પંકજદાના મનમાં એક તરફ તેમની નારાજગીને કારણે દુઃખ પણ થતું હતું ને બીજી તરફ પેલું અંગ્રેજી ગીત ગુંજતું હતું, જેના શબ્દો હતા : 'કમ વિથ મી, વ્હેન મૂન બીમ્સ, લાઈક તાહિતીઅન સ્કાઈઝ.'

સ્ટૂડિઓ આવ્યો કે તરત જ નીતિનદા ઊતરીને પોતાની ઑફિસ ભણી ડગલાં ભરતા, કશું પણ બોલ્યા વિના અલોપ થઈ ગયા. પંકજદાની ચિંતા ઑર વધી ગઈ.

પણ થોડી જ વારમાં નીતિનદાનો બુલાવો આવ્યો. પંકજદા તો જવા તલપાપડ હતા જ, કારણ કે માફી માગીને એમને મૂડમાં લાવવાના હતા પણ જેવા તેઓ તેમની પાસે ગયા કે તરત જ તેમને કશું પણ બોલવાની તક આપ્યા વગર નીતિનદાએ આદેશ કર્યો : 'ચાલ, આ પેલી રેકોર્ડ હું મેગેઝીન્સ સાથે લાવ્યો છું તે વાજા પર મૂકું છું. ચાલ જોઉં, તું તેની સાથે તારે ઘેર ગાતો હતો તેમ છુટ્ટે ગળે ગાવા માંડ જોઉં !'

પંકજદાને તેમની આ ઘેલછા સમજાતી નહોતી. પણ વશ થયા વગર છૂટકો નહોતો. તેણે રેકોર્ડની સાથે ગાવા માંડ્યું. ને જેવી રેકોર્ડ પૂરી થઈ કે તેઓ પણ અટક્યા. અને એ પછી જ નીતિનદાનું અસલી ગાંડપણ શરૂ થયું. તેઓ પંકજદાને વળગીને નાચવા જ માંડ્યા. સ્થળ, કાળ, વાતાવરણ બધું ભૂલીને બોલવા માંડ્યા : મળી ગયો, પંકજ મળી ગયો. આટલા દિવસના મનોમંથન પછી એક મોટી સમસ્યાનો ઉકેલ મળી ગયો. તને કઈ રીતે અભિનંદન આપું ભાઈ ? આજે સવારે મેં કોનું મોઢું જોયું હશે ? ક્યા શુભ ચોઘડીએ તું તારા ઘરમાં રેકોર્ડની સાથોસાથ ગાતો હતો ! અરે કેવી વિરાટ કલ્પના તેં મારા દિમાગમાં પ્રગટાવી આપી, ભાઈ !'

પંકજદાના મનમાં ગડ બેઠી. પંકજદા પોતાના ઘરમાં રેકોર્ડ સાથે ગાતા હશે ત્યારે નીતિનદાને ઘડીભર એમ લાગ્યું હશે કે રેકોર્ડ નહીં પંકજ જ ગાય છે, પણ પછી એ જ ક્ષણે વિચાર આવ્યો હશે કે આવી રીતે એકનો કંઠ બીજાના કંઠમાં કેમ ના રોપી શકાય ? ફરી પ્રયોગ કરી જોવાનું મન થયું હશે ને તરત જ બજારમાંથી આ રેકોર્ડ ખરીદીને નજર સામે જ પ્રયોગ કરી જોયો અને સફળતાનો પાકો અણસાર જોઈને ભાવવિભોર થઈ ગયા.

પંકજદાના પોતાના શબ્દો : '... પરિણામે ભારતીય સિનેમાની એક ઐતિહાસિક યુગપ્રવર્તક ઘટનાનો હું પ્રત્યક્ષ સાક્ષી બન્યો. ના, હું ફક્ત સાક્ષી જ નહોતો- મારા અજાણતાં તે એ પ્રસંગનું મુખ્યપાત્ર બની ગયો. ભારતીય ફિલ્મકળામાં પ્લેબૅકની પ્રથા તે દિવસથી અમરત્વ પામી...' પંકજદા આમ છતાં આગળ નમ્રતાપૂર્વક લખે છે : 'જો આનો આવિષ્કર્તા હું નથી, પણ દિગ્દર્શક નીતિન બોઝ જ છે.'

આ આખો પ્રસંગ વાર્તાત્મક છે, રસિક છે. પંકજદા જેવો સાધુચરિત પુરુષ કોઈ જુઠ્ઠો જશ લેવા ન જ માગે. પણ આ સાથે જ આ હકીકતનું બીજું વર્ઝન પણ આપણે તપાસવું જોઈએ. તે એ છે કે 'ધૂપછાંવ' ઉર્ફે 'ભાગ્યચક્ર'ની વાર્તા નાટકીય ઘટનાઓથી ભરપૂર હતી. એમાં શામલાલ (વિશ્વનાથ ભાદુરી) પોતાના મોટા ભાઈ હીરાલાલ (વિક્રમ કપુર)ના પુત્ર દીપક (પહાડી સન્યાલનું) હીરાલાલની વસિયતમાંથી મોટો દલ્લો મેળવવા સારું અપહરણ કરે છે. અપહૃત દીપકને અંધ ગાયક સુરદાસ (કે.સી.ડે) ઉછેરે છે. એ મોટો થઈને રૂપકુમાર (ઉમાશશી)ના પ્રેમમાં પડે છે. આ તરફ હીરાલાલે એમની શોધ માટે રોકેલા જાસૂસો એમનો પીછો કરે છે. ભાગમભાગમાં અકસ્માત થાય છે અને દીપક સ્મૃતિ ખોઈ બેસે છે, અને જ્યારે સુરદાસને સ્ટેજ પર જુએ છે ત્યારે સ્મૃતિ પાછી આવે છે.

આવા ઝડપી અને નાટકીય બનાવોને નિરૂપવા માટે દૃશ્યો (શૉટ્સ) ઝડપથી, એક પછી એક પલટાવવાં જરૂરી હતાં. પણ એ જમાનામાં એ દૃશ્ય ગીતવાળું હોય તો એને વારંવાર આંચકા આપીને પલટાવવા કે તોડવું-મરોડવું શક્ય નહોતું. કારણ કે એ યુગમાં ફિલ્મના દૃશ્યાંકનની સાથોસાથ સમાંતરે જ કલાકારોની આગળ (કૅમેરામાં ના દેખાય તે રીતે) માઈક્રોફોન રાખીને ગીતોનું ધ્વન્યાંકન કરવામાં આવતું. આથી જો દૃશ્યને વારંવાર અટકાવીને, પલટાવવા માટે તોડવામાં આવે તો ગીતને પણ સાવ નાના નાના કટકાઓમાં ગાવું પડે. અને એ ઓરકેસ્ટ્રા કે ગીત કોઈને ધ્વન્યાંકિત કરવા જતાં અશક્ય થઈ પડે તેવું ગણાય.

આ સમસ્યા બહુ ગંભીર વિચારણા માગી લેતી હતી છતાં, તેનો ઉકેલ મળતો નહોતો. છેવટે નીતિનદાના દિમાગમાં ઝબકારો થયો. પહેલાં આખું ગીત, ફિલ્મીકરણ

કર્યા વગર એક બેઠકે ઓરકેસ્ટ્રા સહિત રેકોર્ડ કરી લેવામાં આવે અને પછી ફિલ્માંકન વેળા કલાકારોને માત્ર તે બજાવતી વેળા લીપમુવમેંટ (હોઠના બંધબેસતા હલનચલન) કરવાનું કહેવામાં આવે. આ મૌલિક અને નવતર વિચાર તેમણે નીતિનદાને કહ્યો કે તેમને એ જચી ગયો. પણ તકલીફ તો એ થઈ કે જ્યારે ન્યૂ થીએટર્સના સૂત્રધાર એવા શ્રી બી. એન. સરકાર પાસે વિરોધીઓએ (દરેક જગ્યાએ હોય જ ને !) આ વાત દાખલા-દલીલોનો 'વઘાર' કરીકરીને રજૂ કરી. એવી રજૂઆત થઈ કે આ તો એક જાતનું છળ થયું. એમાં રૂપિયા, પૈસા, સમય અને શક્તિનો ખો નીકળી જશે ને ચતુર-સુજાણ એવો બહોળો પ્રેક્ષકવર્ગ તરત જ સમજી જશે કે આ તો સ્થળ પર ગવાયેલું ગીત છે. સદ્‌ભાગ્યે સરકાર કાચા કાનના ના નીકળ્યા. તેઓ સમજી શક્યા કે બોઝ-બંધુઓની આ નવી શોધ કેટલી બધી 'વન્ડરફુલ' છે. તેમણે લીલી ઝંડી આપી દીધી અને ભારતીય ફિલ્મ ઈતિહાસમાં એક અનિવાર્ય અંગ બની રહેનારી પ્લેબૅક સિસ્ટમનો એ વર્ષે જ (૧૯૩૫માં) આ રીતે આવિર્ભાવ થયો. પાછળથી આ ટેક્નિકનો ઉપયોગ બંગાળી કલાકારોને મોંએ બીજા કલાકારોને મોંએ બોલાયેલા શુદ્ધ હિન્દી સંવાદોને ડબ કરવામાં થયો. આનો ઉત્તમ નમૂનો ૧૯૪૧ની ન્યૂ થીએટર્સની જ હિંદી ફિલ્મ 'ડૉક્ટર' હતી. ભાગ્યે જ કોઈ જાણતું હશે કે એમાં પંકજ મલ્લિક (નાયક)ના મોંએ જગદીશ સેઠીના સંવાદો ડબ કરવામાં આવ્યા હતા. આ રીતે ખુદ પંકજ મલ્લિકે જગદીશ સેઠીનું પ્લેબૅક લીધું કહેવાય, અલબત્ત સંવાદો માટે.

'ધૂપછાંવ' (હિંદી)માં જે ભારતીય ફિલ્મઉદ્યોગનું સર્વપ્રથમ ગીત પ્લેબૅક તરીકાથી ગવડાવવામાં આવ્યું તે મૂળ વાણીકુમાર-રચિત બંગાળી ગીત 'મોરા પુલક જાચી, તબુ સુખ ના માની, જદિ વ્યથાય દોલે તવ હૃદયખાની'નો પંડિત સુદર્શન, કે જેમના નાટક પરથી આ ફિલ્મ બની હતી, દ્વારા થયેલો સુંદર અનુવાદ હતો અને એને જ ભારતનું સર્વપ્રથમ હિંદી પ્લેબૅક ગીત બનવાનું શ્રેય મળ્યું. શબ્દો આ પ્રમાણે હતા :

મૈં ખુશ હોના ચાહું ખુશ હો ના સકું
જબતક હૈ તેરા ચહેરા ઉદાસ.
સરપે સંકટ પંડે, કભી રો ના સકું
જબ તક હૈ તેરી આંખોમેં આસ.
આનંદનગર કે બાસી, આનંદ લૂટાને આયે
દુનિયા કે દુખીયોં કા દુઃખ દર્દ મીટાને આયે.
મેરી આંખોમેં પ્રીત, મેરે હોઠો પે ગીત
મેરે મનમેં હૈ મીત, મેરે જોબન મેં જીત.
મુફ્ત લૂંટો સભી, દુઃખસે છૂટો સભી
આઓ આઓ હમારે પાસ.



'ધૂપછાંવ' ફિલ્મનું પોસ્ટર જેમાં રિંગમાં 'ભાગ્યચક્ર' શબ્દો આલેખાયેલા છે. તસ્વીરમાં વચ્ચે કે.સી.ડે છે.

પંકજ મલ્લિકના સંગીત નિર્દેશનમાં આ ગીત પારુલ ઘોષ (અનિલ બિશ્વાસનાં સગાં બહેન, બંસરી-વાદક પન્નાલાલ ઘોષનાં પત્ની), સુપ્રભા સરકાર અને ઉમાશશીના સમૂહ સ્વરોમાં હતું. અલબત્ત, સરદાર હરમંદિરસિંગ 'હમરાઝ'ના હિંદી ફિલ્મગીતકોશ મુજબ એમાં ઉમાશશીનો નહીં પણ હરિમતિનો સ્વર હતો.

અત્યારે એ ગીત રેકોર્ડ કે કેસેટમાં તો ઉપલબ્ધ નથી પણ મારી પાસે વીડિઓ કેસેટમાં અસલ ચિત્રાંકિત સ્વરૂપમાં છે. (સૌજન્ય શ્રી અરવિંદ પટેલ, માજી સાંસદ, સ્ટેશન પ્લોટ, ધોરાજી-૩૬૦૪૧૦) એ ગીત જોતાં-સાંભળતાં હિંદી ફિલ્મોનું એ સર્વપ્રથમ પાર્શ્વગીત હોવા બદલ રોમાંચિત તો થઈ જ જવાય છે. પરંતુ એક વ્યક્તિના તેમાં અભિનયને કારણે રમૂજ પણ ભારે માત્રામાં થાય છે. અહીં સન્યાલે તેમાં 'બૅડ સિંગર' (નિકૃષ્ટ ગાયક)ના સ્વરૂપમાં એક-બે લીટીઓ ગાઈ છે, એટલા માટે નહીં, કલકત્તાના રેડલાઈટ એરિયામાંથી ખરેખરી વેશ્યાઓને ઉપાડી લાવીને એમના ઉપર એનું ફિલ્મીકરણ કરવામાં આવ્યું છે એટલા માટે પણ નહીં, ખરેખરી રમૂજ (અને રોમાંચ પણ) થાય છે દુબળા, પાતળા, જાણે કે હમણાં જ કમર પરથી પેન્ટ સરી પડશે તેવા ચેનચાળા, કમર લચકાવી લચકાવીને કરતા ફારસિયા યુવાનને જોઈને, અને તે છે કેદાર શર્મા ! હા, કેદાર શર્માએ તેમાં એવી ભૂમિકા ભજવી છે.

ગમે તેમ પણ આ ગીત સામાન્ય હતું, માધુર્યનો પણ અભાવ હતો, તર્જ પણ પંકજ મલ્લિકને છાજે તેવી નહોતી છતાં એ એક નવા સંગીતયુગનું છડીદાર બન્યું. (ક્રમશઃ)

હું અને દરિયો

પ્રફુલ્લ રાવલ

તખ્તેશ્વરની ટેકરી ઉપરથી ગ્રીષ્મની આથમતી સાંજે દૂરબીન વડે દૂર દરિયામાં વહાણ જોયું, ત્યારે દરિયાને પ્રત્યક્ષ જોવાનું કૌમાર્યસહજ કુતૂહલ જન્મ્યું હતું. પછીના દિવસોમાં એ પણ પૂર્ણ થયું. થાકી જવાય એટલું ચાલીને પહોંચ્યા હતા દરિયાકાંઠે. ભાવનગરનો એ દરિયો હજુય ક્યારેક સ્મરણમાં સળવળે છે. જળરાશિના દર્શને આંખ વિસ્ફારિત થઈ ગઈ હતી. સામે હતું જળ જળ જળ. હિલ્લોળાતું જળ. વિસ્મય વીંટળાઈ વળ્યું હતું. નજર દોડીને થાકી ગઈ તોય સામેનો કાંઠો ન દેખાયો. પછી કિનારાની સુંવાળી રેતી અને વેરાયેલાં પડેલાં છીપલાંના સંગે કલાકો સુધી રમવાની મઝા માણી હતી અને ગજવામાં ભરી લીધાં હતાં છીપલાં, સાથે હતી થોડી કોડીઓ. વારંવાર મોજાં કિનારે દોડી આવતાં, જાણે મને આવકારતાં ન હોય ! ભીનાં થઈ જવાતું. પલળી જવાની એ ક્ષણો, બસ, હવે તો માત્ર સ્મૃતિશેષ બની ગઈ છે.

મોજાં ઊછળતાં ઊછળતાં કિનારે અફળાતાં અને વળી પાણીનો પ્રવાહ પાછા પગે દોડી જતો. રહી જતાં રૂ જેવાં ફીણ-શુભ્ર. જાણે નાના નાના ફુગ્ગા ! પકડી તો શેં શકાય ! પકડાય ન પકડાય અને પીગળીને થઈ જાય પાણી તરત પલકારમાં. ક્ષણવાર હથેળી પર રહે અને વળી થઈ જાય અદૃશ્ય. ઢળતી સાંજ લગી બસ જળનો જ સંગ રહ્યો. પાછું ફરવું ગમતું નહોતું. પણ અનુશાસને સહુ સાથે દરિયાથી દૂર થવું પડ્યું. ક્યાંય લગી પાછા પગે ચાલતો રહ્યો ! દૃષ્ટિથી દરિયો દૂર થતો ગયો અને કશુંક ગુમાવ્યાનો ભાવ અનુભવ્યો હતો. એવો જ ભાવ વર્ષો પછી ગાંધીધામ-કંડલાથી પાછા ફરતાં અનુભવ્યો હતો. ભગિની-વિચ્છેદની વ્યથા, ત્વરાથી ગતિશીલ રિક્ષા, સંધ્યાકાળના નીલા આકાશની છાયા તળે સામે ઊછળતો દરિયો. જાણે મારી જ ભાવનાનું ગાન ગાતો હતો ! એના ઉછળાટમાં અનુભવાતી હતી વેદના. સહોદરની જેમ સમભાગી બન્યો હતો. પણ એ તો પછીની કથા. ભાવનગરનો દરિયો જોઈને આવ્યાની રાતે થાકીને લોથ હું તરત જ સૂઈ ગયો હતો, પણ સ્વપ્નમાં સર્વત્ર દરિયો જ દેખાતો રહ્યો હતો. કેવો હતો એ દરિયો ? ઊછળતો ? તોફાની ? શાંત ? ઠાવકો ? સાલસ ? ના. માનુષી દરિયો જોયો'તો સ્વપ્નમાં. ઊંચો, સશક્ત, નીલવર્ણ, પરિધાન-અલંકારથી શોભતો. બે હાથ જોડીને ભાર્યાસહ વિનમ્ર ઊભો હતો ભગવાન રામ સમક્ષ. વિનીત વેશે. કોઈક જૂની, રામાયણમાં જોયેલાં ચિત્રની અસર તળે માનુષી દરિયો આખી રાત સ્વપ્નમાં જોયા કર્યો હતો. ક્યારેક ચમત્કાર થાય અને આંગળીઓ ગતિશીલ બની ચિત્ર બનાવતી થઈ જાય તો એ માનુષી દરિયાનું ચિત્ર અવશ્ય દોરું. પણ એ ક્યારે બને ? કળા ક્યાં મનની દાસી છે ?

એ દરિયો મનમાં વસી ગયો હતો. કિશોરાવસ્થાની એ નિર્મળ અનુભૂતિ આજે ક્યાંથી લાવું ! આજે તો દરિયો જોઉં છું અને મન તરંગિત બનીને વિહાર કરવા માંડે છે. મળ્યાનો આનંદ અને ન મળ્યાની ગાથા દરિયા સમક્ષ સ્વગત બોલતો રહું છું. આ જ દરિયાની સંગતિ. પછી ઊછળાટ ક્યાંથી શમે ! કદાચ દરિયાએ જ મને આટલો ભર્યો-ભર્યો રાખ્યો છે. મન ક્યારેય રંક નથી બન્યું. દરિયાકાંઠે વસતો નથી તો ય આજુબાજુ અનુભવું છું તો દરિયો જ. સઘળું સમાવીને ઊછળતાં રહેવું - પ્રસન્ન રહેવું એ જ તો દરિયા પાસેથી શીખ્યો છું. એટલે જ તો વ્યથા-વેદના મને પરાજિત કરી શકતી નથી. દરિયો જ મારો આદર્શ.

દરિયાનો શબ્દગત અર્થ તો તરત જ સમજાય. પરંતુ ભાવગત અર્થ પણ એટલો જ સ્પષ્ટ છે. વિશાળતા એની ઓળખ. જોયા પહેલાં એ જ ભાવ હતો અને પછી પણ એ જ ભાવ રહ્યો. એમાં ઉમેરણ ઘણું થયું.

દરિયાના પ્રથમ દર્શન પછી દાયકા બાદ મુંબઈનો વિખ્યાત 'ગેટ વે ઑફ ઈન્ડિયા'નો દરિયો જોયેલો. પણ માનવભીડમાં દરિયાનું સૌંદર્ય જોવાનું બન્યું નહોતું. પછી એક રાતે નિરાંતે જુહુનો દરિયો જોયો - સખીના સંગે. અમાસી રાત હતી. અમાસને પણ પોતાનું અજવાળું હોય છે. એ અજવાળે ઓટ જોઈ. કિનારો સૂમસામ ! જાણે દરિયાને ભીતિ ન લાગી હોય ! દરિયાએ શીખવ્યું : માત્ર આગળ નહીં, ક્યારેક પાછા પણ પડવું જ રહ્યું. ઉછળાટ-ખળભળાટને અંતે તો શમવાનું જ હોય છે. છતાં ય માત્ર શમી જવું એ એની શીખ નથી. વળી ઊછળવાનું. વળી ખળભળવાનું. એ જ તો જીવન. માટે જ વારંવાર દરિયા પાસે દોડી જવાનું ગમે છે. દરિયા પાસે પહોંચી જાઉં છુ ત્યારે થઈ જઉં છું સાવ રિક્ત. વિચારો અન્યત્ર ગતિ કરી જાય. માત્ર જળની જ સંગતિ. જળની જ સૃષ્ટિ. એનો મંજુલ ધ્વનિ, મનને પણ બનાવી દે મધુર મધુર. પણ દરિયાને કાયમ એક જ ધ્વનિ ન હોય. એ તો ધ્વનિનો ખજાનો છે. એની પાસે છે અપાર ધ્વનિઓ. એટલે તો એલિયટે કહ્યું છે - 'The sea has many voices.' બધા જ અવાજો સાંભળવાનું સદ્‌ભાગ્ય મળ્યું નથી.

દરિયો તો સર્વત્ર એક જ. પરંતુ સ્થળનો પરિવેશ

અલગ અલગ. એટલે જ સોમનાથનો દરિયો લાગ્યો હતો પરિપૂત, અને મન પણ બન્યું હતું એવું જ પવિત્ર. વિકાર પલાયન. વાતાવરણમાં વ્યાપ્ત હતી નિર્મળતા. ઊછળતાં મોજાંના ધ્વનિમાં શુભ્રતાનો વાસ હતો. પેલા મંજુલ ધ્વનિના શ્રવણે વેદની ઋચાનું સ્મરણ થયું હતું. પાસે વિરાજતા શિવની, પરિશુદ્ધ આણ હતી. એ દરિયાના સાન્નિધ્યે ઓગાળવા મથ્યો છું. ભીતરના અહમ્‌ને અને વારંવાર પરાજિત થયો છું.


સાંભળેલું કે ચોરવાડનો દરિયો ભારે તોફાની છે અને એ દરિયો જોયો ત્યારે દેખાઈ અલ્લડતા, નટખટતા. જાણે ઉદ્ધતાઈનું ગીત ! કાનમાં કહું - વંઠેલ લાગેલો ! લાગતો હતો એકલો-અટૂલો. એટલે જ તો એના ધ્વનિમાં ભયના સૂર સંભળાયેલા. કાંઠે આવતું મોજું માનવને તાણી જાય એવું. એને માનવનો ભારે અભરખો. જાણે નીલગતિનું મહાકાવ્ય !

કન્યાકુમારી પાસે થાય ત્રણ દરિયાનો સંગમ. એ મહાસાગરનો ઉન્માદ ગતિ કરીને જાણે મારામાં જ પ્રવેશી ગયો હતો ! હું પરિપ્લાવિત, ઉન્મત્ત, પ્રમત્ત. એનો ધ્વનિ મનને પલ્લવિત કરતો હતો, પ્રફુલ્લિત કરતો હતો. પછી નિરાશાને અડીખમ ઊભા રહેવાની આદત ક્યાંથી પડે ! કેવી ભવ્ય ક્ષણનો હું માલિક બની ગયો હતો ! સાગરના એ ધ્વનિમાં સંભળાતી હતી આદિમ લયબદ્ધ મંત્ર વ્યંજના. જળધ્વનિના શ્રવણથી હું બન્યો હતો રળિયાત. એ ધ્વનિ ક્યારેક લાગે તુમુલ તો ક્યારેક લાગે શાંત. ક્યારેક સંગીતના આલાપ જેવો, તો ક્યારેક મદિર. આવી પળે સાથમાં હતી સખી. ઉભયની મુખરતા પલાયન થઈ ગઈ હતી. મૌન મહાવ્રત બની ગયું હતું.

અનેક દરિયાકાંઠે ફર્યો છું - સંગે, વિસંગે. સવાર-બપોર-સાંજ, એક બપોર તીથલના દરિયાકાંઠે ગાળી હતી. બપોરનો એ દરિયો ... મોજીલો લાગતો હતો. સાવ નફીકરો. નિજધ્વનિથી પરિતૃપ્ત. એ ધ્વનિ ઘડીક દ્રુત તો ઘડીક વિલંબિત. કેવી રમ્ય લીલા ! ક્યારેક તો એકલા દરિયા સાથે ગોષ્ઠિ કરી છે. પ્રત્યેક ગોષ્ઠિએ મન ભીતરથી ખળભળ્યું છે. પણ ક્યારેય વિલાપ નથી અનુભવ્યો. દરિયો જોઈને મનિષા જન્મી છે કાયમના સોબતી થવાની. પણ હું ક્યાંથી બની શકું આ જન્મે દરિયાનો છોરું ! હું તો છું દરિયાથી દૂર-સુદૂર. છતાંય સતત મારી આસપાસ ખળભળતો દરિયો અનુભવું છું. આ પણ છે માત્ર રમ્ય આભાસ. તોય ગમે છે. આ જ તો મનની લીલા. એ જ તો મારી દરિયાપ્રીતિ છે. એનો ધ્વનિ સતત મને સાદ કરે છે. એ સાદમાં છે ભીની લાગણી, હું એ લાગણીનો પ્રિયજન છું. હા, પ્રિયજન, પરિત્યક્ત પ્રિયજન ! □

ચેસ-કૉર્નર : કોયડો-૧૭

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(White to play and mate in two).**

મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kg8, Qb2, Re2, Rb4, Bg6**

કાળાં : **Kd3, Rd1, Na1, Ne6, P-b5, e4, f5**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમા નગરની પાસે, સેટેલાઇટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail -shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ૨૦૦૨ના જૂન માસના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ફેબ્રુઆરી ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૧૫નો ઉકેલ :

સફેદ	કાળું
(૧) **Bf7**	
જો....	**d4**
(૨) **Ng5 #**	
જો....	**f4**
(૨) **Bg6 #**	
જો....	**Na6** ગમે ત્યાં ચાલે
(૨) **Ndc5 #**	
જો....	**Ng4** ગમે ત્યાં ચાલે
(૨) **Nf2 #**	

ઉપરના કોયડાનો સાચો ઉકેલ મોકલનાર મિત્રોનાં નામ : (૧) ઝેડ.એલ. ઝાલાવાડિયા, (૨) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૩) હર્ષદ દવે (રાજકોટ), (૪) કે. એમ. મુલિયા (સુરેન્દ્રનગર). -અર્પી શાહ

ભાવિ વિજ્ઞાન

પ્રહ્‌લાદ છ. પટેલ

ભૂતકાળના અભ્યાસ અને અનુભવ ઉપરથી આપણે ભાવિના ભીતરમાં ડોકિયું કરીને જોવું જોઈશે કે ટેક્નોલૉજી અને વિશ્વની બાબતે આપણી સમજમાં વિકાસ કેવી રીતે થશે? કેવો હશે? 'સ્ટારવૉર' ચલચિત્ર અને 'સ્ટારટ્રેક' શ્રેણીની લોકપ્રિયતાએ ભવિષ્ય પ્રત્યે ભારે રસ અને ઉત્તેજના જગાવ્યાં છે. એચ. જી. વેલ્સના સમય અને પછીના સમય અંગે નિર્દિષ્ટ કરેલ તમામ દર્શન (દૃષ્ટિ) તાત્ત્વિક રીતે જેમનાં તેમ રહ્યાં છે. વિજ્ઞાન ટેક્નોલૉજી અને રાજકીય સંગઠનોએ વધુ પ્રગતિ કરી હોય તેવા સમાજનું ચિત્રણ કર્યું છે. ભાવિ વિજ્ઞાન, ટેક્નોલૉજી અને સમાજનાં સંસાધનો લગભગ સંપન્ન (નિષ્પન્ન) થયાં હોય તેવું ધારવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે, 'અ સ્પેસ ઑડિસિ' (૨૦૦૧નું ચલચિત્ર)માં આપણે ચંદ્ર ઉપર સ્થાયી થયા હોઈએ ત્યાંથી સ-માનવ યાનનું પ્રમોચન કરતા હોઈએ તેવું જોવા મળે છે.

આ બધું કંઈ થોડાં વર્ષના ટૂંકા ગાળામાં શક્ય થઈ શકે નહીં. આપણી વધુ પડતી ઊંચી અપેક્ષાઓને કારણે એવું લાગે છે કે આપણે રાજકારણીઓ અને વિજ્ઞાનીઓથી છેતરાતા જઈએ છીએ. અને તે એટલા માટે કે આપણે ભાવિ માટે કાલ્પનિક આદર્શની દૃષ્ટિ સિદ્ધહસ્ત કરી નથી.

આગામી વર્ષોમાં વિજ્ઞાન એ ટેક્નોલૉજી ક્ષેત્રે આપણે કેવો વિકાસ કર્યો હશે તેવા સવાલ થાય. તેનો ઉત્તર કઠિન છે. ૧૦૦૦ની સાલ સુધીનો જવાબ કદાચ મળી રહે. ૧૮૦૦ સુધી વિજ્ઞાન અને ટેક્નોલૉજીની પ્રગતિ અત્યંત ધીમી રહી. પણ છેલ્લાં ૨૦૦ વર્ષમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે પ્રગતિ લગભગ વિસ્ફોટક રહી છે. એક એવું ચિત્ર સ્પષ્ટ થાય છે કે પ્રથમ સહસ્રાબ્દીના અંતે કેટલાક લોકો જેવા હતા તેવા બીજી સહસ્રાબ્દીના અંતે પણ જોવા મળે છે. પણ ૩૦૦૦ના અંતમાં આવું નહીં હોય (બને). અત્યારે જે વલણો જોવા મળે છે તેનું બહિર્વેશન કરતાં જોઈ શકાય તેમ છે કે ભૂતકાળમાં જે બન્યું છે તેના કરતાં કશુંક અણચિંતવ્યું બને પણ ખરું.

ગૅલેલિયો" અને અન્ય ખગોળવિદોએ અવકાશી પિંડો(ગ્રહો)નાં અવલોકન કર્યાં. તેને આધારે ૧૬૭૯માં ન્યૂટનનો સાર્વત્રિક ગુરુત્વાકર્ષણનો નિયમ (સિદ્ધાંત) પ્રકાશમાં આવ્યો. તે જ રીતે, ફૅરાડે અને અન્યનાં ચુંબકીય પ્રેરણ અને સ્થિતવિદ્યુતને લગતાં અવલોકનોને આધારે ૧૮૭૫માં મૅક્સવેલનો વિદ્યુતચુંબકત્વનો સિદ્ધાંત હાથ લાગ્યો. ૧૯મી સદીના અંતમાં એવું લાગવા માંડ્યું કે વિશ્વને લગતી સમજ સંપન્ન થવા આવી છે. પણ આ બધું શિષ્ટ (પ્રતિષ્ઠિત) નિયમોના સંદર્ભમાં જોવાનું રહે છે. આ બધું સામાન્ય બુદ્ધિના ખયાલો હોય તેવું લાગે છે. જેમ કે સ્થાન, ઝડપ, ભ્રમણનો દર, જેવી ભૌતિક રાશિયો સુવ્યાખ્યાયિત અને સતત પરિવર્તનશીલ હોવી ઘટે.

અહીં બીજી એક સમસ્યા સર્જાય છે, કારણ કે ઘણી વખત સામાન્ય સમજ એ પૂર્વગ્રહનો પર્યાય બની રહે છે. તેમાં આપણો ઉછેર જવાબદાર છે. સામાન્ય સમજ પ્રમાણે ઍરિસ્ટોટલે જણાવ્યું કે ગ્રહો વર્તુળાકાર પથ ઉપર ગતિ કરે છે પણ પાછળથી અવલોકનોને આધારે સિદ્ધ થયું કે ગ્રહો વર્તુળાકાર નહીં પણ લંબવર્તુળાકાર પથ પર ગતિ કરે છે.

સામાન્ય બુદ્ધિને આધારે એવું પણ લાગે છે કે ઊર્જા સતત (સળંગ) પેદા થતી હોવી જોઈએ. પણ ૨૦મી સદીના પ્રારંભમાં પ્રાયોગિક રીતે પુરવાર થયું કે ઊર્જા પૃથક્ પૃથક્ પૅકેટ સ્વરૂપે પેદા થાય છે અને પ્રસરે છે. ઊર્જાના આ પૅકેટને ક્વૉન્ટમ (ફોટોન) કહે છે. આ ઉપરથી એવું લાગે છે કે પ્રકૃતિ દાણાદાર છે, નહીં કે મસૃણ.

૨૦મી સદીના પ્રારંભમાં નવા જ સિદ્ધાંત-ક્વૉન્ટમવાદ-નો પ્રભવ થયો. ક્વૉન્ટમવાદ વાસ્તવિકતાનું જુદું જ ચિત્ર રજૂ કરે છે. એટલા માટે જ તે આપણા બધાની સાથે નિસબત ધરાવે છે. ભૌતિક અને રસાયણવિજ્ઞાનના જગત બહાર ભાગ્યે જ કોઈને આ વાદની સાચી જાણકારી હશે. આ વિષયોના જગતમાં રહેલા કેટલા લોકો આ સિદ્ધાંત પ્રત્યે યોગ્ય સમજ ધરાવતા હશે તે કહેવું કઠિન છે. ક્વૉન્ટમ સિદ્ધાન્તની વિધિવત્ જાણકારી મુજબ વસ્તુઓને માત્ર એક જ ઈતિહાસ (બયાન-વિગત) હોતો નથી. આવી વસ્તુઓ પ્રત્યેક શક્ય (સંભવિત) ઈતિહાસ ધરાવે છે અને તે સંભાવનાના સિદ્ધાંતને અનુસરે છે.

બીજી વાત, લઘુપ્રમાણ લંબાઈ ધરાવતા કણોનો વ્યક્તિગત રીતે ખયાલ કરવામાં આવે ત્યારે તેમના માપનમાં અનિશ્ચિતતા પ્રવર્તે છે. જેમ કે કોઈ એક કણ એક સમયે સ્થાન આગળ હોય તો બીજી પળે તે ગમે ત્યાં હોઈ શકે છે. તેનું સ્થાન આગળ હોવા માટેની ગણતરીમાં તમામ પથ અથવા બયાનની સંભાવ્યતાનો સરવાળો કરવો પડે છે. રિચર્ડ ફિનમૅન આને 'તમામ શક્ય બયાનનો સરવાળો' કહે છે.

અવકાશ રિક્ત છે એવો આપણો ખયાલ છે. પણ તે સમય-સ્થળવાળા સંવૃત પાશમાં ગતિ કરતા કણોથી પ્રચુર છે.

આવા કણો પાશની એક તરફ કાળની અગ્ર અને બીજી તરફ કાળની પશ્ચ ગતિ કરે છે. આથી તો મૂંઝવણભરી સ્થિતિ સર્જાય છે કારણ કે સમય-અવકાશમાં બિંદુઓની સંખ્યા અનંત હોય છે. પરિણામે કણો માટે પાશની સંખ્યા અનંત હોવાની શક્યતા છે. આ પછી જ્યારે ક્વૉન્ટમવાદ અને સાપેક્ષવાદના સમન્વયનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે વિકટ પરિસ્થિતિ પેદા થઈ. ૨૦મી સદીના પૂર્વાર્ધમાં ક્વૉન્ટમવાદ અને સાપેક્ષવાદ જેવા સિદ્ધાંતો અમલમાં આવ્યા. સાપેક્ષવાદ મુજબ સમય અને અવકાશ સપાટ (સમતલ) નથી પણ તેમની અંદર રહેલ દ્રવ્ય અને ઊર્જાથી મરડાયેલ અને વિકૃત પામેલ છે. અનંત સંખ્યા ધરાવતા કણોના સંવૃત પાશ અનંત ઊર્જાનો જથ્થો ધરાવે છે. પરિણામે તે સમય-અવકાશને બિંદુમાં કુંચિત (પેચદાર) કરે છે.

છેલ્લે છેલ્લે સૈદ્ધાંતિક ભૌતિકવિજ્ઞાનના અભ્યાસમાં લોકો ઊંડા ઊતરવા લાગ્યા છે એવો સિદ્ધાંત મેળવવો જેમાં અનંતતાઓ એકબીજાને અંદરોઅંદર રદ કરે તેવા સંજોગોમાં ક્વૉન્ટમવાદ અને સાપેક્ષવાદનું સંયોજન શક્ય બને, જેથી કરીને વિશ્વને લગતા પાયાના નિયમો માટે સિદ્ધાંત હાથ લાગે.

હવે પછીની સહસ્રાબ્દીમાં આ સિદ્ધાંત ઉપલબ્ધ થવાની કેટલી અપેક્ષા રાખી શકાય? હૉકિંગની દૃષ્ટિએ આવો સિદ્ધાંત ઉપલબ્ધ થવા માટેની તકો ઊજળી છે. ૧૯૮૦માં તે કહેતા હતા કે પૂર્ણ એકીકૃત સિદ્ધાંત ૨૦ વર્ષમાં મળી રહે તે માટે ૫૦-૫૦ ટકા તકો છે. ૧૯૮૦ પછી આપણે આ દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે પણ આખરી સિદ્ધાંત તો એટલો જ દૂર દેખાય છે.

ન્યૂક્લિઅર અને ઉચ્ચ ઊર્જા ભૌતિકવિજ્ઞાનનાં સંશોધનો સૂક્ષ્મ માપક્રમ ભણી દોરી જાય છે. તેમનો ધારદાર સવાલ છે કે આ રીતે હરહંમેશ સૂક્ષ્મતમ માપક્રમ સંરચના ભણી શોધ અવિરતપણે ચાલુ રહેશે ! દેખીતી રીતે તો એવું લાગતું નથી. એક પેટીની અંદર નાની પેટી, નાની પેટીમાં એથીય નાની... એમ છેલ્લે નાનામાં નાની પેટીએ આવે છે જે તેથી વધુ નાની પેટી સમાવી શકે નહિ. ભૌતિકવિજ્ઞાનમાં આવી નાનામાં નાની પેટીને અનુરૂપ 'પ્લાંક લંબાઈ ($=૧૦^{-૩૪}$ મિમી)' આવે છે. તેનાથી નાની લંબાઈ શક્ય નથી. આપણે એવા કણ-પ્રવેગકની રચના કરી શકતા નથી જે આટલી લંબાઈના માપ સુધી ખોજ કરી શકે. પ્લાંક લંબાઈના ઘટકની શોધ માટે આપણું કણ-પ્રવેગક સૌર-પ્રણાલી કરતાં મોટું હોવું જોઈએ. તે માટે નાણાં ક્યાંથી લાવવાં? આથી, જે હોય તે પણ આપણા વિદ્યમાન સિદ્ધાંતનાં પરિણામો એવાં હોવાં જોઈએ જેની સ્વાભાવિક યંત્રો વડે કસોટી કરી શકાય. આ બધા માટે અધિસમમિત અત્યંત મહત્ત્વની છે. મૂળભૂત રીતે આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ અને ક્વૉન્ટમવાદને એક કરી શકાય. હૉકિંગની અપેક્ષા છે કે અંતે તો જીનિવાની (ERN) પ્રણાલી વડે ચકાસી શકાશે. પણ પ્રયોગશાળામાં પ્લાંક લંબાઈ સુધી પહોંચવાનું અતિમુશ્કેલ છે. ઉચ્ચ ઊર્જા અને લઘુતમ લંબાઈના અવલોકનમૂલક પુરાવા માટે મહાવિસ્ફોટ (big bang)નો અભ્યાસ કરવો પડે. તે છતાં મહદ્ અંશે 'સર્વસ્વના સિદ્ધાંત'ની ખોજ માટે આપણે ગાણિતીય સૌંદર્ય અને સંગતિ ઉપર નિર્ભર રહેવું પડશે. આ બધું ૨૧મી સદીના અંતે સંપન્ન થશે એવો વિશ્વાસ હૉકિંગ ધરાવે છે. તેમના માનવા મુજબ તે કદાચ વહેલું બને અને ૨૦ વર્ષમાં 'સર્વસ્વનો સિદ્ધાંત' હાથ લાગે તે માટે આશાસ્પદ છે.

આ બધી ભૌતિક વિશ્વની વાતો થઈ. વિશ્વની સંરચના જેટલી જટિલ છે તેનાથી વધુ જટિલ તો આપણું 'શરીર (જીવન)' છે. આશરે ૪ અબજ વર્ષથી પૃથ્વીને આવરિત કરનાર આદિ સમુદ્રમાં સજીવો પેદા થયાનો અંદાજ છે. તે સમયના અને આજના જીવનનું મૂળ અતિ જટિલ પરમાણુ ડી.એન.એ. છે. ડી.એન.એ. દ્વિ-સર્પિલ સંરચના ધરાવે છે, પેચાકાર નિસરણી જેવી. પૃથ્વી ઉપરના તમામ સજીવોનો તે પાયો છે. ડી.એન.એ. પોતે જ પોતાની નકલ કરે છે. આ સર્પિલ કમાન ઉપર સંજોગોવશાત્ ન્યૂક્લિક ઍસિડના ક્રમમાં ભૂલ થઈ જાય છે. આવી ભૂલને કારણે ડી.એન.એ. તેનું પોતાનું સર્જન કરી શકતો નથી. મરી પણ જાય ખરો. કોઈ વખતે, ડી.એન.એ.નો વિકાર (ગુણ-પરિવર્તન) તેને જીવતા રહેવા માટે તથા પુનઃ પ્રજનનની તકો વધારે છે. આ રીતે ન્યૂક્લિક ઍસિડનું માહિતી-તત્ત્વ ક્રમશઃ ઉત્ક્રાંત પામે છે અને જટિલ બને છે.

જૈવિક ઉત્ક્રાંતિ અત્યંત ધીમેથી થાય છે. ડી.એન.એ.માં સૂચના સંકેતોની સંખ્યા લગભગ અણુમાં ન્યૂક્લિક ઍસિડની સંખ્યા જેટલી હોય છે. શરૂઆતનાં બે અબજ વર્ષમાં ડી.એન.એ.ની જટિલતાના વધારાનો દર ધીમો હતો. ત્યાર બાદ આ દર કાળક્રમે વધતો ગયો છે. પેઢી દર પેઢીમાં આ સૂચનાઓ મોકલી શકાય છે. આ રીતે જટિલતાઓ બેશુમાર થવા લાગી.

બાહ્ય અને અજૈવિક સાધનો દ્વારા માહિતીના પ્રસારણમાં માનવજાતનું પ્રભુત્વ વધતું ગયું છે. હવે આપણે એવા મુકામે આવીને ઊભા છીએ કે આપણે જ આપણા પોતાના ડી.એન.એ.ની જટિલતા વધારવા સક્ષમ બનીશું. આ રીતે વિકસિત અને સુધારેલી આવૃત્તિવાળા માણસો અવિકસિત લોકો સામે સામાજિક અને રાજકીય સમસ્યાઓનું સર્જન કરશે. આપણે એકબીજાનો વિનાશ નહીં કરીએ તો આપણે સૌર-પ્રણાલીના ગ્રહો ઉપર ફરી વળીશું, તે પછી નજીકના તારાઓ ભણી દોટ મૂકીશું. બીજી તારાકીય પ્રણાલીમાં જીવનનો વિકાસ થયો હશે તો પણ તેને માણસ તરીકે તેવા જીવને ઓળખવા માટેની તકો ઘણી ઓછી છે. જે પરદેશી (પરગ્રહી) માનવજાતને

(અનુસંધાન પૃ : ૨૩૯)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

લી હન્ટ (૧૭૮૪-૧૮૫૯)

લી હન્ટ મુખ્યત્વે જ્હોન કીટ્સને કાવ્યસર્જન માટે પ્રેરક અને સહાયક હોવાને કારણે જાણીતો છે. કીટ્સે એના નિવાસસ્થાનમાં જ હોમરનો પરિચય કર્યો હતો અને કવિતારચનાનો વ્યાયામ કર્યો હતો.

લી હન્ટ પત્રકાર હતો અને ગદ્ય તેમજ પદ્યમાં એ બેફામ, ક્યારેક તો ગ્રામ્ય કે અશ્લીલ કહેવાય તેવું લખતો હતો. એનું સામયિક 'એક્ઝામીનર' (Examiner) આડેધડ લખાણો માટે નામીચું હતું. સરકાર પર નિંદાત્મક લખાણ તેણે એ પત્રમાં પ્રસિદ્ધ કરીને જેલવાસ પણ ભોગવ્યો હતો. એને વિવેચકોએ Cokney Schoolનો સભ્ય ગણીને બદનામ કર્યો હતો. કીટ્સને - એના પ્રથમ કાવ્યસંગ્રહને - લી હન્ટ સાથેના ગાઢ સંપર્કને કારણે જ એના વિરોધી વિવેચકો દ્વારા વેઠવું પડ્યું હતું.

પણ કીટ્સ અને લી હન્ટ વચ્ચે કાવ્યની બાબતમાં એક સમાનતા હતી. બંનેમાં ઇન્દ્રિયપ્રત્યક્ષ ચિત્રો આલેખવાની સંવેદનશીલતા હતી અને સુંદર લય યોજવાની અનોખી સિદ્ધિ હતી. પણ લી હીન્ટમાં કલાનો સ્પર્શ આછો-આછો હતો. કીટ્સ એની ઉચ્ચ સર્જકપ્રતિભાને કારણે લી હન્ટથી ઘણો આગળ નીકળી ગયો. લી હન્ટ કલા અને ઇન્દ્રિયપ્રત્યક્ષતાની ગૂંચવણમાં ફસાઈ પડ્યો અને એક ગૌણ કવિ બની રહ્યો. એની એક વર્ણનાત્મક કાવ્યરચના 'ધ સ્ટોરી ઓવ્ રિમિની' (The Story of Rimini) ઈ.સ. ૧૮૧૬માં પ્રસિદ્ધ થઈ હતી.પણ એની રુચિ પ્રમાણમાં મધ્યમ અને શબ્દાળુતા ય ઘણી - એને કારણે કાવ્યની સમગ્ર અસર રોળાઈ જાય છે. એના વ્યક્તિત્વમાં ય ગ્રામ્યતા હતી અને કૃતિઓમાં તે ઊતરી આવી હતી. લી ૧૮૨૨માં શેલી અને બાયરન સાથે ઈટાલીમાં હતો ત્યારે તેણે તેના મનગમતા ઈટાલિયન સાહિત્યમાં જીવ પરોવ્યો.

'ધ સ્ટોરી ઓવ્ રિમિની'ને તેણે વધુ પડતી લાગણીવેડાથી સભર બનાવી છે. અલબત્ત, એમાં એની ચિત્રાત્મક શૈલી એના જમા પક્ષે છે અને ગ્રામ્યતાને બાદ કરતાં એની કલમની સરળતા અને સુઘડતા ધ્યાન ખેંચે છે. રિમિનીની કથા કરતાંય વધુ મહત્ત્વની તેની રચનાનો સંગ્રહ 'ધ સ્ટોરીઝ ફ્રૉમ ધ ઈટાલિયન પોએટ્સ' (The Stories from the Italian Poets) છે. ઈ.સ. ૧૮૪૬માં તે પ્રકાશિત થયો હતો. એમાં મહાકવિ 'ધ ડિવાઈન કૉમેડિ'નું મુક્ત ભાષાંતર કર્યું છે. 'ઍરિસ્ટો (Aristo) તાસો (Tasso)માંથી પણ તેણે ઘણા પરિચ્છદો ઉતાર્યા છે.

ઈટાલિયન સાહિત્ય પરત્વે તો તેનો વિશેષ લગાવ હતો પણ ખરેખર તો એનું કંઈક દૈવત એનાં ટૂંકાં કાવ્યોમાં દેખાય છે. એનું નાઈલ વિશેનું એક સૉનેટ ધ્યાનપાત્ર છે. કીટ્સ અને શેલી સાથે મૈત્રીભરી કાવ્યરચનાની સ્પર્ધા નિમિત્તે તે લખાયું હતું. એનાં બીજાં કેટલાંક નોંધપાત્ર કાવ્યો 'ધ પોએટ્સ' (The Poets), 'ટુ ધ ગ્રાસહૉપર ઍન્ડ ધ ક્રિકેટ' (To the Grass hopper and the Cricket), 'અબુ બેન અધેમ' (Abon ben Adham) છે.

લી હન્ટના ગદ્યલેખનમાં કેટલાક વિવેચનાત્મક લેખો, વિશેષ કરીને કાવ્ય વિશેની વિભાવનાના લેખો, મહત્ત્વના છે.

કાવ્યની વ્યાખ્યા તે આપે છે - 'Poetry ... is the utterance of a passion of truth, beauty and power, enbodying and illustrating its conceptions by imaginations and fancy, and modulating its language on the principle of variety in uniformity.

Poetry is a passion, because it seeps the impression and because it must undergo, in order to convey them.

એનું પ્રૅક્ટિકલ ક્રિટિસિઝમ કેટલીક વાર ધ્યાનાર્હ રીતે કાવ્યમાં રૂપક અને બીજી પ્રયુક્તિઓના વિશિષ્ટ ઉપયોગ પરત્વે નોંધ લે છે. જો કે ક્યારેક કલા અને સર્જકની બાબતને તે ગૂંચવી નાખે છે પણ ખરો. (ક્રમશઃ)

પ્રસંગકથા

કરસનદાસ લુહાર

તબિયત

સ્વ. સાક્ષરવર્ય, શિક્ષણશાસ્ત્રી અને સામાજિક ચિંતક એવા મનુભાઈ પંચોળી 'દર્શક' ત્યારે બીમાર હતા. લગભગ શય્યાવશ હતા. પણ તેમનો જુસ્સો અને પ્રચંડ મનોબળમાં કોઈ ફેર પડ્યો ન હતો. તેમનું ચિન્તન તો સતત ચાલતું હતું. પણ ચિન્તનમાં એક ચિન્તા હતી - રાષ્ટ્રની પ્રવર્તમાન હાલતની.

એ દિવસોમાં જસવંત મહેતા - ગુજરાતના ભૂતપૂર્વ નાણાપ્રધાન - દર્શકદાદાની તબિયતની ખબર કાઢવા ગયેલા. તેમણે આદરપૂર્વક વંદન કરીને પૂછ્યું : 'હવે કેમ છે આપની તબિયત?'

'આ દેશ કરતાં ઘણી સારી છે.' મનુભાઈએ જવાબ આપ્યો. એ પછી એમના ચહેરા પર એક ઉદાસી છવાઈ ગઈ હતી.

હરિયાણા

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની ઉત્તરે હરિયાણા રાજ્ય આવેલું છે. તેની પૂર્વમાં ઉત્તર પ્રદેશ અને દિલ્હી, પશ્ચિમે પંજાબ, ઉત્તરે હિમાચલ પ્રદેશ અને દક્ષિણે રાજસ્થાન આવેલાં છે. રાજ્યનું ક્ષેત્રફળ ૪૪,૨૧૨ ચોરસ કિ.મી. છે અને ૧૬૮૭ ચોરસ કિ.મી.માં જંગલોનો વિસ્તાર આવેલો છે. હરિયાણા રાજ્યની ૧૯૯૧ની વસતી-ગણતરી અનુસર ૧,૬૪,૬૩,૬૪૮ લોકોની વસતી છે. તેમાંનાં ૧૪.૬૩ ટકા લોકો શહેરોમાં વસે છે. આ રાજ્યમાં ૮૯.૨૧ ટકા હિન્દુ, ૪.૬૪ ટકા મુસલમાન તથા ૬ ટકા શીખ લોકો છે. રાજ્યમાં ૧ ચોરસ કિ.મી.એ ૩૭૨ માણસોની વસતી ઘનતા છે. રાજ્યની સત્તાવાર ભાષા હિન્દી છે. રાજ્યમાં હિન્દી ભાષા બોલનારાં ૮૮.૪૩ ટકા તથા પંજાબી ભાષા બોલનારાં ૯.૧૭ ટકા લોકો છે.

હરિણાયામાં ખેતમજૂરોનું લઘુતમ દૈનિક વેતન ભોજન સહિત રૂ. ૪૮.૫૭ તથા ભોજન વિના રૂ. ૫૨.૫૭ ઠરાવવામાં આવ્યું છે. લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૩,૬૮૩ છે તથા રાજ્યનાં ૧૧.૬ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. હરિયાણામાં ભૂમિ રેતાળ અને વરસાદ ઓછો હોવા છતાં સતલજ-બિયાસ સિંચાઈ યોજનાને કારણે અનાજની બાબતમાં તે આવશ્યકતા કરતાં ઘણું વધારે અનાજ પેદા કરે છે.

હરિયાણા રાજ્યને વહીવટ માટે ૧૯ જિલ્લામાં વહેંચી દેવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં અંબાલા, ભિવાની, ફરિદાબાદ, ગુરુગાંવ, પાણિપત, કુરક્ષેત્ર, કર્નાલ, જિંદ, હિસાર વગેરેનો સમાવેશ થાય છે.

સરકાર : હરિયાણાની વિધાનસભાના સભ્યોની સંખ્યા ૯૦ છે. રાજ્યમાંથી ચૂંટણી કરીને ૧૦ સભ્યો લોકસભામાં અને ૫ સભ્યો રાજ્યસભામાં મોકલવામાં આવે છે. રાજ્યનું પાટનગર ચંદીગઢ છે.

ઈતિહાસ : મહાભારત મહાકાવ્યમાં વર્ણવેલ પાંડવો અને કૌરવો વચ્ચેના યુદ્ધનું મેદાન કુરુક્ષેત્ર હરિયાણામાં આવેલું છે. પ્રાચીન સમયમાં ભરત જાતિના લોકોનું રાજ્ય આ પ્રદેશમાં હતું. ભરતોની ટોળી બળવાન તથા અન્ય ટોળીઓ ઉપર વિજય મેળવવાને કારણે તેમના ઉપરથી દેશનું નામ ભારત પડ્યું હતું. વામન પુરાણમાં જણાવ્યા મુજબ રાજા કુરુએ સોનાનું હળ તથા ભગવાન શિવના નાંદી વડે સાત કોશ જમીન કુરુક્ષેત્રમાં ખેડી હતી. વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા મહાન ઋષિઓની તપોભૂમિ આ સ્થળે આવેલ છે. મનુએ હિન્દુ ધર્મના કાયદા આ ભૂમિ ઉપર ઘડ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણે તેમના સખા અર્જુનને તથા તેના દ્વારા સમસ્ત માનવજાતને ભગવદ્ ગીતાનો અભૂતપૂર્વ બોધ અહીં આપ્યો હતો.



ઉત્તર ભારતના પ્રવેશદ્વાર તરીકે હૂણ, તૂર્ક, મુઘલ વગેરે લોકોના હુમલા એ પ્રદેશના લોકોએ સહન કર્યા હતા. હરિયાણામાં આવેલા પાણિપતના મેદાનમાં ૧૫૨૬ તથા ૧૫૫૬માં થયેલી લડાઈઓમાં મુઘલોએ નોંધપાત્ર વિજય મેળવીને પોતાની સત્તા સ્થાપી હતી. પાણિપતના મેદાનમાં ૧૭૬૧માં મરાઠાઓએ અફઘાનિસ્તાનના અહમદશાહ અબ્દાલી સામે સજ્જડ હાર ખાધી. પંજાબમાંથી હિન્દીભાષી લોકોનાં અલગ રાજ્ય હરિયાણાની ૧ નવેમ્બર, ૧૯૬૬ના રોજ રચના કરવામાં આવી.

ઉત્સવો : જાન્યુઆરી મહિનામાં સૌથી વધુ ઠંડી પડે ત્યારે લોકો ગીતો સહિત આનંદ માણવા લોહરી હોળીનો ઉત્સવ ઊજવે છે. દિવાળી પછીના બીજા દિવસે ટિક્કા (ચાંદલો)નો તહેવાર ઊજવવામાં આવે છે. તે વખતે બહેનો પોતાના ભાઈના કપાળે કેસર-મિશ્રિત ચંદનનો ચાંદલો ઉમંગ સહિત કરીને, પરમેશ્વર તેનું સદા રક્ષણ કરે એવી ઉચ્ચ ભાવના વ્યક્ત કરે છે.

ખેતી : હરિયાણામાં ૮૦ ટકાથી વધારે લોકો ખેતીના વ્યવસાયમાં જોડાયેલા છે. ત્યાં થોડાં વર્ષોમાં અનાજનું ઉત્પાદન સારી પેઠે વધ્યું છે. ગયે વર્ષે અનાજ ૧૨૧ લાખ ટનથી વધારે પેદા થયું હતું. રાજ્યમાં ઘઉં, ચોખા, જુવાર, બાજરી, મકાઈ, જવ, શેરડી, કઠોળ, કપાસ, તેલિબિયાં તથા બટાટાનો મુખ્ય પાક થાય છે. ત્યાં રોકડિયા પાકને પણ પ્રોત્સાહન આપવામાં આવે છે. સૂરજમુખી, સોયાબિન, વિવિધ ફળો તથા શાકભાજીનું ઉત્પાદન વધારવામાં આવ્યું છે. વિશ્વબૅન્કે એગ્રિકલ્ચરલ હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઑગસ્ટ ૧૯૯૫થી મંજૂર કરી, રૂપિયા ૫૩.૭૪ કરોડની મૂડીરોકાણની યોજનાનો પાંચ વર્ષ માટે અમલ શરૂ કર્યો હતો.

ઉદ્યોગો : હરિયાણા રાજ્યે ઔદ્યોગિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધી છે. મોટરકાર, મોટર સાઇકલ, ટ્રેક્ટર, સેનીટરી વેર, ગૅસ સ્ટવ તથા વૈજ્ઞાનિક સાધનોના ઉત્પાદનમાં હરિયાણા આખા દેશમાં પ્રથમ ક્રમ ધરાવે છે. ત્યાંની હૅન્ડલૂમની રંગીન ચીજો અને હાથે વણેલી ઊનની કાર્પેટ વખણાય છે. પાણિપત દેશના વણાટ-ઉદ્યોગ માટે જાણીતું છે. ઉદ્યોગોમાં આશરે ૭ લાખ માણસો રોજી મેળવે છે. ઈ.સ. ૨૦૦૦ સુધીમાં રાજ્યમાં ૧૦૨૩ મોટા અને મધ્યમ કક્ષાના તથા ૭૯,૬૭૮ નાના ઉદ્યોગો હતા. હરિયાણામાંથી ૧૯૯૯ના વર્ષમાં રૂપિયા

૪,૧૬૩ કરોડનો માલ નિકાસ થયો હતો. ગુરગાંવમાં માનેસર નજીક નમૂનેદાર ઔદ્યોગિક નગર આકાર લઈ રહ્યું છે. સિરસા, સોનિપત, યમુનાનગરમાં નવી ઔદ્યોગિક વસાહતો વિકસાવવામાં આવી છે. મારુતિ ઉદ્યોગ, હિરો હોન્ડા જેવી પ્રતિષ્ઠિત યોજનાઓના વિકાસના કાર્યક્રમો શરૂ થયા છે. પાણિપત રિફાઈનરીની કાર્યશક્તિ બેવડાવવાની યોજના હાથ ધરવામાં આવી છે તે માટે વધારાનું ૩૩૬૫ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. ઇન્ડિયન ઑઈલ કંપની પાણિપત ખાતે રૂા. ૪,૨૨૮ કરોડના ખર્ચે પેટ્રોકેમિકલ કૉમ્પલેક્ષ શરૂ કરી રહી છે.

સિંચાઈ : સતલજ અને બિયાસ નદીઓ પરની વિવિધલક્ષી સિંચાઈ યોજાનાનો લાભ પંજાબ અને રાજસ્થાન સહિત હરિયાણાને પણ મળે છે. વેસ્ટર્ન યમુના કેનાલ, ભાખરા કેનાલ સિસ્ટમ અને ગુરગાંવ કેનાલ રાજ્યની સિંચાઈની મોટી યોજનાઓ છે. લિફ્ટ ઈરિગેશન વડે રાજ્યના સૂકા વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવ્યું છે. જૂઈ, સેવાણી અને જવાહરલાલ નેહરુ લિફ્ટ ઈરિગેશન યોજનાઓ સૂકા વિસ્તારોને ફળદ્રુપ બનાવે છે.

પ્રાણીજીવન : હરિયાણામાં જંગલનાં પ્રાણીઓને પૂરતું રક્ષણ મળી રહે તે માટે છ અભયારણ્યો રાખવામાં આવ્યાં છે. તેમાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓના ઉછેર તથા વૃદ્ધિ માટેની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

પ્રવાસન : પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના ઈરાદાથી હરિયાણામાં કેટલાક ઉજ્જડ પ્રદેશો વિકસાવીને પ્રવાસ માટેનાં સ્થળો બનાવવામાં આવ્યાં છે. રાજ્યમાં પ્રવાસ માટેનાં ૪૬ સંકુલો છે. તે ઘણુખરું રાજ્યના ધોરીમાર્ગો પર આવેલાં છે. તેમાં બ્લ્યુ જય (સામલખા), સ્કાઈલાર્ક (પાણિપત), ચક્રવર્તી સરોવર, પારાકીત (પીપલી), કિંગફિશર (અંબાલા), રાજહંસ, કાલાતીતર વગેરેનો સમાવેશ થાય છે. તેમાંનાં કેટલાંક સ્થળોનાં નામ પક્ષીઓનાં નામ પરથી આપેલાં છે.

ઊર્જા : ૧૯૭૦માં ગ્રામ વીજળીકરણ-ક્ષેત્રે ૧૦૦ ટકા સિદ્ધિ મેળવનાર હરિયાણા પ્રથમ રાજ્ય બન્યું હતું. ત્યાં ૧૯૬૬માં ટ્યુબવેલ હતાં. તેમાં સતત વધારો કરીને માર્ચ ૨૦૦૦ સુધીમાં ૩.૬૦ લાખ ટ્યુબવેલ થયા હતા. ૧૯૬૬માં રોજના ૧૭ લાખ યુનિટ ઊર્જા પ્રાપ્ત થતી હતી તે માર્ચ ૨૦૦૦ સુધીમાં વધીને રોજની ૪૧૫ લાખ યુનિટ ઊર્જા મળે છે. ૧૯૬૭માં વીજળી વાપરનાર ગ્રાહકો ૩ લાખ હતા તે ૧૯૯૯માં વધીને ૩૪ લાખ થયા છે.

હવાઈ મથકો : પિંજોર, કરનાલ, હિસાર, ભિવાની તથા નારનોલમાં નાગરિક હવાઈ મથકો છે.

રેલવે : દિલ્હીથી આગ્રા, અજમેર, ફિરોઝપુર, અમૃતસર, જમ્મુ અને ચંદીગઢના રેલ માર્ગો હરિયાણામાંથી પસાર થાય છે. જગાધારીમાં રેલવે વર્કશૉપ આવેલી છે.

માર્ગો : હરિયાણામાં બધાં ગામોને મેટલ માર્ગોથી જોડવામાં આવ્યા છે. ૧૯૬૬માં રાજ્યમાં ૫૧૦૦ કિ.મી. લંબાઈના માર્ગો હતા. તેમાં સારી પેઠે વધારો કરીને હાલમાં ૨૨,૮૯૫ કિ.મી. લંબાઈના માર્ગો થઈ ગયા છે.

વિશિષ્ટતાઓ : હરિયાણામાં આવેલ પાણિપતની ઐતિહાસિક યુદ્ધભૂમિ પર હિંદુઓ, મુઘલો, મરાઠા, શીખો વગેરેએ યાદગાર યુદ્ધો લડ્યાં હતાં.

પુરાણોમાં જણાવ્યા મુજબ કુરુક્ષેત્રનાં પવિત્ર તળાવોમાં સ્નાન કરનાર કે ત્યાં અવસાન પામનાર સ્વર્ગે સિધાવે છે.

કુરુક્ષેત્રમાં જ્યોતિસરમાં આવેલું એક વડનું વૃક્ષ ૫૦૦૦ વર્ષથી વધુ પ્રાચીન માનવામાં આવે છે. આ વૃક્ષ હેઠળ શ્રીકૃષ્ણે અર્જુનને ગીતાનો ઉપદેશ સંભળાવ્યો હતો. ત્યાં આવેલ આરસની બનાવેલી શ્રીકૃષ્ણ, અર્જુન અને રથની પ્રતિકૃતિ જોવાલાયક છે. કુરુક્ષેત્રથી ૫ કિ.મી.ના અંતરે ભીષ્મકુંડ અથવા બાણગંગા નામનું પવિત્ર સરોવર આવેલ છે. તેની પાસે ભીષ્મ પિતામહ યુદ્ધ પૂરું થાય ત્યાં સુધી બાણશૈય્યા પર સૂતા હતા. ત્યાંથી તેમણે યુધિષ્ઠિરને ઉપદેશ આપ્યો હતો.

વડા પ્રધાન સ્વ. ચૌધરી ચરણસિંહ તથા ક્રિકેટનો પ્રસિદ્ધ ખેલાડી કપિલદેવ (હરિયાણા એક્સપ્રેસ) હરિયાણા રાજ્યના છે. ❐

અનુસંધાન] વહેણ અને વહેળો [પૃષ્ઠ ૨૨૧ થી

ખોડભાએ કહ્યું : 'છોકરાને હું પૂછવાનું, ઈની માનું નાતરું?' ને બંને હસી પડ્યા. 'મું આખો વચમાં છું.' ખોડભાએ કહ્યું.

ડાહી ખેતરે જવા નીકળી... થોડું મોડું થયું હતું. ઉતાવળી ચાલે ખેતરમાં જઈને જુએ છે તો નાથિયાના ઊંચા ખેતરમાં મોટો વહેળો પડ્યો હતો અને એ વહેળો નાથો પૂરતો હતો. વરસાદે દાટ વાળ્યો હતો. વરસોવરસ વહેળો પડે અને નાથો અને એનો બાપ પૂરે. આજે એકલો નાથો મજૂરી કરતો દેખાયો. એના પગ થંભી ગયા. આજે નાથો એકલો મથતો હતો. એનું ખેતર ધોવાઈ જતું હતું. પાવડાથી માટી ખોદી તગારે તગારે ઉપાડી નાથુ વહેળામાં નાખતો હતો. દૂરથી જેવી નજર એના ઉપર ગઈ અને એની નજર પણ સામે આવી, એટલામાં ગામમાંથી મગન કેદાર, ખોડભા અને બાપા આવી પહોંચ્યા...

'પંદરસોની વાત પાકી થઈ.' મગન કેદારે કહ્યું.

ખોડભાએ કહ્યું : 'પેલો નાથિયો હું કરૂસ લ્યા ?'

સોમા મુખી બોલ્યા : 'વહેળો પૂરતો હશે... બીજું હું ?'

મગન કેદારે કહ્યું : 'દિયોર રેવા દો, એ તો જેણે રાખ્યું ઈના સેતરમાં ધોવઈની આયુ... ઘી ઢળ્યું તો સીચરીમાં...'

આ સંવાદો ડાહીએ ધ્યાનથી સાંભળ્યા. અને પાકી ગયેલી ઉનાળુ બાજરીના આડા પડી ગયેલા મોલ તરફ જોતી શેઢે ઊભી ઊભી વહેળાને અને એના પૂરનારને તાકી રહી ક્યાંય સુધી ... પણ... ❐

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર ૧૧મી નવેમ્બર ૧૯૪૩
પ્રિયતમ કિટી,

આજના આ પ્રકરણનું મને એક સરસ શીર્ષક સૂઝ્યું છે.

મારી ફાઉન્ટન પેનના સ્મરણમાં
એક કવિત

ફાઉન્ટન પેન મારી માલિકીની એક કિંમતી વસ્તુ હતી. મારે મન એની કિંમત ઘણી હતી, કારણ કે એની ટાંક ઓછી અણીદાર હતી અને એવી ટાંકથી જ મારા અક્ષર સુંદર આવે છે. એની જીવનકહાણી લાંબી અને રસિક રહી, જે હું તને ટૂંકમાં લખું છું :

હું નવ વર્ષની હતી ત્યારે મારી આ ફાઉન્ટન પેન (રૂના પોલમાં લપેટાઈને) છેક આખેન (મારી નાનીના ગામેથી)થી 'વેચાણ માટે નથી' એમ લખેલા પાર્સલમાં આવી. ત્યારે મને ફ્લૂ થયો હતો. અને હું પથારીવશ હતી. ફેબ્રુઆરી મહિનાનો ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. આ અત્યંત સુંદર પેન લાલ ચામડાના પાકીટમાં આવી ને વહેલામાં વહેલી તકે મેં મારી બહેનપણીઓને બતાવી. ઍન ફ્રૅંક એક ફાઉન્ટન પેનની માલિક બની.

હું દસ વર્ષની થઈ ત્યારે મને સ્કૂલે પેન લઈ જવાની છૂટ મળી. અને મારા આશ્ચર્ય વચ્ચે મારા વર્ગશિક્ષકે પણ મારા પેન વાપરવા પર વાંધો ઉઠાવ્યો નહિ. પણ અગિયારમા વર્ષે જ્યારે હું છઠ્ઠા ધોરણમાં આવી ત્યારે મારે પેનને ઘેર મૂકી દેવી પડી કારણ કે ત્યારના વર્ગશિક્ષકના નિયમ પ્રમાણે શાળામાંથી મળતાં પેન-ખડિયો વાપરવાનાં હતાં. હું બાર વર્ષની થઈ અને મેં જ્યૂઈશ લાયસિયમમાં જવાનું શરૂ કર્યું. એના માનમાં મને એ પેન માટે નવો કંપાસ બૉક્સ મળ્યો. એમાં પેન્સિલ મૂકવાની પણ જગ્યા હતી અને પાછી ઝીપરથી બંધ કરવાનીય વ્યવસ્થા હતી, જે આકર્ષક હતી. હું તેર વર્ષની થઈ અને ફાઉન્ટન પેન મારી સાથે 'ગુપ્ત નિવાસ'માં રહેવા આવી. અને અમે બંનેએ સાથે મળીને અગણિત રોજનીશી અને અન્ય રચનાઓ લખી. મને ચૌદ પૂરાં થયાં અને મારી ફાઉન્ટન પેનની જિંદગીનું છેલ્લું વર્ષ શરૂ થયું ને... એક દિવસ

શુક્રવારની સાંજના પાંચ વાગી ગયા હતા. હું મારા રૂમમાંથી આવીને ટેબલ પર લેખનકાર્ય કરવા બેસવાની જ હતી ત્યાં મને એક ખૂણામાં ધકેલીને પપ્પા અને માર્ગટ ટેબલ પર લૅટિન ભણવા બેસી ગયાં. કામ વિના બિચારી ફાઉન્ટન પેન ટેબલ પર પડી રહી. અને એની માલિક એને મળેલી નાનકડી જગ્યાથી સંતોષ માનીને ચોળાની શીંગો ઘસવા બેસવું પડ્યું. એમ જ શીંગો પરની માટી અમે કાઢીએ છીએ. પોણા છએ મેં બધો જ પડેલો કચરો વાળી લીધો અને ખરાબ શીંગો સાથે એ કચરો છાપાંમાં એક પાનામાં ભેગો કરીને અંગિઠીમાં નાખી દીધો. એક મોટો ભડકો થયો. જોઈને મનમાં ને મનમાં હું રાજી થઈ કે ચાલો બુઝવા આવેલો દેવતા ફરી પાછો સજીવન થયો.

ફરી બધું શાંત થઈ ગયું. લૅટિનના વિદ્યાર્થીઓ જતા રહ્યા એટલે અધૂરું મૂકેલું કામ આગળ ચલાવવા હું ટેબલ પર બેઠી. પણ કેટલીય શોધી છતાં મારી ફાઉન્ટન પેન ક્યાંય મળે નહિ. ફરી એક વાર શોધાશોધ કરી. માર્ગટે શોધી, મમ્મીએ શોધી, પપ્પાએ શોધી, ડસેલે શોધી પણ એ તો ક્યાંક અદશ્ય જ થઈ ગઈ હતી.

'કદાચ શીંગો સાથે એ અંગિઠીમાં ફેંકાઈ ગઈ હશે.' માર્ગટને વિચાર આવ્યો.

'ના, એવું બની જ ન શકે.' મેં જવાબ આપ્યો.

પણ મોડી સાંજ સુધી અમને એનો પત્તો ન લાગ્યો ત્યારે અમે માની લીધું કે એ અંગિઠીમાં બળી ગઈ. ખાસ તો પ્લાસ્ટિક જ્વલનશીલ હોવાને કારણે એમ જ થયું હશે. અમને જેનો ડર હતો એની ખાત્રી ત્યારે થઈ જ્યારે બીજે દિવસે પપ્પાએ ઠરેલી અંગિઠી ફંફોસી અને રાખમાંથી પેનની ખિસ્સામાં ભરાવવાની પીન મળી આવી. એની સોનાની ટાંકનું નામોનિશાન રહ્યું નહોતું. 'નક્કી ઓગળી ગઈ હશે.' પપ્પાએ તર્ક કર્યો.

ગમે તેટલું નાનુંસૂનું લાગે પણ એક જ વાતનું મને આશ્વાસન મળ્યું કે મારી પેનને અગ્નિદાહ મળ્યો જેવો કોક દિવસ મને પણ મળે એવી મારી ઇચ્છા છે.

લિ. ઍન

બુધવાર ૧૭મી નવેમ્બર, ૧૯૪૩
પ્રિયતમ કિટી,

તાજેતરના બનાવોએ આ ઘરને પાયાથી જ હચમચાવી નાખ્યું છે. બેપને ઘેર એક પછી એક ડિપ્થેરિયાથી પટકાયાં છે, એટલે છ એક અઠવાડિયાં સુધી એને અમારે ત્યાં આવવાની મનાઈ છે. એના વિના અમારું રોજિંદુ જીવન ખોરવાઈ જવાનું. ખરીદી અને રસોઈ બંનેમાં મુશ્કેલી પડશે અને અમને મળતી કંપની બંધ થઈ જશે એ જુદી. શ્રી ક્લાઈમન હજી પણ પથારીવશ છે, અને ગયાં ત્રણ અઠવાડિયાંથી પ્રવાહી ખોરાક ઉપર છે. શ્રી કૂગ્લરને કામમાંથી માથુંય બહાર કાઢવાનો વખત નથી.

માર્ગટ એનું લૅટિનનું ઘરકામ તપાસવા માટે એક શિક્ષકને

બોલાવે છે. એ તપાસીને એઓ અહીં પાછું મોકલે છે. માર્ગટ બેપના નામે શિક્ષણ લે છે. આ શિક્ષકભાઈ ઘણા ચાલાક અને સારા છે. મને ખાત્રી છે કે આટલી હોંશિયાર વિદ્યાર્થિની મેળવીને એ પણ ખુશ હશે.

ડસેલભાઈ ઘણા જ ગૂંચવાડામાં પડ્યા છે. પણ શા માટે એની ખબર નથી. એની શરૂઆત ડસેલ એક વાર ઉપર ગયા ત્યારથી થઈ. ત્યારે એઓ શ્રી કે શ્રીમતી વૅનડાન સાથે કાંઈ જ બોલ્યા નહિ. આ વાતે અમારું પણ ધ્યાન ખેંચ્યું. આ થોડાક દિવસ ચાલ્યું અને પછી મોકો મળતાં મમ્મીએ અમને ચેતવ્યાં કે આમ જ ચાલ્યા કરશે તો કોક દિવસ શ્રીમતી વૅનડાન એમનો જીવ ખાઈ જશે. પણ ડસેલે જવાબ આપ્યો કે આ મૌનવ્રતની શરૂઆત શ્રીમતી વૅનડાને જ કરી હતી અને એનો ભંગ કરવાની એમની જરાય ઈચ્છા નથી. મારે કહેવું જોઈએ કે ગઈ કાલે એટલે કે ૧૬મી નવેંબરે ડસેલને અહીં રહેવા આવ્યે એક વર્ષ થયું. એ નિમિત્તે મમ્મીને એક છોડવો ભેટ મળ્યો. પણ શ્રીમતી વૅનડાનને, જેમણે આ દિવસના માનમાં ડસેલે અમને બધાંને એક પાર્ટી આપવી જોઈએ એવું ઘણા જ સ્પષ્ટ શબ્દોમાં કેટલાય દિવસો પહેલાં કહેવું ચાલુ કર્યું હતું એમને, ડસેલ તરફથી કાંઈ જ મળ્યું નહિ. આ તકે એમને અમે નિઃસ્વાર્થપણે અહીં રહેવા બોલાવ્યા એ માટે પહેલી વાર આભાર માનવાને બદલે ભાઈએ એ વિષયમાં એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. ઊલટું સોળમીએ સવારે મેં જ્યારે એમને પૂછ્યું કે આજે તમને અભિનંદન આપું કે આશ્વાસન ત્યારે જવાબ મળ્યો : ગમે તે ચાલશે. અહીં શાંતિના દૂતનું કામ કરતી મમ્મી પણ આમાં કાંઈ ફેર પાડી શકે નહિ અને છેવટે પરિસ્થિતિમાં કાંઈ જ ફેર પડ્યો નહિ.

ડસેલનો પેચ જરા ઢીલો છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. એમની યાદશક્તિ છે જ નહિ, નથી અભિપ્રાય કે નથી સામાન્ય બુદ્ધિ - એનું અમને ઘણી વાર હસવું આવે છે. કેટલીય વાર હમણાં જ સાંભળેલી વાત ગરબડ ગોટાળા સાથે અમને કહીને અમારું એમણે મનોરંજન કર્યું છે ને એમને એમની ભૂલો બતાવો કે તરત એ સુધારવા માટે ઢગલો વચનો આપશે અને એકેય પાળશે નહિ. કહે છે ને કે, 'Der mann hat einen grossen Geist Und ist so klin vow Taten !' (એક જર્મન કહેવત : માનવી આત્મા મોટો છે અને કર્મો કેટલાં છોટાં છે !)

લિ. ઍન.

શનિવાર ૭મી નવેમ્બર, ૧૯૪૩

પ્રિયતમ કિટી,

ગઈ કાલે રાત્રે હું સૂવા ગઈ ત્યારે મારી આંખો ઘેરાવા માંડી એટલામાં મારી સામે લીઝ આવીને ઊભી રહી.

ચીંથરેહાલ સૂકાયેલા ચહેરા સાથે ઊભી હતી. એની વિશાદ ભરેલી આંખો મારી પર મંડાઈ રહી હતી. જાણે કે ફરિયાદ કરતી હતી : 'અરે ઍન, મને એકલી મૂકીને કેમ જતી રહી ? મને મદદ કર, આ નરકાગારમાંથી મને બહાર કાઢ !!' એની આંખોમાં હું વાંચી શકતી હતી.

અને હું કાંઈ જ કરી શકતી નથી. બધાંને હેરાન થતાં અને મરતાં જોઈ રહેવા સિવાય કાંઈ જ કરી શકતી નથી. શક્ય છે ફક્ત પ્રભુ પાસે યાચના, એને મારી પાસે પહોંચાડવાની. મને ફક્ત લીઝ જ કેમ દેખાણી એની મને ખબર છે. હું એને ક્યારેય સમજી જ શકી નહોતી. એની મુશ્કેલી સમજવા જેટલી હું પુખ્ત પણ નહોતી. એ તો એની બહેનપણી માટે મરી પડતી હતી અને એને લાગતું હશે કે હું જ એની બહેનપણીને છીનવી રહી હતી. એને કેટલું ખરાબ લાગ્યું હશે. હવે મને સમજાય છે કારણ કે હવે મારા અંતરની એ ભાવના મેં પિછાણી છે. ત્યારે પણ કોક કોક વાર આ વાત સમજતી હતી પણ એ ક્ષણિક આવિષ્કારને અંતે હું મારા સ્વાર્થી આનંદ અને પ્રશ્નોમાં જ ખોવાઈ જતી હતી.

ત્યારે હું એની સાથે યોગ્ય રીતે વર્તી નહિ. ને હવે મને એનો ફિક્કો ચહેરો ભેંકાર આંખોથી નીરખી રહ્યો હતો. કેટલો દયામણો લાગતો હતો. મારાથી એને મદદ કરી શકાતી હોત તો ? હે ભગવાન, અત્યારે જ્યારે નસીબે એને મોતના જડબાંમાં જકડી લીધી છે ત્યારે હું તો એને માટે ફક્ત પ્રાર્થના જ કરી શકું એમ છું. એને પણ ભગવાનમાં એટલી જ શ્રદ્ધા હતી, ને કદાચ મારાથી વધુ શ્રદ્ધા હતી. એ પણ કોઈનું બૂરું ઈચ્છતી નહોતી તો પછી મને જીવન બક્ષી એને શા માટે મૃત્યુ મુખે ધકેલી ? આ ભેદભાવ શા માટે ? આટલું અંતર શા માટે ?

સાચું કહું તો મહિના થયા, મેં એનો વિચાર સુધ્ધાં કર્યો નહોતો. - ના વરસ થયું હશે. હું એને સાવ ભૂલી જ ગઈ હતી એવું નહોતું પણ છતાં એને સ્વપ્નમાં જોઈ નહિ ત્યાં સુધી એની યાતનાઓનો મેં વિચાર પણ કર્યો નહોતો.

અરે લીઝ, આશા કરું છું કે યુદ્ધ પછી તું પાછી ફરે અને તારી સાથે મૈત્રી કરી મારી પાછલી ભૂલો હું સુધારી શકું.

પણ એને ખરી મદદની જરૂર હોય તો તે અત્યારે છે. કોણ જાણે એ મારા વિચાર કરતી હશે કે નહિ અને શું વિચારતી હશે.

હે દયાનિધિ, એને ધીરજ આપજો, તમે સદા એની સાથે રહેજો, જેથી એને એકલું ન લાગે. તમે એને કહી શકો તો કહેજો- હું એના જ વિચાર કરું છું ભાવના વિભોર બનીને ! કદાચ એનાથી એને કાંક સારું લાગે.

હવે આ વિચાર મારે બંધ કરવા જોઈએ. એનાથી ફાયદો કાંઈ જ નથી. મને એની મોટી મોટી આંખો દેખાયા કરે છે. મારો જાણે કે પીછો કરે છે. શું એને ખરેખર ભગવાનમાં શ્રદ્ધા હતી કે કોઈએ એની પર ધર્મ લાદ્યો હતો. મને તો એની પણ ખબર નથી. મેં એને પૂછવાની તસ્દી પણ લીધી નહિ.

લીઝ, લીઝ તું અહીં આવી શકે ને અમારી પાસે જે કાંઈ છે તે અમારી સાથે વહેંચી શકે તો કેવું ? પણ એ માટે ઘણું મોડું થઈ ગયું છે. મારી ભૂલો હવે સુધારી શકાય એમ નથી. પણ હવે ફરીથી હું એને ભૂલી નહિ જાઉં. રોજ એને માટે પ્રાર્થના કરીશ.

લિ. ઍન. (ક્રમશઃ)

ધારાવાહી બંગાળી નવલકથા

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

તે દિવસે ઑફિસમાંથી પાછા ફરતાં નરસિંહમ મારે ઘેર આવ્યો.

એ વખતે રીટા મારી પાસે બેઠી હતી. અમે ચા પીતાં હતાં. નરસિંહમને પણ ચા પિવડાવી. એની જોડે ઑફિસની ઘણી જરૂરી વાતો કરવાની હતી. ઑફિસનાં કર્મચારીઓ હડતાલ માટે મતદાન કરવાનાં હતાં. જો તેઓ સાચોસાચ હડતાલ ઉપર જાય તો વાટાઘાટ માટે તેમને બોલાવી શી વાત કરવી અને શાં પગલાં લેવાં - એની ચર્ચા કરવા નરસિંહમ આવ્યા હતા.

ઑફિસનું બધું કામકાજ નરસિંહમ સંભાળતો અને ઑફિસનાં જુદાં જુદાં ખાતાંઓ વચ્ચે મેળ જળવાઈ રહે તે માટેની જવાબદારી પણ એની હતી. ઑફિસ એક યંત્ર જેવી છે. યંત્ર ચાલતું હોય તેટલો વખત એના દરેક ભાગ તરફ મશીન ચલાવનારે સતત ધ્યાન રાખવું પડે છે. એની જરા પણ ગફલત થાય કે નજરચૂક થાય તો યંત્ર ખોટકી જાય.

મારી ગ્રીઅરસન કંપનીનું યંત્ર ઠીક ચાલે તે માટે સાવધાની અને સતર્કતા રાખવાનું કામ નરસિંહમને સોંપાયેલું હતું. એ વિશેની બધી ચર્ચા ઑફિસમાં તો થઈ ન શકે; કેમ કે ભીંતને પણ કાન હોય અને અમે હડતાલ વિશે શાં પગલાં લેવાં તે વિચારીએ છીએ તેની કર્મચારીઓને જાણ થઈ જાય તેવી શક્યતા હતી તેથી જ મેં નરસિંહમને ઘેર બોલાવ્યો હતો.

કામની વાત પૂરી થયાં પછી એ જતો હતો ત્યાં એકાએક રીટાએ કહ્યું : 'મિસ્ટર નરસિંહમ, હું તમને એક વાત પૂછી શકું?'

નરસિંહમ ઊભો થયેલો તે પાછો બેસી ગયો. એણે કહ્યુઃ 'પૂછોને, મિસીસ સેન.'

રીટાએ કહ્યું : 'તમારી કામવાળીને પોલીસ પકડી ગયા છે?'

નરસિંહમે કહ્યું : 'હા, જુઓને એ બહુ સારું કામ કરતી હતી. પણ હું તો વધારે ઘરમાં રહેતો નહિ. મારી પત્ની નર્સિંગહોમમાં ને હું ઑફિસમાં. એ એવી વિશ્વાસપાત્ર નહોતી તે મને ક્યાંથી ખબર પડે?'

રીટાએ પૂછ્યું, 'એણે શેની ચોરી કરેલી?'

નરસિંહમે કહ્યું, 'મેં એ વિશ્વાસપાત્ર છે એવી બાંહેધરી આપેલી તેથી રાખેલી. એણે ચોરી કરી હોય તોય મેં એને પકડી નથી. તો પોલીસ શા માટે એને પકડી ગઈ? જરૂર એની સામે કશો ગુનો કર્યાનો પુરાવો હોવો જોઈએ. હું પરમ દિવસે થાણામાં ગયો હતો. અને એને શા માટે પકડી છે તે પૂછ્યું હતું. એ લોકોએ ખબર આપ્યા કે એની વિરુદ્ધ મોટો ગુનો કર્યાની ફરિયાદ છે.'

થોડી વાર રોકાઈને પાછા એણે આગળ ચલાવ્યું. 'તો હવે હું શું કરી શકું? તમે જ કહો.' પોલીસે મને કહ્યું, 'આજકાલ કલકત્તા શહેરમાં આવું તો થયા જ કરતું હોય છે. એવાં લોકો ભદ્રલોકનું ઘરકામ કરે, રસોઈ કરે, ને પછી એક દિવસ ચોરી કરીને ભાગી જાય.'

રીટાએ પૂછ્યું, 'તો તમને આ વાતની પહેલાં ખબર પડી નહોતી?'

નરસિંહમે કહ્યું, 'એમ જોવા જઈએ તો હું ઘરમાં રહેતો જ નહિ એમ કહું તો ચાલે. ફક્ત રાતના ઘેર આવીને જમીને સૂઈ જતો. દિવસે એ ઘરમાં શું કરે છે તેની મને શી રીતે ખબર પડે? બે-એક ઓરડાના બારણે તાળું મારીને હું જતો; પણ દીવાનખાનું, સ્ટોરનો ઓરડો, રસોડું, બાથરૂમ એ બધું તો ઉઘાડું જ રહેતું.'

રીટાએ પૂછ્યું, 'જેણે એને મોકલેલી તેને તમે પૂછેલું નહિ?'

નરસિંહમે કહ્યું, 'મેં એ વિસ્તારમાં નવું ઘર બંધાવેલું. આસપાસના કોઈને હજી હું ઓળખતો નથી. મારો જે ધોબી હતો, તેને મેં કોઈ કામવાળી શોધી આપવા કહ્યું હતું. એણે જ એને લાવી આપી હતી.'

રીટાએ કહ્યું, 'એ ધોબીએ તમને કામવાળી શોધી આપી અને તમે રાખી લીધી?'

નરસિંહમે કહ્યું, 'રાખું નહિ તો શું કરું? તે વખતે મારે કામવાળીની સખત જરૂર હતી. મારી પત્ની હૉસ્પિટલમાં, ઘરની સંભાળ રાખનારું કોઈ નહિ, વતનમાં બાપ માંદા, મા પણ બાપને મૂકીને આવી શકતી ન હોય, તો હું શું કરું, તમે જ કહો? એટલે ના-છુટકે રાખવી પડી.'

થોડી વાર રોકાઈ વળી પાછું એણે કહ્યું, 'તો પણ હું કહું છું કે એ કામવાળી બહુ જ સારી હતી. ક્યારેય એક પણ પૈસાની હેરફેર કરી નથી. પણ પોલીસ શા માટે એને પકડી ગઇ તે હું જાણતો નથી.'

વાત કરીને નરસિંહમ ઘેર ચાલ્યો ગયો. એ પોતાની સાથે ઑફિસની ફાઈલ પણ લેતો ગયો. હડતાલ પર જો કર્મચારીઓ જાય તો ઑફિસનાં બધાં કાગળિયાં એની પાસે રાખ્યાં હતાં.

નરસિંહમના ગયા પછી રીટાએ કહ્યું : 'તો હવે કેસ ક્યારે પાછો ચાલશે?'

મેં કહ્યું, 'કેસની તારીખે પોલીસ આપણને પહેલેથી ખબર આપશે.'

'પણ આપણે એને સ્કૂલમાં મોકલીએ અને પાછો એને કોઈ ઉઠાવી જાય તો?'

'આપણે એને થોડા દિવસ સ્કૂલમાં નહિ મોકલીએ. ઘરમાં ભણવાની વ્યવસ્થા કરીશું.'

થોડા દિવસ પછી ઓ.સી.એ કેસની તારીખ વિશે સમાચાર આપ્યા. પણ મુશ્કેલી એ ઊભી થઈ કે જે દિવસથી ઑફિસના કર્મચારીઓ હડતાલ પર જવાના હતા, તે જ દિવસે કેસની મુદત હતી. અમારાં કર્મચારીઓની જાતજાતની માગણીઓ હતી. પગારવધારો તો ખરો જ. તે ઉપરાંત ડૉક્ટરની સુવિધા, પ્રોવિડન્ટ ફંડ તથા ગ્રેજ્યુઈટી, પેન્શન એમ માગણીઓનો પાર નહોતો.

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ મંત્રણાઓ ચાલી યુનિયનના નેતાઓ જોડે. પણ કોઈ પણ હિસાબે એ લોકો મચક આપતાં નહોતાં. એક દિવસ અમારી વાટાઘાટ રાતના મોડે સુધી ચાલી. ત્યાં ઘેરથી અમારા ડૉક્ટરનો ફોન આવ્યો : 'તમે તાબડતોબ ઘેર આવી જાવ. ઘર પર બહુ મોટી આફત આવી છે.'

હું ચોંક્યો. મેં પૂછ્યું, 'શાની આફત? શું થયું છે કહો.'

ડૉક્ટરે કહ્યું, 'તમારી મિસીસ ખૂબ માંદી છે.'

હું મૂંઝાયો. મેં પૂછ્યું, 'કેમ? એકાએક શાની માંદગી આવી?'

ડૉક્ટરે કહ્યું, 'તમને થાણાના ઓ.સી.એ કશી વાત નથી કરી?'

મેં કહ્યું, 'ના. હું તો આખો દિવસ હડતાલિયા જોડે સમાધાન કરવાની ધમાલમાં હતો. એટલે મને તો બીજી કશી બાબતનો વિચાર કરવાનો વખત જ નહોતો. મારી ઑફિસની ટેલિફોન ઓપરેટર પણ હડતાલમાં જોડાઈ છે. તમને લાઈન મળી શી રીતે?'

ડૉક્ટરે કહ્યું, 'તેથી જ વારંવાર પ્રયત્ન કરવા છતાં તમે મળ્યા નહિ, એટલે સીધો અંગત નંબર પર ફોન કર્યો, ત્યારે તમે મળ્યા. આજે તમારા કેસની મુદત હતી તે તો તમે જાણો છો ને?'

મેં કહ્યું, 'હા, યાદ છે.'

ડૉક્ટરે કહ્યું, 'તમે થાણાના ઓ.સી.ને મળશો તો બધી વાતની ખબર પડશે. સાંભળ્યું છે કે આજે ગુનેગારને છોડી દેવામાં આવ્યો છે.'

મેં કહ્યું, 'એને છોડી દેવાય શી રીતે? એ તો ફરી વાર બાબલાનું અપહરણ કરશે.'

ડૉક્ટરે કહ્યું, 'એ તો મને ખબર નથી. તમે ઘેર પાછા ફરો ત્યારે થાણાના ઓ.સી.ને મળતા આવજો. હું તમારે ઘેર જ છું. તમારાં મિસીસની માંદગીનો ઉપચાર કરું છું.'

હું ઑફિસમાં રોકાયો નહિ. મેં નરસિંહમને કહ્યું, 'તમે ઑફિસમાં જે કરવાનું હોય તે કરો. હું હવે ઑફિસમાં રોકાઈ શકું એમ નથી. મારે ઘેર બહુ જરૂરી કામ છે એટલે જાઉં છું.'

કહીને ગાડીમાં જઈને બેઠો. હડતાલિયાં ઑફિસ આગળ ધરણા કરીને બેઠાં હતાં. પણ તેમને ઠેલીને હું ગાડીમાં આવીને બેસી ગયો. મદને ઝડપથી ગાડી હંકારી.

મેં કહ્યું, 'ઘેર નહિ, સીધા થાણામાં જવાનું છે.'

થાણાનો ઓ.સી. મને જોઈને અચંબામાં પડી ગયો. એણે કહ્યું, 'સર ! તમને ટેલિફોન કરીને થાક્યો. પણ તમે મળ્યા જ નહિ, એટલે મેં પ્રયત્ન કરવાનું છોડી દીધું. અંગત ટેલિફોન લાઈન કોઈ વાર ચાલે તો કોઈ વાર ચાલે નહિ.'

પછી એણે કહ્યું, 'જવા દો એ વાત. મેં એ છોકરાને છોડી દીધો. એને સજા કરી શકાઈ નહિ.'

'કેમ?'

ઓ.સી.એ કહ્યું, 'જે બાઈ તમારા છોકરાને ઉઠાવી ગઈ હતી તે તો એ છોકરાની મા છે.'

હું હેબતાઈ ગયો. મેં પૂછ્યું, 'એટલે?'

'એ બાઈએ મૅજિસ્ટ્રેટને એમ જ કહ્યું.'

હું ખુરશીમાં બેઠો હતો તે એકદમ ઊભો થઈ ગયો. એ વખતે ઉશ્કેરાટને લીધે હું થરથર કાંપતો હતો.

મેં કહ્યું, 'તમે શી વાત કરો છો? બધી જૂઠી વાત. તમારા વકીલે એની ઊલટપાલટ તપાસ કેમ ન કરી? એ એની માસી છે. એ નાતે જ એના ભાણેજને અમને સોંપી ગઈ હતી. એનાં મા-બાપ તો ઘણા વખત પહેલાં મરી ગયાં છે. એની સાથે ભૈરવ અડ્ડી નામનો ગામનો એક માણસ હતો. એણે એ છોકરાને લાવીને અમને સોંપ્યો.'

ઓ.સી.એ કહ્યું, 'ના, એ તમારા છોકરાની મા છે.'

મેં ઘાંટા પાડીને કહ્યું, 'તમે કેવી વાત કરો છો? સરકારી વકીલે એની ઊલટપાલટ તપાસ ન કરી?'

ઓ.સી.એ કહ્યું, 'સરકારી વકીલે એની ઘણી ઊલટપાલટ તપાસ કરી. પણ શું તમે ક્યારેય એને સિગારેટ કેસ આપેલી?'

'સિગારેટ કેસ?'

ઓ.સી.એ કહ્યું, 'હા, સોનાની એક સિગારેટ કેસ. તેની પર ગ્રીઅરસન સાહેબનું નામ લખેલું છે. તમે એને એ સિગારેટ કેસ આપી ન હોય તો એની પાસે ક્યાંથી આવે કહો તો?'

થોડી વાર તો હું એક અક્ષર પણ બોલી શક્યો નહિ. હું ત્યાં પથ્થરની જેમ જડ જેવો ઊભો રહ્યો. મારી સ્મરણશક્તિ

ઉપર જાણે કોઈએ કાળો પડદો ઢાંકી દીધો હોય.

મેં પૂછ્યું, 'એ હમણાં ક્યાં હશે જાણો છો?'

ઓ.સી.એ કહ્યું, 'એ તો કંઈ કહેવાય નહિ. કોર્ટમાંથી છૂટ્યા પછી એ ક્યાં ગઈ છે તે હું જાણતો નથી.'

મેં કહ્યું, 'મારે હમણાં ને હમણાં જ એને મળવું જરૂરી છે.'

એ વખતે મારું માથું જાણે ભડકે બળતું હતું. કેટલાય દિવસથી ઑફિસની હડતાલનું ધાંધલ હતું. એને કારણે હું અને નરસિંહમ બહુ મૂંઝવણમાં હતા. ઑફિસનાં કર્મચારીઓ જેટલાં ઉશ્કેરાયેલાં હતાં તેટલાં જ અમે બંને ઉશ્કેરાયેલા હતા. ગ્રીઅરસન કંપનીની આટલા સમયની પ્રતિષ્ઠા ભાંગીને ભુક્કો થઈ જવાની નોબત આવી હતી. તેવી સ્થિતિમાં કુટુંબની શાન્તિ ભયમાં મુકાઈ છે. આખા દિવસનો થાક્યોપાક્યો ક્યારે ઘેર જઈને આરામ કરીશ, તે નહિ પણ પોલીસ, કોર્ટ, ડૉક્ટરને લઈને પાછું માથાદુઃખણું.

આ બધું તો માથાદુઃખણું હતું જ પણ તેમાં રીટાની માંદગીએ ઉમેરણ કર્યું.

માણસ પૈસા કમાય જિંદગી સુખચેનથી જીવી શકાય તે માટે, સંસાર માંડે આરામ અને શાંતિ માટે. પણ નવાઈની વાત તો એ હતી કે મારા ભાગ્યમાં એ કશું લખાયેલું જ નહોતું. મારે પૈસા જોઈતા હતા પણ આવી વહુ તો મારે જોઈતી નહોતી. વળી મારે એવી વહુ જોઈતી નહોતી કે જેના દ્વારા સંતાન ન થાય.

મને ચક્કર આવતાં હતાં. મેં કહ્યું, 'ક્યાં જાઉં તો એને મળાય એ તમે કહી શકો?'

ઓ.સી.એ કહ્યું, 'તમે જે જગ્યાએથી અમે એને પકડી, તે જગ્યામાં તપાસ કરો, એ નવબાગાનની ઝૂંપડપટ્ટી પાસેનું ઘર છે.'

મેં પૂછ્યું, 'એ ઘરનું સરનામું આપો તો.'

ઓ.સી.એ ઘરનું સરનામું આપ્યું.

મેં કહ્યું, 'એ તો મારા આસિસ્ટન્ટનું ઘર છે, મિસ્ટર નરસિંહમનું.'

ઓ.સી.એ કહ્યું, 'તમારા આસિસ્ટન્ટ. એની તો અમને ખબર નહોતી. એ ઘરમાં તો એ બાઈ ઘરકામ કરતી હતી. ત્યાંથી તો અમે એને પકડી હતી.'

તે પછી હું ત્યાં રોકાયો નહિ. મદન મને સીધો નરસિંહમને ઘેર લઈ ગયો. નરસિંહમ જરૂર અત્યાર સુધીમાં ઘેર આવી ગયો હશે. કદાચ એ બાઈ પણ ત્યાં આવી ગઈ હશે. પણ જેને પોલીસે પકડી હતી તેને શું નરસિંહમ પાછી રાખશે? અને તે સિવાય નરસિંહમ તો કહી ગયો હતો કે એની જગ્યાએ તેણે એક બીજી કામવાળીને રાખી લીધી છે. એની નાતના જ એક મિત્રે એને એક કામવાળીને મોકલાવી હતી. તે પછી પણ શું એ નરસિંહમને ત્યાં જાય?

તો પણ છેલ્લો પ્રયત્ન કરવા હું નરસિંહમને ત્યાં ગયો.

મેં મદનને કહ્યું, 'જા નરસિંહમ સાહેબ ઘેર છે કે નહિ તે જોઈ આવ.'

મદને જઈને નરસિંહમના ઘર પરનું ઘંટડીનું બટન દાબ્યું. એક સ્ત્રી બહાર આવી. એણે પૂછ્યું, 'તમે કોણ? કોનું કામ છે?'

મદને કહ્યું, 'નરસિંહમ સાહેબ ઑફિસેથી આવી ગયા છે?'

જોતાં લાગતું હતું કે એ નરસિંહમની નવી કામવાળી હતી. એણે કહ્યું, 'સાહેબ હજી આવ્યા નથી.'

મદને એને કહ્યું, 'આવે એટલે સાહેબને કહેજો કે સેન સાહેબ આવ્યા હતા. હું એમનો ડ્રાઈવર છું. એમને કહેજો કે જેવા એ ઘેર આવે કે તરત જ સેનસાહેબને ઘેર જાય. બહુ જરૂરી કામ છે.'

એ કામવાળી ભૂલી ન જાય તે માટે એની પાસે મદને શું કહેશે તે આખો સંદેશો બોલાવડાવ્યો. મદને કહ્યું, 'બરાબર, એમને કહેજો કે સેન સાહેબ જાતે આવ્યા હતા. ભૂલશો નહિ.'

પેલી બાઈએ કહ્યું, 'ના, નહિ ભૂલું.' (ક્રમશઃ)

અનુસંધાન] ભાવિ વિજ્ઞાન [પૃષ્ઠ ૨૩૧ થી

આપણે ભેટીશું. તે કાં તો અત્યંત આદિવાસી અથવા પ્રગત હશે. જો માનવ-જાતે વધુ પ્રગતિ કરેલી હોય તો તેણે આજ સુધી આપણા ગ્રહ-પૃથ્વી કે અન્ય તારાવિશ્વ (ગૅલૅક્ષી)ની મુલાકાત કેમ નહીં લીધી હોય? અન્યત્ર વધુ પ્રગત પ્રજા હોય તો તે આપણને ભારે ભય કે પ્રક્ષોભની સ્થિતિમાં રાખવા માગતી હશે? અહીં હૉકિંગ શંકા કરે છે કે તેવી પ્રગત માનવ જાત આપણા જેવા નિમ્ન પ્રકારના માનવો પ્રત્યે ભલી પણ હોય. પણ અન્યત્ર આવું જીવન નહીં હોય તેવું સ્વીકારવું ઠીક લાગે છે; અથવા તો જીવન હશે તો બુદ્ધિયુકત જીવન નહીં હોય. ઉત્ક્રાંતિનું અનિવાર્ય પરિણામ બુદ્ધિ છે એવું આપણે માનીએ છીએ. શું તે બરાબર છે? બુદ્ધિને જીવન સાથે શું સંબંધ છે તે હજુ સ્પષ્ટ થયું નથી. બૅક્ટેરિયા બુદ્ધિ વિના જીવી શકે છે. આપણી 'બુદ્ધિ' ન્યૂક્લિઅર યુદ્ધ કરાવી સર્વનાશ નોતરશે ત્યારે બૅક્ટેરિયા જ આપણને જીવંત રાખશે.

તો પછી ભવિષ્ય કેવું (કોના જેવું) હશે ? હૉકિંગ માને છે કે જૈવિક અને ઈલેક્ટ્રોનિક જટિલતાઓના વિકાસ વચ્ચે આપણે જ આપણા પગ ઉપર ઊભા રહેવાનું હશે. (અત્યારે તો આટલું જ કહી શકાય કે) હવે પછીનાં થોડાંક વર્ષો સુધી આવું કંઈ બને તેમ લાગતું નથી. હવે પછીની સહસ્રાબ્દીના અંતે, જો માનવજાત ત્યાં સુધી ટકી રહે તો, આજની વિજ્ઞાનની કલ્પના-કથાઓ મૂળભૂત (પાયાના) સિદ્ધાંતો બની રહેશે.

(સ્ટિફન હૉકિંગના લેખ 'ફ્યુચર સાયન્સ' પર આધારિત)

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

ગર્ભનિરોધક બનજૌરી

તા. ૧૪-૧-૯૭ : હમણાં વિજ્ઞાનના સામયિક 'કરંટ સાયન્સ'માં એક અજબની સંશોધન વિગત વાંચી. બિહારના આદિવાસીઓમાં સંતતિ-નિયમન માટે એક ખાસ વનસ્પતિ બનજૌરી વપરાય છે. એક-બે ફૂટ ઊંચા બનજૌરીના છોડ ચોમાસામાં જંગલમાં ખૂબ ઊગી નીકળે છે. આવા છોડ આખા ને આખા (ડાળ, પાંદડાં, મૂળિયાં સાથે) સૂકવીને તેનો ભૂકો કરવામાં આવે છે અને સ્ત્રીને સુવાવડ પછી પહેલા પાંચ વાસા એક-એક ચમચો પાણી સાથે અપાય છે. ઉપરાંત પછીનાં પહેલાં માસિક પછી ૧૫ દિવસ સુધી રોજ એક એક ચમચો અપાય છે અને આવું ત્રણ માસ સુધી ચાલુ રાખે છે. આદિવાસીમાં એવી માન્યતા છે કે આમ કરવાથી સ્ત્રીને વધુ બાળકો થતાં નથી.

આદિવાસીઓની આ માન્યતા ચકાસવા માટે બૅંગલોરની ઇન્ડીઅન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના રિપ્રોડક્ટિવ બાયોલૉજી (જૈવિક પ્રજનનશાસ્ત્ર)ની પ્રયોગશાળામાં યોજાયેલા એક પ્રયોગની વિગત મેં 'કરંટ સાયન્સ'માં વાંચી

પ્રયોગ વાંદરીઓ ઉપર કરવામાં આવ્યો. આ માટે બનજૌરી (વૈજ્ઞાનિક નામ વિકોઆ ઇન્ડિકા)ના ભૂકાને મગફળીના ભૂકા અને ગૉળ સાથે મેળવીને લચકા જેવું બનાવવામાં આવ્યું. પહેલાં તો આ બનજૌરીની વાંદરાના આરોગ્ય પર કોઈ વિપરીત અસર થતી નથી તે ચકાસવામાં આવ્યું. તેની ખાતરી કરી લીધા પછી મૂળ પ્રયોગ શરૂ કર્યો. વાંઝણી ન હોય તેવી વાંદરીઓને બે જૂથમાં પસંદ કરી પહેલા જૂથની વાંદરીઓને પ્રસવ પછી બીજા થી પાંચમા દિવસ સુધી રોજના પાંચ ગ્રામ બનજૌરી આપ્યું. બીજા જૂથની વાંદરીઓને પ્રસવ પછી ફરી પ્રથમ માસિકમાં આવી ત્યારે માસિક પછીના ૧૪ દિવસ સુધી રોજના બે ગ્રામ બનજૌરી આપવામાં આવ્યું. આવું ત્રણ માસિક સુધી ચાલુ રાખ્યું. પ્રયોગ પછી વાંદરીઓના જૂથમાં એટલા જ વાંદરા સાથે રાખ્યા જેથી સગર્ભા થવાના સંયોગો રહે. પરિણામ એ આવ્યું કે પહેલા જૂથ (પ્રસવ પછીના પાંચ દિવસની ટ્રીટમેન્ટવાળા)ની વાંદરીઓ નૉર્મલ સમયે સગર્ભા થઈ પણ બીજા જૂથની વાંદરીઓ (પ્રસવ પછીના પહેલા માસિક પછીના ૧૪ દિવસની ટ્રીટમેન્ટવાળા) બાવીસ માસિક પછી પણ સગર્ભા ન થઈ. (જે સામાન્ય સંજોગોમાં ત્રણથી ચાર માસિક પછી થવું જોઈએ).

આમ, આ વનસ્પતિનો સંતતિનિરોધક ગુણધર્મ તો ચકાસાયો પણ હવે વૈજ્ઞાનિકોને એ જાણવું છે કે આ વનસ્પતિમાં આવેલા ક્યા રસાયણિક તત્ત્વને કારણે આ ગુણધર્મ ઊભો થયો છે. તે રસાયણિક તત્ત્વને છૂટું પાડી સ્વતંત્ર રીતે પ્રયોગશાળામાં તૈયાર કરી શકાય તો મુખથી લેવાય તેવી સંતતિ-નિરોધક દવા તૈયાર કરી શકાય.

ગ્રામીણ સમાજમાં વિજ્ઞાન

તા. ૧૮-૨-૯૭ : આ વર્ષનું ગુજરાત સાયન્સ કૉંગ્રેસનું અધિવેશન વલ્લભવિદ્યાનગરમાં મળી ગયું. 'ગ્રામીણ સમાજ અને વિજ્ઞાન' એ અધિવેશનનો મુખ્ય મુદ્દો હતો. આપણા ગ્રામીણ સમાજમાં વિજ્ઞાનની જાણકારી ઘણી બધી છે તેનાં એક-બે સરસ ઉદાહરણો જાણવા મળ્યાં. **CHETNA** (ચેતના એ તો અટીરા જેવું છે. - **Child Health Education Training and Nutrition Association**)ની બહેનો આદિવાસી વિસ્તારમાં મહિલાઓનો વર્ગ ચલાવતાં હતાં. વર્ગમાં આપણી પાચનક્રિયા સમજાવવા માટે અન્ન-નળી, હોજરી, નાનું આંતરડું, મોટું આંતરડું વગેરે આકૃતિની મદદથી સમજાવતાં હતાં. ત્યારે ઘણી આદિવાસી સ્ત્રીઓ લાંબી થઈને ઊંઘવા લાગી. એટલે પેલાં શહેરીબહેન જે ભણાવતાં હતાં તેમણે પૂછ્યું કે આમ કેમ ઊંઘો છો? પેલી આદિવાસી સ્ત્રીઓ કહે, આ બધું તો અમે જાણીએ છીએ! આદિવાસી શિકાર કરીને ભોજન મેળવે અને શિકાર કરેલા પ્રાણીને ચીરીને આ હોજરી, આંતરડાં, ફેફસાં બધું ખરેખર જોયેલું છે. એટલે તમારાં આ ચિત્રો જોવામાં શું મજા આવે! પ્રયોગશાળામાં જ વિજ્ઞાન શિખાય તેવી માન્યતા કેમ ચાલે? સાચી રીત તો એ છે કે જનસમાજનું જે વૈજ્ઞાનિક જ્ઞાન છે તે જાણો, તે જ્ઞાનને પ્રયોગશાળામાં લઈ જાવ, તેને વિકસાવો અને એ વિકસિત વિજ્ઞાન પાછું જનસમાજને પહોંચાડો. અત્યારે આપણા દેશમાં વિજ્ઞાન પ્રયોગશાળામાં જ જન્મે છે, ત્યાં જ વિકસે છે અને ત્યાં જ વિરમે છે. હા, તેમાંનું થોડુંક (૨૦ ટકા જેટલું) કારખાનાના રૂપમાં સમાજમાં પાછું આવે છે.

અમદાવાદની મૅનેજમેન્ટ સંસ્થાના પ્રોફેસર અનિલ ગુપ્તાએ વાત કરી કે આંધ્રમાં ખેડૂતો તમાકુના ધરુ વાવતી વખતે લોટામાં દૂધ લઈને જાય છે. એક ધરુ વાવ્યા પછી આંગળાં દૂધમાં બોળે છે. દરેક ધરુ વાવતી વખતે આમ આંગળીઓ દૂધમાં બોળે છે. આ અવલોકન ઉપરથી એક વૈજ્ઞાનિકને સૂઝ્યું - તેણે તમાકુના ધરુનાં મૂળિયાં પર કેટલાંક વાઇરસ જોયાં. આ વાઇરસ ચામડીમાં લાંબેગાળે કૅન્સર જેવી સ્થિતિ ઊભી કરે છે. દૂધમાં આ વાઇરસને નાશ કરવાની શક્તિ છે. તે શક્તિ જે તત્ત્વમાંથી આવે છે તે છૂટું પાડ્યું. અને પછી દવા બનાવવામાં તેનો ઉપયોગ કર્યો ! જનસમાજ પાસેનું જ્ઞાન જાણ્યું, તેને પ્રયોગશાળામાં લાવીને વિકસાવ્યું અને વિકસિત જ્ઞાન જનસમાજને પાછું આપ્યું ! (ક્રમશઃ)

સાત વારની વારતા

મૂ.લે. પુ.લ.દેશપાંડે / અનુવાદ : અરુણા બિલ્ગી-જાડેજા

નાનપણમાં મારી આજી મને સાત વારની એક વારતા કહેતી. આજે તો એ વારતા મને યાદ આવતી નથી પણ તે કહેનારી આજીનો થરથરતો ધીમો અવાજ સાંભરે છે. હકીકતે તો આ વારતાઓ એટલે ઊંઘની બાળાગોળી હતી. ઝાંખું અજવાળું, તડાતૂમ ભરાયેલું પેટ, વચ્ચેવચ્ચેથી વાંસા પર ફરનારો આજીનો હાથ અને માયાથી ભરપૂર શબ્દોની ધાર આ રસાયણમાંથી એ બાળાગોળી તૈયાર થતી. આજીના દરેક વાક્ય પછી 'હૂં' કહેવું પડતું. પાંચ-સાત મિનિટોમાં એ 'હૂં' ધીમાતું. પછી પગ પરની પછેડી કેડ સુધી પહોંચતી અને આજીની વારતા પૂરી થતાં થતાંમાં માંડમાંડ બહાર ઊભી રાખેલી ઊંઘ આંખમાં પેસી આવતી. આવા નિત્ય કાર્યક્રમને લીધે, સળંગ વાતો યાદ આવતી નથી. પણ એ સાત વારની વારતા અરધી-પરધી સાંભરે છે. આ વારતામાં સાત વાર સાત ભાઈઓ હતા.

પહેલાં એટલે ઘણાં ઘણાં વખત પહેલાં ... હા, ત્યારે આજના જેવું નહોતું, ત્યારે ડુંગરાઓને પાંખ હતી અને પશુ-પક્ષી માણસ જેવું બોલતાં હતાં. ઝાડ બોલતાં હતાં... કહેવાય છે કે તે સમયે પૂર્વમાં આ વારનો એક મોટ્ટો મહેલ હતો. એને સાત મોટાં દાલાન હતાં. આ સાત ભાઈઓ એવા મહેલમાં રહેતા હતા, તો પણ એકબીજાના દાલાનમાં જવાની તેમને પરવાનગી નહોતી. તેઓ ફક્ત દીવાનખાનામાં જ મળી શકતા. બધાં જ સુખ-સગવડ ત્યાં હતાં. અહીં આજીના સુખસગવડની કલ્પના આવતી. સુસ્વરે ગાનારાં પક્ષી, બારી બારણે હીરા-મોતી જડેલાં તોરણો, સોનાની દીવીઓ, બગીચામાં બારે માસ ફળ આપનારું આફૂસનું ઝાડ, ફરસાણ (કડબોળે)ના વેલા, લાડવાનાં ઝાડ, ઘૂઘરાના છોડવા, એમાં રીંગણાં જેવા નાના નાના ઘૂઘરા બેસતા. કેટલુંય ખાઓ તો યે ન ખૂટનારી શ્રીખંડની વાટકી અને કેટલુંય રેડી દો તોયે ન ખૂટનારી દૂધની બોઘરણી, આટલું બધું હતું તોયે આ બધા વારને એક વાતનું દુઃખ હતું, તે એ કે એકબીજાના ઓરડામાં નહીં જવાના નિયમનું! એમના પર ચૉકી કરવા ઇન્દ્રે એક યક્ષ નીમ્યો હતો. એમને જે જોઈએ તે યક્ષ આપતો પણ જો સોમવાર મંગળવારના ઓરડા તરફ જરીક જાય તો એ બૂમ પાડતો, 'સબૂર'! આજીની વારતાનો યક્ષ હિંદી બોલતો હતો. આથી મને એવું લાગતું હતું કે આ યક્ષ સાધારણ રીતે અમારી ચાલીમાંના ભૈયા જેવો દેખાતો ઈસમ હોવો જોઈએ. આમ તો અમારી ચાલીનો ભૈયો પ્રેમાળ હતો. પણ અમને ચાલીના આંગણામાં લખોટી-બૉલબૅટ રમવા દેતો નહિ. રસ્તામાંથી જ હાંકી મૂકતો. યક્ષ ભૈયા જેવો દેખાય છે એ કલ્પના મારા મનમાં એવી તો સજ્જડ બેસી ગયેલી કે કાલિદાસના વિરહી યક્ષનું ચિત્ર પણ મારી સામે ભૈયાના રૂપમાં જ આવે છે. બાકી પોતાનો દેશ મૂકીને ઘરવાળી અને બાલ-બચ્ચાંને છોડીને મુંબઈમાં દૂધ વહેંચવા અને ચાલીનાં બિલ ઉઘરાવવા આવેલા આ પુરભૈયા એક અર્થે તો ચિરવિરહી જ! આજીની વારતામાંના યક્ષનો મને ગુસ્સો આવતો. મને એ સમજાતું નહોતું કે સાતેય ભાઈઓએ રહેવાનું એક મહેલમાં, ગયો એક ભાઈ બીજાના ઓરડામાં તો શું બગડ્યું? ગમે તેમ તોય એ રહ્યો ઇન્દ્રના હુકમનો તાબેદાર! ઇન્દ્ર : આ ગૃહસ્થ મને ક્યારેય ગમ્યો નથી. સદૈવ, આ નહિ તો તે કારણસર ચળનારા સિંહાસન પર બેસીને અમૃત પીતાં પીતાં અપ્સરાઓનાં નૃત્ય જોવાં અને ઋષિઓના તપોભંગ કરવા, આટલાં જ કામ કરનારા આ ઈસમને દેવોએ પોતાનો રાજા કઈ રીતે માન્યો હશે એ મને નથી સમજાતું. વિશેષતઃ અહલ્યાના પ્રકરણમાં તો નાનપણથી જ એ મારો વેરી થયો હતો. તાત્પર્ય કે આજીની વારતામાંના સાત વારને બધાં જ સુખસગવડ - ન ખૂટનારી શ્રીખંડની વાટકીયે - આપીને એણે એકને બીજાના ઓરડામાં જવાની પરવાનગી ન આપવી એ અન્યાય હતો. બાકી બધી પરવાનગી હતી. આ સાતેય ભાઈઓને પ્રવાસનો જબરો શૉખ. સૂર્યોદયની સાથે જ હાથમાં હાથ પરોવી, ત્રિખંડનો પ્રવાસ કરીને આ લોકો સાંજે પાછા આવતા. ત્યાં પણ એક શરત હતી. રસ્તામાં ક્યાંયે થોભવું નહીં. તોયે આ ભાઈઓ રોજ વહેલી સવારે નીકળી જતા. ઘણું ઘણું ફરતા. ચાલો સમજ્યા. બધા ભાઈઓ દેખાવમાં એકસરખા, રૂપમાં એકસરખા; આથી લોકોને મોટો ક્યો અને નાનો ક્યો તે ઓળખાતું નહીં. હકીકતે એમના સ્વભાવમાં ફેર તો ખરો! એમાંયે શનિવારનો ખાસ. આ શનિવાર બધામાં નાનો. રવિવાર સૌથી મોટો. શનિવાર અતિશય નટખટ. એણે એક વાર વિચાર્યું, 'આ ખરો ત્રાસ! રવિના ઓરડામાં શું છે તે મને કેમ જોવા ન મળે?'

નાનપણમાં મનેય કૉલેજમાં જનારા મારા મામાની ઓરડીમાં જવાનું કુતૂહલ રહેતું. ઉપલા માળની અગાશીમાં એવી એકની એક ઓરડી હતી. આજાબાપા પણ તે ઓરડીમાં જતા નહીં. ભૂલેચૂકે અમે એ ઓરડીમાં ગયા તો મામા ખિજાઈને ધસી આવતા. એ કૉલેજમાં જાય પછી અમે એના બારણાની ફાટમાંથી એની ઓરડી જોઈ રહેતાં. ઓરડી ઝકાસ (સુંદર) હતી. ભીંત પર સ્ત્રીઓના ઘણા ફોટા હતા. વધતી ઉમ્મર સાથે એ સ્ત્રીઓનાં નામેય અમે જાણ્યાં અને મામાનાં લગ્ન થયાં ત્યાર બાદ એ બધી નટીઓ ભીંત પરથી અદૃશ્ય થઈ ગઈ. હમણાં, કેટલાંય વર્ષો પછી, મોસાળની એ ઓરડીમાં ગયો. માર્લિન ડિટ્રિચની જગ્યાએ સાંઈબાબા જોયા અને મામીની દયા આવી

ગઈ. એક છાજલી પર અરીસો, તેલ અને કાંસકોબ્રશ રહેતાં. બાકી અમારા ઘરમાં સેંથો પાડનાર એ એક જ વીર હતો. અમારી કૉમ્પિટિશન તો કોની ચોટલી નાક સુધી પહોંચે એની રહેતી. આજકાલ એ છાજલી પર અરીસો છે અને મામાના માથા પર ચાંદા જેવી ટાલ છે. પણ આજેય તે ઓરડામાં પેસતાં એક ચમત્કારિક પારકાપણું લાગે છે. નાનપણમાં એ ઓરડી એક કુતૂહલ હતું. અહીં તો સાતે ભાઈઓનાં સાતે ઓરડાનું કુતૂહલ! આખરે શનિએ એક દિવસ હામ ભીડી અને તે ધીમેથી રવિના ઓરડામાં ગયો. બારણું ખોલીને અંદર પગલું મૂક્યું અને ઈન્દ્રના સિંહાસનને આંચકા આવવા લાગ્યા. એણે તરત જ વરુણને હુકમ છોડ્યો : આખી પૃથ્વીમાં પ્રલય કરી મૂક. છેવટે પછી દેવોએ પ્રાર્થના કરી અને ઈન્દ્રનો ગુસ્સો ઠંડો પાડ્યો. એ પ્રલયમાં વારનો પેલો મહેલ ડૂબી ગયો. બારેમાસ આફૂસ આપનારું ઝાડ (કોંકણની આજીની બિચારીની સમૃદ્ધિની કલ્પના આનાથી આગળ જતી નહોતી!) વહી ગયું. શ્રીખંડની વાટકી ગઈ, ઘૂઘરાના છોડવા ગયા, પાંખવાળા ડુંગર ડૂબી ગયા. ઈન્દ્રે સાતે ભાઈઓને વિભક્ત કર્યા અને તાકીદ આપી : 'યાદ રાખો, હવે પછી એકબીજાને મળવાનું સુધ્ધાં નહીં.' આજે સાતે વારનાં ઘર જુદા, ચૂલા જુદા, સંસાર જૂદા. બધી ચાવળાઈ શનિની! પણ મને એ જ સમજાતું નહોતું કે બીજા ભાઈના ઓરડામાં એક ભાઈને જવાનું મન થાય તો એનો એવો તે કેવો અપરાધ થઈ ગયો? પણ આજીની વારતાના માણસોની શરતો પણ એટલી જ ચમત્કારિક રહેતી. એક રાજાને બાળક થતું નહોતું. ભગવાનની કૃપાથી એને બાળક થયું. શરત માત્ર એટલી જ હતી કે એ ભગવાનને રોજ સત્તર પાંખડીવાળું કમળ ચઢાવવાનું! હવે રાજા થયો તો શું થયું? એણે બીચારાએ રોજ સત્તર પાંખડીવાળું કમળ લાવવું ક્યાંથી? પણ વારતા તૈયાર થતી તે તેમાંથી જ!

વારની આ વારતા આવી જ રીતે તૈયાર થઈ. એમાંય શનિવાર નામના ગૃહસ્થમાં મારું મન જડાયું. હકીકતે શનિવાર તો બીજાની દૃષ્ટિએ ન કર્તાનો વાર છે. પણ આજેય મારું શનિવારનું આકર્ષણ વિલક્ષણ છે. શાળામાં હતો ત્યારે મેં જેટલી રાહ શનિવારની જોઈ છે તેટલી રવિવારની નથી જોઈ. એક તો મારા નાનપણમાં મહિનાનો એક રવિવાર એરંડિયો! બધોય વડીલ વર્ગ ઘરમાં જ. જેથી કોકનાં પાન લઈ આવ, કોકનો સંદેશો આપી આવ, કોકના પગ દબાવ, કોકનો વાંસો ખંજવાળ, બજારમાં દોડ. - આવાં કામમાં જ અરધો દિવસ જતો રહેતો અને વધેલો અરધો દિવસ વધારે તો હોમવર્ક કરવામાં જતો રહેતો. કેટલાક ચતુર છોકરાઓ શનિવારે અભ્યાસ આટોપી લેતા અને રવિવાર ખાલી રાખતા. આ બધાં જ ધોરણના વર્ગબંધુ જિંદગીમાં ઈમાની વર અને બાળકોનો અભ્યાસ લેનારા નિયમબદ્ધ બાપ થયા હશે. શનિવારના સ્વભાવનું નટખટપણું જે પામ્યાં નથી, અરધો જ દિવસ પેટ માટે કૂટાઈને વધેલા અરધા દિવસમાં અને સંપૂર્ણ રાત્રીમાં જેણે મજા કરી નથી, તેઓ જિંદગીનો મહત્ત્વનો વાર પામ્યાં નથી. જીવનમાં રંગાનારા લોકોનો આ વાર છે. શનિવારની સાંજે દુનિયા જેવી દેખાય છે તેવી રોજ સાંજે જેને જોતાં આવડે એના જેવો ભાગ્યવાન એ જ! અર્થાત્ શનિવારની મોટપ રવિવારના ખુલ્લા દિલને લીધે છે - જે અમાન્ય કરવું નહીં. કેટલુંયે કહો તોય રવિવાર તો 'મોટાભા' છે. એટલું જ નહિ, ઘરનો કર્તાપુરુષ છે. સંયુક્ત કુટુંબમાં જેમ કર્તાપુરુષ પોતે રોટલો બાંધીને કામે જતો નથી તેમ બીજાં ભાઈઓની જેમ ભલેને પોતે જોતરાતો ન હોય, છતાંયે બાકીના બીજા ભાઈઓ એને માન આપે છે. આ બધા ભાઈઓ અઠવાડિયાની આખરે એની પાસે આવે છે. એ બધાના ખબર-અંતર પૂછે છે. ખવડાવે-પીવડાવે છે અને બીજા દિવસથી બધા કામે લાગે છે.

આ શનિવારનું દેણ બાકી મોટું છે. નાનપણમાં, હનુમાનજીનો વાર એટલે આ પ્રિય! વર્ગે વર્ગે દરેકના હનુમાનજી રહેતા. એક-એક પૈસાની ઉઘરાણીમાં કોપરું, કપૂર અને ખાંડ આવતાં. દસ વાગ્યે નિશાળ છૂટે કે આરતી થતી, અને ખાંડ-કોપરું ખાતાં ખાતાં બપોરના બેત ઘડાતાં. મેચ (म्याच) રમવા ક્યાં તો કાતરા પાડવા ભાગવાનું. યુવાનીમાં શનિવારની રાત મહેફિલ સાંભળવામાં કે પછી નાટક જોવામાં ગઈ. નાટક જોવું હોય તો શનિવારની રાતે. જો કે પરિસ્થિતિએ સવારે પણ નાટક જોવડાવ્યાં છે કે કરાવડાવ્યાં છે. પણ શનિવારની રાતે નાટક જામે તેવું બીજા એકેય વારે રંગાતું નથી. આવતી કાલના રવિવારના ઉત્સાહમાં લોકો એકઠાં થતાં હોય. બીજા કોઈ વારે વધતી રાત્રી સાથે મનના પાછલા બારણે બીજા દિવસનો 'ઢસરડો' આવીને ઊભો રહી જતો હોય છે. સ્ટેજ પર નાની સરખી ભૂલ પણ લોકો સહન કરતાં નથી. નાટક જરીક મોડું શરૂ થાય કે પૂરું થાય તો, 'ઓ ભાઈ, અમારે નોકરી છે, કાલે ઑફિસ (हापिस) છે' એવી બુમરાણ શરૂ જાય. ગાયન-નાટકમાં આવી કચપચ ચાલે નહિ. શનિવારે રાતે એમાંનું કશુંય નહીં. 'થવા દો મોડું, ઊંઘ વધારે ખેંચીશું.' આવી સમજદારી દાખવે. મારો અને આ શનિવારનો પ્રેમ કેમ જામ્યો, કોણ જાણે? મારો જન્મ શનિવારે થયો હશે એટલે પણ હોઈ શકે. કેટલાંક જણાં શનિનો વાર સમજીને આ દિવસથી અમથાં દબાય. હકીકતે શનિ જેવા ગ્રહથી દબાવાનું કોઈ કારણ નથી. આજે આખાયે જગતનું જે કાંઈ કર્તવ્ય છે તે આ શનિને લીધે છે. ખાલી શાંતિપાઠ કરનારાં 'બુધ'જનો પૈકી એ નથી. મનમાં આવે તે કરનારો, સારુંયે કરે અને ખરાબેય કરે! મંગળની જેમ ખાલી ઘેનાળી આંખો લઈને ફરનારો નથી. મંગળવાર કાયમ મને ગંજેરી જેવો લાગે. ફક્ત શ્રાવણી

મંગળવારનું રૂપ બદલાય. (શ્રાવણી મંગળવારે મંગળાગૌર વ્રતોત્સવ ઉજવાય). એકાદો ગોરોગફ પણ ગંજેરી ગુંડો એકાએક હૃદયપરિવર્તન થવાથી સદ્‌ગુણી થવાનું ઠરાવે, તેવું કાંઈક શ્રાવણી ઝાડી શરૂ થાય કે આ મંગળવારને થઈ આવે. મંગળવારનું શ્રાવણી સૌંદર્ય અફાટ હોય છે. બીજી બધી ઉગ્રતા ભૂલીને કુટુંબમાંના સાત્ત્વિક પુરુષ જેવો વર્તવા લાગે! ઘેરઘેર ભેગી થયેલી છોકરીઓને પણ જો એના મનમાં આવે તો હાથ ખેંચીને ઘસડીને રસ્તા પર લઈ જવાનું સામર્થ્ય ધરાવનારા મંગળનું મંગલમાં રૂપાંતર થાય છે. હોઠ અને હડપચી પર કુમળી પાનઠ ફૂટેલા કાળમાં શ્રાવણના આ મંગળવારે અમારી શનિવાર તરફની દૃષ્ટિ પોતાના તરફ ખેંચી હતી. એમાંયે જો પાંચ મંગળવારનો શ્રાવણ આવે એટલે રંગ ઑર આવે. દીકરીઓ વહુના મેળાવામાંથી, લીલી પત્રીમાં રાતી કળીઓ શોધવી તેમ (બીજાની) દીકરીઓ મન વીંધી લેતી. નીચેના ઊભરડે મંગળાગૌરીઓના હસવા-કૂદવાનું શરૂ થાય કે ઉપરની ઓરડીમાં ચોપડીમાંથી ધ્યાન ઊડી જાય અને પછી ક્યાંક પાણી પીવાને બહાને, ક્યારેક ઊભરડાના ઘડિયાળ સાથે પોતાનું રિસ્ટવૉચ મેળવવા જવું, (મોટે ભાગે ફર્સ્ટયરની પરીક્ષામાં પાસ થયા પછી એ મળતું) આવાં આવાં બહાનાં કાઢીને એ ખળભળતા હાસ્યની કિનારે કિનારે અમથું અમથું એક ચક્કર લગાવી આવવાનું મન થઈ આવે! આવા સમયે થાય કે શ્રાવણી મંગળવારની રાત ખૂટે જ નહિ! એટલામાં કોક જાણીતાં ફોઈબા, 'કેમ રે, બહુ તરસ લાગી છે ને કાંઈ?' કહીને ટપલી મારે અને કાન પાછળ ઝણઝણાટી થઈ આવે. એ વખતે નવી ભાભીની માંજરી આંખોવાળી નાની બેન આપણી સામે કેમ જોઈ રહી હતી એ કોયડો ઊકલે જ નહિ. આજે જ બપોરે વચલા દાદરે તેણે આપણને 'ઑલજીબ્રાની ડિફિકલ્ટી સમજાવશો કે?' એવો પ્રશ્ન પૂછ્યો હતો. ગાયનના એકાદા ચરણની જેમ એ પ્રશ્ન મગજમાં ઘોળાયા કરતો. મંગળવાર ગમ્યો તે ફક્ત ત્યારે જ. બાકી તો, આ વાર બધાંમાં જ અણગમતો. સોમવાર એ અત્યંત અરસિક લાગે! ફક્ત પેટ માટે જ ઢસરડા કરાવવા એટલી જ ખબર. સોમવાર તો ખદ્દડી ટોપી પહેરે, ઊભો ટીલો તાણે અને રાતું ધોતિયું પહેરીને ઉપર ડગલો નાખે. એની આંખો પર જસતી દાંડીનાં ચશ્માં હોય છે. થેલી લઈને ફરતો હોય. આ વારને અને મોહકપણાને અણબનાવ છે. એટલું જ નહિ, એ સાવ રુક્ષ છે. એ માછલાં ખાતો નથી. એમ તો ગુરુવાર પણ કાંદા ખાતો નથી. ઉપવાસ કરે પણ દત્તાત્રેયના પેંડા ખાય છે. શિવારણ (દૂધ-કેળાં) ખાય છે. સોમવારને તો આ સુખ પણ સદે નહીં. આગલા દિવસે રવિવાર થયેલો હોય છે, એટલે આ વાર માટે પકવાન્ન એવું કાંઈ નહીં... કાંઈ નહીં... એને ગાયન-નાટક કશાંનો ગમો નહીં. નીચી મૂડી કરીને જોતરાનારો કારકુન-વાર છે. દિવાળીની રજા પછીના પહેલા દિવસે પહેલા તાસમાં દિવાળીની રજામાં કોણે શું શું કર્યું? દિવાળી કેવી રીતે ઊજવી? એમાંની એકેય પૂછપરછ ન કરતાં, વર્ગમાં આવતાંની વારમાં જ એકદમ જોમેટ્રીના થિયરમ શિખવાડવા બેસી જનારા માસ્તર જેવો આ વાર છે. મંગળવાર છેવટે કાંઈ નહીં તો ગાંજો તો પીએ, ચિડાય, ડાંડાઈ પણ કરે. પણ સોમવાર માત્ર નાકની દાંડીએ જ જનારો. સોમવાર ક્યારેય હસતો નથી. મંગળવાર હસે પણ સિનેમાના વિલન અથવા રાક્ષસ હસે તેવું. હેં હેં હેં હેં - એમાંના પ્રત્યેક 'હેં'નો ઉચ્ચાર કરીને તાલમાં ખભા ઊડાવતો! મને આવું હસવું ચાલે પણ સોમવાર તો એકેય હસવું જાણે નહીં. એ દર રવિવારે માથાનો ચકચકતો ટકો કરાવીને આવે અને એના ઉપર ખદ્દડી ટોપી પહેરે. એની કાનસીલ પરથી નીકળીને ટોપીમાં જઈને મળનારી નાગમોડી (વાંકીચૂંકી) નસ કાયમ ફાટફાટ થતી ફૂલેલી હોય છે અને તે એના હજામત કરેલા માથા પર ઊઠી આવે તેમ દેખાતી હોય. આ સોમવાર રુક્ષ છે, અરસિક છે પણ એને કોઈની માથાકૂટ નથી. પોતે ભલો ને પોતાનું કામ ભલું. આથી એકાદ દિવસ જો એને રજા મળે તો એને પંચાત થઈ પડે. દિવસ આખો બિચારો ઘરમાં પડી રહે. એના પ્રમાણમાં બુધવાર બાકી જેમાં તેમાં જતો હોય. ટૂંકમાં કહીએ તો પોત વગરના પોતડીદાસ માંહેનો આ ભાઈ છે. આ વારને એકેય પ્રકારનું વ્યક્તિત્વ નથી. દિવસના કામકાજમાં અગિયાર-સાડા-અગિયારના સુમારેય કોઈ પણ જાતનું વૈશિષ્ટ્ય નથી. રંગ-રૂપ-આકાર નથી. એ જ પ્રમાણે આ બુધવારને તો કોઈ પણ આગો-પીછો નથી. શ્રીમંત કુટુંબના એકાદ ભાઈને જેમ એકાદી પેઢી પર કોઈ પણ મહત્ત્વનું કામ ન આપતાં ખાલી બેસાડી જ રાખવામાં આવે તેવા આ વારની બન્ને બાજુએ બન્ને વાર આપીને, રવિવારે બેસાડી રાખ્યો છે. એક શબ્દમાં કહેવું હોય તો 'ભોટમ' વાર. આખાયે વર્ષમાં એકેય વાર પોતાની કરતબગારી નોંધાવવાનો પ્રસંગ એના ભાગે આવતો નથી. થોડોક સમય, એણે મરાઠી નાટકોનો શૉખ પૂરો કરી જોયો પણ બુધવારનું નાટક 'થવું' એનો અર્થ 'પડવું' એવો થયો. કોક શેઠજીનો છોકરો પૈસાના જોરે સુરૂપ બાઈ ભગાડી જાય અને સાવ અપોચિયા છોકરા સાથે ભાગવાને લીધે બદનામી થવાને બદલે પેલી બાઈની હાંસી થાય એવો પ્રકાર થઈ રહ્યો. રુક્ષ સોમવાર ક્યારેક વ્રતધારી થાય. મંગળવાર શ્રાવણમાં કાંચળી ઉતારે, ગુરુવાર સદાય શુચિર્ભૂત હોય છે. શુક્રવાર માતાજીના મંદિર ફરતે સીટી મારતો ફર્યા કરે અને વર્ષમાં છેવટે એકાદ વાર પણ પોતાને 'સંભવિત શુક્રવાર' કહેવડાવી લે. પણ બુધવારના નસીબે તો કાંઈ જ નહીં. હિંદુઓનો ગુરુવાર, મુસલમાનોનો શુક્રવાર,

યહૂદીઓનો શનિવાર, ખ્રિસ્તીઓનો રવિવાર પણ બુધવાર કોઈનો નહીં. 'હર હર ન હિંદુઃ ન યવનઃ' એવો આ વાર છે. નામ બાકી મોટું! આમ તો એક રીતે યોગ્ય પણ છે. સમાજમાં જેને 'બુધ-જન' કહેવામાં આવે છે તે 'રામાય સ્વસ્તિ, રાવણાય સ્વસ્તિ' બોલ્યા સિવાય બીજું કરે છે ય શું? તામસી મંગળવાર અને સૌમ્ય ગુરુવાર આ બેઉની વચ્ચે ઊભો રહીને, બેઉ બાજુ પોતાના ગંદા-ગોબરા દાંત દેખાડતો ગુંડાઓના અને સંતોના આશીર્વાદ લઈને પોતાનું સ્થાન ટકાવી રાખનારા ગ્રામીણ આગેવાન જેવો છે. એને કણો જ નથી. વર્ષમાંથી એકાદ વારેય આ ઊભો કેમ રહી શકે? ગુરુવાર સજ્જન છે. પણ ગંદોગોબરો નથી. બબ્બે આંગળ દાઢી વધારીને ચઢિયાતું ધોતિયું અને ફૂરતો પહેરનારાં સજ્જનો માંહેનો ન હોય. આ તો મૂળે જ સાત્ત્વિક, સૌમ્ય, હસમુખો, એકવડો, ઘઉંવર્ણો, મિતાહારી. એ શાકાહારી પણ ખરો પણ એવા આહારથી શરીર પર સાત્ત્વિકતાનું ઘી (तूप) ખાઈને ચમકનારો ન હોય. એ ચીકચીકાટ (तूपवाटपणा) બુધવારમાં છે. એ तूप ખાશે અને મટનનો સૂપ પણ ખાશે; માત્ર મફતમાં મળવો જોઈએ. એટલેસ્તો મંગળવારનું વધેલું મટન પણ ખાય અને ગુરુવારના શિવારણ માટે લાવેલાં કેળાંય ઓરે. મને શનિવારથી ઊતરતા ક્રમે ગુરુવાર ગમે છે. ખાસ તો એ વ્રતપાલન કરતો હોવા છતાંય સુંવાળો છે. આકરો નથી. સોમવાર વ્રત પાળે ત્યારે કેટલો આકરો હોય છે. ગુરુવારમાં એવું હોતું નથી. શનિવાર પણ વ્રત કરે. પણ ત્યાંયે એનું નટખટપણું તો ચાલુ જ હોય. સવારે ભૂખ લાગે તો કહે કે સાંજે ઉપવાસ કરી લઈશ. સવાર નીકળી ગઈ તો સાંજે બેઉ ટંકનું જમી લે. પણ આ બધું એના સ્વભાવની ચાવળાઈનો ભાગ છે, એમાં ઢોંગ નથી. શુક્રવાર પણ થોડોક ચાવળો છે. જો કે સ્વભાવે નહીં, ખાવાપીવામાં. ક્યારેક ચણા ખાશે તો ક્યારેક દાળિયા ખાઈ લેશે. આ પઠ્ઠો વાળનાં ઝુલ્ફાં વધારીને ગળામાં રૂમાલ બાંધીને ફર્યા કરશે. દિવસ આખો કામ-બામ કરે પણ, સાંજે હાથમાં જૂઈના ગજરા બાંધીને, અત્તર છાંટીને ફરશે. ઉપવાસ-બુપવાસ એવું કંઈ એ જાણે નહીં. સ્વભાવે અતિશય લહેરીલાલો! કપડાંનો શૉખીન! શનિવારને કપડાંનો શૉખ નહીં. સાંજે નાટકમાં કે મહેફિલમાં જતાં નવાં કપડાં પહેરશે. નહીં તો શુક્રવારની ચોળાયેલી સૂરવાલ ચઢાવીને ભટકશે. હકીકતે શુક્રવાર શનિવાર જેવો થોડોક રંગીલો છે, પણ એનામાં ગુરુવારની સૌમ્ય દેખરેખની થોડીક બૂઝ હોય છે. ગુરુવાર જ તેને ઉઠાડીને કામે લગાડતો હોય છે.

રવિવાર માત્ર કર્તાપુરુષની બધી જવાબદારી ઊંચકી લે છે-છૈયાંછોકરાંને એરંડિયું આપો, લીમડાનો પાલો ઉકાળીને ગરમ પાણીથી નવડાવો, બગીચાનો ખરાડ કાઢી બાળી નાખો, બપોરે જરીક ગળ્યું-મીઠું જમણ જમાડો, વગેરે કાર્યો પોતાની દેખરેખ હેઠળ કરાવી લે છે. બાકી એક વાત માટે મને રવિવાર ગમે. બપોરે જમીને મસ્તીથી ઊંઘ ખેંચી કાઢે. આજાબાપા પણ વામકુક્ષી કરે - બાર વાગ્યાથી માંડીને ખાસ્સા ત્રણ વાગ્યા સુધી. પછી એમને ચા માટે ઊઠાડવા પડે, પણ આ કામ અઘરું રહેતું, પરંતુ આજી પાસે તેનોય રસ્તો હતો. કલબલતા કુટુંબમાં એકાદુંય ધાવણું બાળક તો રહેતું જ! એને લઈને આજાબાપાના ઓરડામાં જવાનું અને શ્વાસ સાથે ઉપર-નીચે થનારા તેમના પેટ પર એ ભાંખોડિયા ભરતા બાળકને છોડી મૂકવાનું. એ છોકરું પોતાની બાળમૂઠ ઉઘાડીને આજાબાપાના પેટ પર ચપટી મારીને 'તે પે ફે પે' એવું કંઈક કરતો. પછી આજાબાપા જાગતા અને એમના સંતાપની નસ ખેંચાય તે પહેલાં જ પોતાના પેટ સુધી ચઢી આવેલા પૌત્રને જોયા પછી 'હત્ ગુલામડા!' કહીને ઊઠતા. આજા બાપા ઊઠતા, એટલે ઘરનો રવિવાર ઊઠે! અને આજી ધીમેકથી કહે, 'ચાલો, ચા ક્યારનીય થઈ ગઈ છે!' આજા બાપા ઊઠતા અને આજી કોગળા કરવા માટે ચોકડીમાં કળશિયો મૂકતી. ચતુર હતી મારી આજી. બધી આજીઓ હોય છે તેવી - વારની વારતા કહેનારી આજી! ❑

લઘુકથા

બુઢ્ઢો

મયંક પટેલ

ખભે નાની થેલી ભરાવી, હાથમાં લાકડી લઈ એ બુઢ્ઢો ક્યારનોય જૂની-પુરાણી કબર પાસે આવીને બેઠો હતો. એનો કરચલીઓ પડી ગયેલો ચહેરો નિસ્તેજ જણાતો હતો. જિંદગીથી એ થાકી ગયો હોય અને પાછલા દિવસો ભારે પરિશ્રમથી પસાર કરતો હોય એમ લાગતું હતું.

અંધકાર વધ્યે જતો હતો પરંતુ વધતા જતા અંધકારનો ખ્યાલ એને ન હતો. એ તો ઊંધું ઘાલીને કશાક ઊંડા વિચારમાં બેઠો હતો. મોંમાંની બીડી પણ બુઝાઈ ગઈ હતી. એના હાથમાંનું લાકડું જમીન ઉપર કશાક આડાઅવળા લીટાં કરી રહ્યું હતું. પરંતુ, એની કમજોર બુઢ્ઢી આંખો એ જોતી નહોતી.

આમ ને આમ એ ક્યાંય સુધી બેસી રહેત, પરંતુ એકાએક ક્યાંક કૂતરું ભસી ઊઠ્યું અને કૂતરાના ભસવાના અવાજે વાતાવરણને ક્ષુબ્ધ કરી મૂક્યું. આ ક્ષોભવશ જ કદાચ એ જાગ્યો. એક ભારે શ્વાસ ખેંચી એણે બાજુમાં પડેલી લાકડી ઉપાડી અને કબરનાં પગથિયાં ઊતરવા લાગ્યો. એની લાકડીનો ધીમો ઠક્ ઠક્ અવાજ શાંત થયેલા વાતાવરણને ફરી મુખર બનાવી રહ્યો. એ થોડે દૂર સુધી ચાલ્યો અને એકાએક ઊભો રહી ગયો. થોડુંક ફિક્કું હસ્યો અને પાછો ફર્યો. કબર પાસે આવી એણે ખભેથી પેલી નાનકડી થેલી ઉતારી અને એમાંથી બેચાર ફૂલ કાઢીને એણે કબર ઉપર મૂક્યાં.

બ્લૅક-બ્લૅન્ક બોર્ડ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના શિષ્ય આપાજીએ સંન્યાસ લીધો એ પહેલાં હાઈસ્કૂલ-કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓને પોતાના ઘરે ટ્યૂશનો આપતા. તેમની પાસે તૈયાર થયેલા વિદ્યાર્થીઓ સારામાં સારા માર્કસ મેળવીને પરીક્ષામાં ઉતીર્ણ થતા ને શાળા-કૉલેજમાં પોતાનું ગૌરવભર્યું સ્થાન જાળવી રાખતા. આથી શહેરના માણસો પોતાનાં બાળકોને આપાજી પાસે જ ટ્યૂશનમાં મોકલવાનો આગ્રહ રાખતાં. શિક્ષણ-સંસ્કાર અને વ્યક્તિત્વ ઘડતરના ક્ષેત્રે તેમણે પોતાનું અત્યંત વિશિષ્ટ અને મૌલિક પ્રદાન કરવાના કારણે ચારે તરફ તેમના નામની - તેમની પ્રતિભાની સુગંધ પ્રસરી ગયેલી.

એક દિવસ રાજ્યના પ્રથમ કક્ષાના ચાર શિક્ષણ-શાસ્ત્રીઓ આપાજીને ખાસ મળવા આવ્યા અને પોતે વિદ્યાર્થીઓને કઈ રીતે શિક્ષણ આપે છે - કઈ રીતે વિદ્યાર્થીઓને તૈયાર કરે છે તે અંગે વિસ્તારથી જાણવા પોતાની લાગણી આપાજી પાસે વ્યક્ત કરી. ચારે શિક્ષણશાસ્ત્રીઓએ જુદા જુદા વિષયોમાં 'શાસ્ત્રી'ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી.

આપાજી બોલ્યા : 'આમ તો મારી પદ્ધતિ બહુ સીધી-સાદી-સરળ છે. અડધા કલાક માટે વિદ્યાર્થીઓને તેમને જે કંઈ યાદ હોય તે ભૂલી જવા માટે સૂચનો કરતો રહું છું ને બાકીના અડધા કલાક માટે તેમનામાં હોશપૂર્વક કામ કરવાની સભાનતા વધારેમાં વધારે વિકસે તે માટે પ્રયત્નો કરું છું. નાનામાં નાનું કામ હોશપૂર્વક કઈ રીતે કરવું, બસ આ બાબત જ અહીં તેમને ખાસ ધ્યાનમાં રાખવાની હોય છે.'

'પણ આથી વિદ્યાર્થીઓ પોતાના નિયત અભ્યાસક્રમમાં - વર્ગમાં ચાલતાં પાઠ્યપુસ્તકોનું જ્ઞાન મેળવવામાં કઈ રીતે તૈયાર થઈ શકે? શું આ અંગે આપ અહીં કોઈ શિક્ષણ આપતા નથી?' એક શિક્ષણશાસ્ત્રીએ પૂછ્યું.

'ના, મારી દૃષ્ટિએ કોઈને પણ શિક્ષણ આપી શકાતું નથી, પણ તજજ્ઞ પાસેથી પોતાની રીતે શિક્ષણ મેળવી શકાય છે.' ને જરા રહી આપાજી બોલ્યા : 'પોતાનાં પાઠ્યપુસ્તકોના અભ્યાસમાં મારા વિદ્યાર્થીઓ કેટલા તૈયાર છે, એ તમે બધા એમને પ્રશ્નો પૂછીને ખાતરી કરી શકો છો.'

બે શિક્ષણશાસ્ત્રીઓએ દરેક વિદ્યાર્થીને તેમના અભ્યાસ-કોર્ષના અનુસંધાને કેટલાય પ્રશ્નો પૂછ્યા, ને વિદ્યાર્થીઓના કશી જ ઢીલ વગરના સાચા જવાબો સાંભળીને સ્તબ્ધ થઈ ગયા.

આશ્ચર્ય વ્યક્ત કરતાં એક શિક્ષણશાસ્ત્રીએ આપાજીને પૂછ્યું : 'બધા જ વિદ્યાર્થીઓની સજ્જતા જોઈને અમને આશ્ચર્ય થાય છે. અમારા માટે મૂંઝવે તેવો પ્રશ્ન તો આ છે - વિદ્યાર્થીઓ પોતાની રીતે શિક્ષણ મેળવવામાં આમ કઈ રીતે તૈયાર થઈ શકતાં હશે?'

આપાજી બોલ્યા : 'મેં આગળ કહ્યું તેમ અહીં હું બધું જ ભૂલી જવાની અને હોશપૂર્વક કામ કરવાની પ્રક્રિયા ઉપર વધારેમાં વધારે ભાર મૂકું છું. જેને આપણે ભૂલી શકીએ છીએ એને જ આપણે જરૂર પડ્યે તીવ્રતમ રીતે યાદ પણ કરી શકીએ છીએ. બીજું હોશપૂર્વકનું પ્રત્યેક કૃત્ય આપણી સંવેદનશીલતાને-આપણી ગ્રહણશક્તિને પ્રગાઢ બનાવી દે છે. બસ આમ, સ્વશિક્ષણ માટે તેમના ચિત્તની ભૂમિને હું તૈયાર કરું છું.'

બીજા શિક્ષણશાસ્ત્રીએ પૂછ્યું : 'આપ વિદ્યાર્થીઓ પાસેથી કેટલી ટ્યૂશન-ફી લો છો?'

'અહીં કશું જ શિક્ષણ આપવામાં આવતું નથી, પછી ફી લેવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.' ને આંગળી ચીંધીને સામેનું બ્લૅકબોર્ડ બતાવતાં આપાજી બોલ્યા : 'અહીં હું બ્લૅકબોર્ડ બ્લૅન્કબોર્ડ બનીને વિદ્યાર્થીઓના માનસમાં કેમ છવાઈ જાય એ જોવા સિવાય કશું જ કરતો નથી એટલે વીદ્યાર્થીઓએ અહીં તેમની રીતે માત્ર બ્લૅન્ક બોર્ડ જ વાંચતાં શીખવાનું છે.'

'પણ બ્લૅન્ક બોર્ડને વિદ્યાર્થીઓ કઈ રીતે વાંચી શકતાં હશે, એ હજુય અમને સમજાતું નથી.' શિક્ષણશાસ્ત્રીઓએ પોતાની દ્વિધા રજૂ કરી.

'હોશપૂર્વકની ચેતનાની ઉપસ્થિતિમાં કશું જ અશક્ય નથી. અવકાશને વાંચી શકવાની ક્ષમતા ચેતનાની આવી અવસ્થામાંથી જ પ્રગટ થાય છે. ને જે અવકાશને વાંચી શકે છે, એ બધા જ પ્રકારના જ્ઞાનને એકી સાથે આત્મસાત્ કરી લે છે, ને તેને અતિક્રમી પણ જાય છે!'

શિક્ષણશાસ્ત્રીઓએ હસતાં હસતાં પૂછ્યું : 'શું આપ અમારા ચિત્તને પણ બ્લૅન્કબોર્ડ જેવું સાવ કોરું ન બનાવી શકો? અમારા માટે બોજારૂપ બની ગયેલાં અમારાં થોથાં જ્ઞાનમાંથી-અમે પણ મુક્ત થવા ઇચ્છીએ છીએ.'

'ચોક્કસ હું તમારા ચિત્તને પણ બ્લૅન્કબોર્ડ જેવું કોરું બનાવી શકું. પણ એની ફી તમે મને ચૂકવી શકશો?' આપાજીએ એ બધાને સામું પૂછ્યું.

'હા... હા... ચોક્કસ ફી આપીશું. બોલો શું ફી આપવાની છે?' એકી સાથે શિક્ષણશાસ્ત્રીઓએ પૂછ્યું.

ને આપાજી બોલ્યા : 'ફી માં તો બસ મારે એટલું જ જોઈએ છે - તમારી 'શાસ્ત્રી'ની ડિગ્રી મને પરત કરી શકો?'

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો - ૧૩

યોગેન્દ્ર માંકડ

સમાપન

ફ્રેંચ ક્રાંતિ રૂપે પરંપરાગત અને આધુનિક સમાજ વચ્ચેનો જે વિચ્છેદ ઉજાગર થયો તેને કારણે ખ્રિસ્તી ધર્મ અને આપખુદવાદ આધારિત મૂલ્યોનું ધ્વસ્ત થવું એ એ સમયના સંદર્ભમાં કદાચ એનલાઈટન્મેન્ટના કાર્યક્રમો - ધાર્મિક રૂઢિચુસ્તતા, પાદરી વર્ગ પ્રત્યે તેની ઘૃણા, આપખુદ રાજ્યનાં રાજકીય નિયંત્રણો સામે તેનો વિરોધ અને સમાનતાવાદી વિચારસરણી-તરીકે ઉદ્દામવાદી કહી શકાય.

અલબત્ત, ૧૯૧૫ પછીના યુરોપમાં તેના શાસકીય અગ્રવર્ગોની નીતિઓને કારણે પ્રબુદ્ધ વિચારોમાં અનેક વિકૃતિઓ પેદા થઈ તે જુદી બાબત છે. વક્તા એ છે કે એનલાઈટન્મેન્ટે સમાજ વિશેનું કોઈ મૉડલ કે સુશ્લિષ્ટ સિદ્ધાંત આપ્યાં નથી પરંતુ જે સમાજની તે નીપજ હતું તેનો તેણે (Critique) ક્રિટિક ઊભો કર્યો જે તે સમાજના ઉન્મૂલન માટે કારણરૂપ બન્યો. બીજા શબ્દોમાં, એનલાઈટન્મેન્ટે જે તે સમાજ-વ્યવસ્થા માટે જુદી રીતે વિચારવા માટેનું પ્રેરકબળ પૂરું પાડ્યું.

'ઉચ્ચસ્તરીય પ્રબુદ્ધતા (High Enlightenment)'ના ચિંતકોને દુન્યવી રાજકીય પ્રશ્નો સાથે કોઈ ખાસ નિસબત નહોતી. તેમનો પ્રયત્ન કડક આલોચના અને ક્યારેક 'સ્વિપિંગ' અને કલ્પનાશીલ પ્રયત્નો દ્વારા માણસ વિશેની નવી, માનવીય અને તર્કસંગત સમજ વિકસાવવા માટેનો હતો. તેમને મુક્તિલક્ષી 'બ્લુ પ્રિન્ટ' કે તારણો સાથે કોઈ સંબંધ નહોતો. તેમનો સંબંધ હતો પ્રશ્નો સાથે, વિશ્લેષણ સાથે. માનવીનો સ્વભાવ કેવો છે? નૈતિકતાનો પાયો શું હોવો જોઈએ? શું માનવી સામાજિક પ્રાણી છે? અથવા આપણે શું જાણીએ છીએ? શું આપણે કેવળ યંત્રો છીએ કે જેનું જનિનશાસ્ત્ર કે રસાયણશાસ્ત્રના નિયમોને આધારે 'પ્રોગ્રામિંગ' થયેલું છે? અથવા બીજી બાજુ, આપણી પોતાની મુક્ત ઈચ્છા એ કેવળ માન્યતાનો પ્રશ્ન છે કે બીજું કંઈ છે? આ અને આવા અનેક પ્રશ્નો પ્રબુદ્ધ ચિંતકોએ પૂછ્યાં. એક બાબત સ્પષ્ટ છે : માનવ સ્વભાવ, સ્વરૂપ અને તેનાં કૃત્યો/કર્મો/વ્યવહારો વિશે સતત નિરીક્ષણ અને અન્વેષણને કારણે ક્રિશ્ચન ચર્ચ દ્વારા આપવામાં આવેલા માણસ, તેની ફરજો અને તેની નિયતિ વિશેના ખયાલોને જાકારો આપવામાં આવ્યો. અને તેની સાથે ખ્રિસ્તી ધર્મના મત અને 'કેટેકીઝમ'ની પદ્ધતિ દ્વારા સર્વગ્રાહી વૈશ્વિક સંદેશાવાળી પ્રભાવક અસરનાં વળતાં પાણી થવા માંડ્યાં. અલબત્ત, જ્ઞાનપ્રકાશયુગના નિશ્ચિત રાજકીય કાર્યક્રમો વાસ્તવમાં કેટલા ઉદ્દામવાદી કે સંતોષકારક હતા તે અંગે ઈતિહાસવિદોમાં મતભેદ છે. આમ છતાં માનવી, સમાજ અને કુદરતને સમજવા માટે ધર્મશાસ્ત્રોએ ઊભા કરેલા, ધર્મમીમાંસાઓએ પ્રમાણિત કરેલા અને શાળાઓ તેમજ પ્લેટફૉર્મ પરથી પ્રચારાયેલા પારલૌકિક દૃઢ ઢાંચાના અસરકારક ઈન્કારમાં જ્ઞાનપ્રકાશયુગનો ઉદ્દામવાદ સમાવિષ્ટ હતો એ હકીકતને નકારી શકાય તેમ નથી. 'ફિલૉસૉફીસ'ના ઈતિહાસ અને પરિપ્રેક્ષ્યોને કારણે દૈવી ઢાંચાનું સ્થાન ઐહિક અને માનવલક્ષી સંદર્ભે લીધું અને એ રીતે યુરોપિયન વિચારના બિનસાંપ્રદાયિકીકરણની શરૂઆત થઈ.

આનો અર્થ એવો નથી કે બધા જ - ખાસ કરીને જ્ઞાનપ્રકાશયુગીન - ચિંતકો નાસ્તિક હતા અથવા લોકોની ધાર્મિક આસ્થાનો અંત આવ્યો. આ બન્ને માન્યતાઓ ભૂલભરેલી છે. ઉદાહરણ તરીકે ફ્રેંચ ક્રાંતિની વિરુદ્ધમાં જે પ્રત્યાઘાતો આવ્યા તેમાં ખ્રિસ્તી ધર્મનો અંશ ઘણો મોટો છે અને યુરોપમાં તેનું પુનરુત્થાન ક્રાંતિને આભારી છે. પરંતુ એક વાત ચોક્કસ. જ્ઞાનપ્રકાશયુગ પછી ખ્રિસ્તી ધર્મ જે મધ્યયુગીન યુરોપના જાહેર જીવન અને સંસ્કૃતિમાં કેન્દ્ર સ્થાને હતો તેનું ધીરેધીરે ધોવાણ શરૂ થયું. એક તરફ ડૅન્ટિ, ઈરેસ્મસ, બર્નિની, પાસ્કલ અને મિલ્ટન - બધા જ ક્રિશ્ચન લેખકો અને કલાકારો - અને બીજી બાજુ શોપેનહાઉઅર, એલિયટ અને ડાર્વિનને સાંસ્કૃતિક રીતે જ્ઞાનપ્રકાશયુગ અલગ પાડે છે. કદાચ એમ કહી શકાય કે આત્મામાંથી ધર્મની બાદબાકી થઈ જાય ત્યારે 'રોમૅન્ટિસીઝમ' શેષ તરીકે રહે છે.

જેમ જેમ જ્ઞાનપ્રકાશયુગની આગેકૂચ વધતી ગઈ અને જીવનનાં વધુ ને વધુ ક્ષેત્રો તેના વૈચારિક પ્રભાવ નીચે આવતાં ગયાં તેમ તેમ ધાર્મિક સંઘર્ષો, ધર્મોને કારણે થતી સતામણી, કથિત નાસ્તિકતા કે ધર્મદ્રોહને કારણે સળગાવી મૂકવાની સજા કે એ પ્રકારના ભયંકર સામાજિક રિવાજોનો ક્રમશઃ અંત આવ્યો. તેની સાથે સાથે મંત્ર-તંત્ર અને વશીકરણ, જ્યોતિષશાસ્ત્ર વગેરેના પણ દિવસો ગણાવા માંડ્યા. રહસ્યવિદ્યા, સ્વર્ગ, નર્ક, શેતાન અને તેના અનુયાયીઓ વગેરે વિશેના વિસ્તૃત અસ્તિત્વમાંથી ઝડપથી ઘટતી જતી વિશ્વસનીયતા એ આ પ્રક્રિયાની ચરમસીમા હતી. ઈન્દ્રિયાતીત તત્ત્વોમાં માન્યતા (સુપરનૅચરલ) જાહેર જીવનમાંથી અદૃશ્ય થતી ગઈ. ધર્મનું અસ્તિત્વ ચાલુ રહ્યું પણ વિદ્યા, વિજ્ઞાન અને કલ્પનાના આધાર તરીકે ધીરે-ધીરે તેણે પોતાનું સ્થાન ગુમાવવા માંડ્યું. જ્ઞાનપ્રકાશયુગે તેની વિશ્વસનીયતાને કુઠારાઘાત પહોંચાડ્યો.

આટલાં મોટાં પરિવર્તનો રાતોરાત નહોતાં થયાં અને છતાં આ પરિવર્તનો એ વાસ્તવિક પરિવર્તનો હતાં. શા માટે? આ હકીકતના મૂળમાં કેટલાંક પરિબળો હતાં. ઉદાહરણ તરીકે

વૈજ્ઞાનિક પરિક્ષણ - અભિગમની સફળતા. અલબત્ત, આનો અર્થ એ નથી કે વિજ્ઞાન અને ધર્મ આમને-સામને હતા અને તેમની વચ્ચે એક પ્રકારનો અવિરત સંઘર્ષ હતો. બલકે અઢારમી સદીના ઘણા વૈજ્ઞાનિકો ધર્મમાં આસ્થા ધરાવતા હતા. પરંતુ અઢારમી સદીમાં જ અનેક વૈજ્ઞાનિક શોધખોળો તેમજ અન્ય પ્રકારનાં પરિક્ષણો થયાં જેને કારણે બાઈબલ-આધારિત અને સમર્થિત મર્યાદિત કાળ અને નિશ્ચિત અવકાશ, 'ગાર્ડન ઑફ ઈડન', 'સ્ટાર ઓવર બેથ્લેહેમ' જેવી કિંવદંતિઓ અને ઘટનાઓ સાથે સંકળાયેલા ખયાલોનું અવિરતપણે ધોવાણ શરૂ થઈ ચૂક્યું હતું. ધીરેધીરે એક સમય એવો આવ્યો કે જ્યારે બુદ્ધિજીવીઓ અને બૌદ્ધિકોએ અનંત અવકાશમાં લાખો વર્ષોથી પ્રકાશતા અગણિત તારાઓ, નષ્ટ થઈ ગયેલાં અનેક પ્રાણીઓના અશ્મીભૂત અવશેષો તેમજ પાંચ ખંડોમાં પથરાયેલ માનવજાતમાં પડેલી ભાષાકીય, વંશીય અને સાંસ્કૃતિક વિવિધતાઓના ઈતિહાસ સાથે સંકળાયેલી પ્રાચીન અને રુઢ થઈ ગયેલી માન્યતાઓનો હિંમતપૂર્વક સામનો કર્યો. આ સાથે ખ્રિસ્તી ધર્મને આ નવા જ્ઞાન સાથે અનુકૂલન સાધવાની ફરજ પડી. આથી વિરુદ્ધનું જ્ઞાનપ્રકાશયુગે નવી ઉદ્‌ભવેલી અનંતતાઓનો ઉન્મેશ સંપૂર્ણ રીતે આશ્લેષાયો.

અગાઉ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે પરંપરાગત અને ધાર્મિક વિચારોના મુખ્ય સમર્થકો પાદરીઓ અથવા ધર્મગુરુઓ અને ચર્ચ હતાં. જ્ઞાનપ્રકાશયુગે ધર્મનિરપેક્ષ બૌદ્ધિકોના એક વિશાળ વર્ગને જન્મ આપ્યો.જેણે સૌપ્રથમ વાર પાદરીઓની આ અંગેની લગભગ અબાધિત સત્તાને પડકાર ફેંક્યો. વિશ્વ વિશેની તેમના માન્યતાઓને પ્રબુદ્ધ બુદ્ધિજીવીઓએ પડકારી. તે સમયનાં માહિતી માટેનાં પ્રચાર અને પ્રસાર માધ્યમોનો ઈજારો પણ ચર્ચનો જ હતો એટલું જ નહિ, યુરોપની તમામ પ્રમુખ શૈક્ષણિક સંસ્થાઓ (શાળાઓ, યુનિવર્સિટીઓ, સેમિનરીઓ વગેરે)માં તેમની અથવા તેમણે મંજૂરી આપેલ વ્યક્તિઓની જ નિમણૂક થઈ શકતી. એથી મહત્ત્વનું, માહિતી અને જ્ઞાનના વિતરણ પર પણ તેમનો જ ઈજારો હતો.

આ બધું બદલાયું. અઢારમી સદીમાં જ ચર્ચની બહાર રહીને લેખન અને જ્ઞાનને આજીવિકાનું સાધન બનાવી તેના પર નભતો પંડિતો અને વિદ્વાનોનો એક વર્ગ ઊભો થયો. આ વર્ગે છાપાંઓ અને સામયિકો જેવાં પ્રત્યાયનનાં નવાં જ સાધનોનો ઉપયોગ કર્યો. બીજી બાજુ નિબંધ, નવલકથા અને આત્મકથા જેવાં જ્ઞાન અને માહિતીનાં નવાં સ્વરૂપોનો આવિર્ભાવ થતાં જ્ઞાનપિપાસુઓનો વર્ગ પણ વિસ્તરતો ગયો. આ નવા પ્રકારના જ્ઞાનને ધર્મનિરપેક્ષ સંસ્થાઓ - ક્લબો, ઍકેડેમીઓ અને સાહિત્યિક તેમજ સાયન્ટિફિક વર્તુળો - દ્વારા નવું બળ અને સમર્થન મળ્યાં. એ રીતે 'સેકન્ડ એસ્ટેટ' (પરંપરાગત રાજકીય વર્ગ) અને ઊભરતા 'થર્ડ એસ્ટેટ' (પ્રજાના પ્રતિનિધિઓ)નું ધ્યાન ખેંચવા માટે 'ફોર્થ એસ્ટેટ' (સમૂહ માધ્યમો) દ્વારા 'ફર્સ્ટ એસ્ટેટ' (લૉર્ડ્સ સ્પિરીચ્યુઅલ)ને પડકાર ફેંકવામાં આવ્યો.

એમ કહેવાય છે કે નવોદિત પંડિતો અને વિદ્વાનોનો વર્ગ ક્યારેક પોતાના આશ્રયદાતાઓ માટે અથવા પૈસા આપીને લખાવનારાઓ માટે લખતો પરંતુ આ લેખકો નિજાનંદ માટે પણ લખતા અને તેની પાછળનો હેતુ બહુજન સુધી પોતાના વિચારો પહોંચાડવાનો પણ હતો. એક વાર ધર્મે લાદેલી બેડીઓમાંથી મુક્ત થયા પછી સમગ્ર જ્ઞાનવિશ્વમાં બહુલતા અને વૈવિધ્યનો સંચાર થયો અને તેની સાથે નવા વિચારો, વિભાવનાઓ, અભિગમો વગેરે અસ્તિત્વમાં આવ્યાં. કદાચ એમ કહી શકાય કે આ નવા સ્વાતંત્ર્ય સાથે જ્ઞાનપ્રકાશયુગ યુરોપીય મનચિત્તવૃત્તિ માટે સિદ્ધાંતજડતામાંથી છૂટવાનું મુક્તિગાન બની રહ્યો. એ અર્થમાં જ્ઞાનપ્રકાશયુગની અસર ઉદ્દામવાદી કહી શકાય અને છતાં ય વિચારો ભાગ્યે જ સમાજથી આગળ હોય છે એ ખયાલ સ્વીકારીએ તો અઢારમી સદીના નવીન અને પ્રગતિશીલ અને હિંમતભર્યા ખયાલો ઓગણીસમી સદીમાં પ્રસ્થાપિત વ્યવસ્થા માટે નવા જડ આધારો બન્યા.

જ્ઞાનપ્રકાશયુગે નિર્માણ કરેલાં વિચારતત્ત્વો યથાર્થ-તાવાદી વિજ્ઞાનોમાં ઉત્ક્રાંત થયાં અને તેમાંથી એક જુદા જ પ્રકારનું વૈચારિક નીરણ જન્મ્યું. ઉદાહરણ તરીકે આમાંના જ કેટલાક વિચારોએ જે તે સરકારોને મૂડીવાદ શા માટે અપરિવર્તનશીલ છે અને કેમ તેમાંથી છટકી શકાય તેમ નથી અથવા પોતાની ગરીબી માટે શા માટે ગરીબો જ જવાબદાર છે વગેરે જેવી દલીલો માટે એક પ્રકારની ન્યાયોચિતતા પૂરી પાડી. જે ખયાલોએ 'man the machine' ('Original Sin'માંથી મુક્ત થયેલો માનવી)નો મંત્ર આપ્યો. તેમણે જ ઓગણીસમી સદીમાં ફેક્ટરી જીવનની ભયંકરતા અને ભીષણતાવાળો યંત્રયુગ પણ આપ્યો. જ્ઞાનપ્રકાશયુગે માનવીને તેના અતીતમાંથી મુક્ત કર્યો પણ તેમ કરવામાં ભાવિની નવી બેડીઓ પણ સર્જી. આજના આધુનિક, શહેરી, ઔદ્યોગિક સમાજની સમસ્યાઓ ઉકેલવાનો જે પ્રયત્ન થઈ રહ્યો છે તે તેની કૃતિ, આકૃતિ, પ્રકૃતિ અને વિકૃતિના નિર્માણમાં જ્ઞાન-પ્રકાશયુગનો ફાળો નાનોસૂનો નથી; બલકે એમ કહી શકાય કે આધુનિક ઔદ્યોગિક સમાજની ધાત્રી જ્ઞાનપ્રકાશયુગ જ હતો અને છતાંય આ સમસ્યાઓના ઉકેલ માટે આપણે આજે મહદંશે પ્રબુદ્ધ ફિલૉસૉફરોએ આપેલ સામાજિક વિશ્લેષણની ટેકનિકો, માનવીય મૂલ્યો અને વૈજ્ઞાનિક નિપુણતા પર જ આધાર રાખીએ છીએ. એ અર્થમાં જ્ઞાનપ્રકાશયુગ માનવતાનો અમર વારસો છે. (સંપૂર્ણ)

અડકો દડકો

અનિલનો ચબૂતરો

અનિલની હવેલી પાસે એક ચબૂતરો હતો. ખૂબ સુંદર! કલામય!



ગામની એ શોભા ગણાતો. વરસો પહેલાં બંધાયેલો, પણ બાંધણી એની જેટલી મજબૂત, તેટલી જ એની કારીગરીયે અફલાતૂન. એનો ચોતરો આરસથી જડેલો. એના પરના સ્તંભમાં નાજુક કોતરણી. એની ટોચે ષટ્કોણ આકારનો, ચારેય બાજુથી ખુલ્લો છત્રી જેવો ભાગ. એની છતને ટેકો આપવા લાકડાની નાની-નાની પૂતળીઓ. છતની ફરતે તોરણ જેવો ભાગ. તેમાં ફૂલ-વેલ ને પંખીઓની આકર્ષક ભાત કોતરેલી. લોકો તો આ ચબૂતરો ફરી-ફરીને જોતાં જાય ને એના કોતરનારને, એના બંધાવનારને ઊલટભેર વખાણતાં જાય. સરકારેય આ પ્રાચીન ચબૂતરાની નમૂનેદાર કલાકારીગરી જોઈ એનું જતન કરવા જરૂરી પગલાં લીધાં હતાં.

આ ગામ-ચબૂતરાનો વહીવટ કરતા અનિલના પિતાજી. ગામના એ શેઠ. સરપંચ પણ ખરા! ગામ આખાની કાળજી રાખે. તેમાં ચબૂતરાની તો ખાસ! ચબૂતરાની રોજે-રોજ સફાઈ થતી. એના પર કોઈ આડાઅવળા લીટા ન કરે, ચિતરામણો ન કરે એની તકેદારી રખાતી. ગામમાં કોઈ માનવંતા મહેમાન પધારે ત્યારે ગામનો આ ચબૂતરો ખાસ બતાવવામાં આવતો. ગામનું તો એ નાક. આ ચબૂતરાની ટપાલ-ટિકિટ કાઢવાનીયે અનિલના પિતાએ ટપાલખાતાને અને અન્ય લાગતા-વળગતાઓને વિનંતી કરેલી!

એક દિવસની વાત! અનિલ એની અગાશીમાં સૂતો હતો. અગાશી ને ચબૂતરા વચ્ચે ઝાઝું અંતર ન લાગે! સવાર થવામાં હતું. આસપાસ આછુંપાતળું અજવાળું હતું. અનિલની આંખમાં હજુ ઊંઘ લહેરાતી હતી. અનિલ હજુયે જાણે કોઈ સ્વપ્નની દુનિયામાં તરતો હતો. એને પોતાની નજીકમાં કશીક ગુસપુસ થતી લાગી. કોણ હશે આટલી વહેલી સવારે? એને પ્રશ્ન ઊઠ્યો. એને એમ લાગ્યું કે પોતાની અગાશી ને પેલા ચબૂતરા વચ્ચે કશીક વાતચીત ચાલે છે! પલવારમાં તો એનો શ્વાસ જાણે ચાલતો અટકી ગયો. તે આશ્ચર્યમાં પડી ગયો. તેણે ધ્યાન દઈને સાંભળવાનો પ્રયત્ન કર્યો. ચબૂતરો ત્યારે અગાશીને કહેતો હતો : 'બહેન, હવે તો હું અહીં ઊભો ઊભો થાક્યો છું. ક્યાં સુધી આમ નકામા મારે અહીં ઊભા રહેવાનું?'

'કેમ નકામા?' અગાશીએ પ્રશ્ન કર્યો.

'નહીં તો! હમણાંનું તો અહીં કોઈ ચકલુંયે ક્યાં ફરકે છે?' ચબૂતરાએ જણાવ્યું.

'કેમ? રોજેરોજ અહીં કેટલા માણસો આવે છે તને જોવાને? અમારી તરફ તો કોઈ આંખ ઊંચકીને જોતુંય નથી?'

'પણ એથી શું? હું તો પંખી-પારેવાંની વાત કરું છું. મને ઊભો કર્યો છે, પંખીઓ માટે. પણ કોઈને પંખી માટે પાશેર ચણ અહીં નાખવાનુંયે સૂઝતું નથી! પંખી માટે પાણીની ઠીબ પણ કોઈ ભરી રાખતું નથી! પંખી આવે તો શું ખાય અને શું પીએ?'

'ખરી વાત ભાઈ! લોકો તમે કેવા રૂપાળા છો એ જોવા આવે છે. તમારાં ભરપેટ વખાણેય કરે છે પણ તમારું જીવતર પંખીઓ વિના કેવું ભેંકાર લાગે છે એ જોતાં નથી!'

અગાશીએ આ સાંભળતાં જ કહ્યું: 'આ તો મંદિર ખરું, પણ એમાં દેવ જ નહીં - એવું થયું!'

'એ તો વાત છે!' ચબૂતરો બોલ્યો.

'તમારા થાનકે કોઈ ચણ ના નાખે, દાણોપાણી ન નાખે તો પંખીઓ ક્યાંથી આવે? તમે તો ઊભા છો ભૂખ્યાં-તરસ્યાં પંખીઓના વિસામા માટે જ! જેવાં પાંખ વગરનાં પંખીઓ, તેવા પંખીઓ વિનાના ચબૂતરાભાઈ તમે! ખરું ને?' અગાશીએ સમભાવથી કહ્યું.

'બહેન, આમ ને આમ ખાલી ઊભા રહેવાનો ભારે કંટાળો આવે છે મને! ભૂખ્યાં-તરસ્યાં પંખીઓને ખાવા-પીવાની સગવડ ન મળે તો મારું હોવું શું કામનું!' ચબૂતરો દુઃખ સાથે બોલ્યો. અગાશીએ તેને આશ્વાસન આપતાં કહ્યું : 'ભગવાન સૌ સારાં વાનાં કરશે. આપણો આ અનિલ છે તે સમજદાર છે. એ તમારું દુઃખ જાણશે તો તરત જ એ દૂર કરીને રહેશે.'

'તું કહે છે તો આશા રાખીએ!'

ચબૂતરો નિસાસા નાખતો શાંત થયો અને અગાશી પણ ચબૂતરો પંખીઓથી કલરવતો થાય એ માટે મૂંગી મૂંગી પ્રાર્થના કરવા લાગી.

અનિલને ચબૂતરો જાણે મૂંગો મૂંગો આંસુ સારતો હોય એવું લાગ્યું. એ તરત પથારીમાંથી ઊભો થયો. માને ઉઠાડી અને તેને ચબૂતરાની વાત કરી. માએ પણ તુરત અનિલને કહ્યું : 'બેટા, અમેય કેવાં! ચબૂતરાની શોભા જોતાં રહ્યાં, પણ ચબૂતરો પંખીઓ વગર સૂનો પડી ગયેલો એ તો જોયું જ નહીં. હવે આપણે આજથી રોજેરોજ ચબૂતરે દાણા નાખીશું અને ત્યાં

(અનુસંધાન પૃ. ૨૫૦)

કંકાવટી

ભારતનાં પહેલાં પ્રેસફોટોગ્રાફર શ્રીમતી હોમઈ

શ્રીમતી હોમઈ વ્યારાવાળાં નામનાં ગુજરાતી પારસીબાનુ આપણા દેશનાં સર્વપ્રથમ મહિલા પ્રેસ ફોટોગ્રાફર હોવાનું ગૌરવ ધરાવે છે.

એમનો જન્મ ગુજરાતના નવસારી શહેરમાં થયેલો. તેમનું શિક્ષણ મુંબઈમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં થયું. ત્યાંથી બી.એ. થયાં પછી ત્યાંની જે.જે.સ્કૂલ ઑફ આર્ટ્સમાં ચિત્રકલાનો અભ્યાસ કરી તેનો ડિપ્લોમા પ્રાપ્ત કર્યો. સવાર અને બપોરના સમયે તે કૉલેજમાં અભ્યાસ કરતાં અને સાંજના વ્યવસાય-કાર્ય કરતાં.

એમના પતિ માણેકશાને ય શરૂથી ફોટોગ્રાફીનો ભારે શૉખ હતો. એમણે જ હોમઈબહેનને ફોટોગ્રાફી-કલામાં આગળ વધવા માટે પ્રેરણા-પ્રોત્સાહન આપ્યાં. બંનેનો એ શૉખ જ તેમને લગ્ન કરવામાં પ્રેરણારૂપ બન્યો. એ પહેલાં એમની મૈત્રી ૧૫ વર્ષ સુધી રહેવા પામી હતી. બંને છબી-કલાનું કામ શૉખથી સાથે કરતાં હતાં. એમનાં લગ્ન અંગે એમનાં કુટુંબીજનોએ પહેલાં તો વિરોધ કરેલો પણ પાછળથી તેઓ સમજી ગયાં હતાં.

હોમઈબહેન મરાઠી અને ગુજરાતીનું સારું જ્ઞાન ધરાવે છે. એ ઉપરાંત સરળ હિંદીમાં વાતચીત તેઓ સુપેરે કરી શકે છે. મુંબઈના નિવાસ દરમિયાન એમણે મહારાષ્ટ્રિયન સમાજના દિવાળી-પૂજા, ગણેશ-પૂજા તથા હલદી-કંકુ આદિ તહેવારોની છબીઓ પાડી છે ને વળી જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સ તથા ફાયર સ્ટેશનની છબીઓ ને તદ્‌વિષયક ચિત્રો પણ એમણે અંકિત કર્યાં છે.

પોતાની અનુભવકથા અંગે તેઓ જણાવે છે : 'હું જ્યારે યુવાનો સાથે ફોટોગ્રાફી કરતી ત્યારે લોકો તેનો વિરોધ કરતાં. તેમને એ ન ગમતું, પણ પાછળથી તેમનો વિરોધ શમી જતો. દિલ્હીમાં મેં ૨૭ વર્ષ સુધી ફોટોગ્રાફી કરી ત્યારે ઘણા કડવા-મીઠા અનુભવો થવા પામ્યા. તે દિવસો દરમિયાન રાષ્ટ્રપતિભવન ને વડાપ્રધાન કચેરીના અનેક સમારંભો માટે છબી પાડવા જવું પડતું ને તે અંગેની પરવાનગી મેળવવા ઘણી તકલીફ પડતી.'

તેમણે સર્વપ્રથમ ફોટો પાડ્યો તે લેડિઝ ક્લબ પિકનિક-મુંબઈનો હતો. તે મુંબઈના તત્કાલીન અંગ્રેજી દૈનિક 'બૉમ્બે ક્રૉનિકલ'માં છપાયેલો. એ પછી તેમની ઘણી છબીઓ એ વખતનાં પ્રસિદ્ધ દૈનિકોમાં ને 'ઈલસ્ટ્રેટેડ વિકલી'નામના પ્રતિષ્ઠિત અંગ્રેજી અઠવાડિકમાં છપાઈ. ત્યારે તેમને 'બૉમ્બે કોનિકલ' જેવા પ્રતિષ્ઠિત અખબારે છબી છાપવા માટે પુરસ્કાર માત્ર એક રૂપિયો જ આપેલો.

તેમણે હોલી ફ્લેક્સ, ગ્રાફલેક્સ, સ્પીડ ગ્રાફિક ને કોન્ટેક્સ જેવા કેમરાથી ઘણી સુંદર છબીઓ પાડી છે અને તેમની છબીઓ તથા મોનોગ્રાફ્સનાં ઘણાં પ્રદર્શનો દેશ-વિદેશમાં યોજાયાં છે. ભારત ઉપરાંત તેમનાં છબીકલા-પ્રદર્શનો અમેરિકા, સ્વિટ્ઝરલૅન્ડ, ઈંગ્લન્ડ આદિ દેશોમાં યોજાયાં હતાં ને ઘણી પ્રશંસા પામ્યાં હતાં.

તેમના અનુભવ-બોધ રૂપે હોમઈ વ્યારાવાળાં તેમનો જીવનમંત્ર જણાવતાં કહે છે — 'પ્રત્યેક વ્યક્તિએ ઈમાનદારી ને નિષ્ઠાથી પોતાની ફરજોનું પાલન કરવું જોઈએ ને જવાબદારી સમજવી જોઈએ એમ કરનારને સફળતા મળે જ મળે.'

- ધર્મેન્દ્ર મ. માસ્તર

સ્તનપાન - બાળકની પ્રથમ રોગપ્રતિકારક રસી

કુદરતે બાળકને જન્મ પહેલાં જ રોગો સામે એના રક્ષણનો પ્રબંધ કરી રાખ્યો છે. સગર્ભાવસ્થા દરમિયાન માતાના લોહીમાં રહેલાં રોગપ્રતિકારક તત્ત્વો ઓર કે પ્લેસેન્ટામાં થઈને બાળકને મળે છે. પ્રોટીનનાં બનેલાં આ રોગપ્રતિકારક તત્ત્વો (ઍન્ટિબૉડીઝ) જન્મ પછી પણ બાળકના લોહીમાં અમુક અઠવાડિયાંઓ કે મહિનાઓ સુધી ફરતાં રહે છે અને સૂક્ષ્મ જીવાણુઓના ઉપદ્રવ સામે બાળકનું રક્ષણ કરતાં રહે છે. સ્તનપાન કરતાં બાળકોને ધાવણ દ્વારા આ ઉપરાંતનાં વધારાનાં કેટલાંક રોગ-પ્રતિકારક તત્ત્વો અને કોષો પણ પ્રાપ્ત થાય છે.

આપણા શરીરમાં રોગોત્પાદક જીવાણુંઓનો સામનો કરવા માટે પ્રોટીનના અણુઓમાંથી જે પ્રતિકારક તત્ત્વો તૈયાર થાય છે એમને ઍન્ટિબૉડીઝ અથવા ઈમ્યુનોગ્લોબ્યુલિન (Ig) નામથી ઓળખવામાં આવે છે. આ ઈમ્યુનોગોલબ્યુલિન પાંચ પ્રકારના હોય છે, જે IgG, IgM, IgA, IgD અને IgE નામથી ઓળખાય છે. આ તમામ પ્રકારનાં રોગપ્રતિકારક તત્ત્વો ધાવણમાં જોવા મળે છે, પણ તેમાં IgAનું પ્રમાણ સૌથી વધારે હોય છે.

બૉટલના દૂધ પર ઊછરતાં બાળકોનાં આંતરડાંમાં શરૂઆતના મહિનાઓ દરમિયાન ઍન્ટિબૉડીઝ ન હોવાથી તે જીવાણુઓનો પ્રતિકાર કરી શકતાં નથી. આ ઈમ્યુનોગ્લોબ્યુલિન બાળકના દૂધ અને આહારમાં રહેલા જીવાણુઓનો નાશ કરે છે અને તેમને આંતરડાની દીવાલમાં થઈને લોહીમાં ભળતા અટકાવે છે. ધાવણમાં તો આ પ્રકારનાં રોગપ્રતિકારક તત્ત્વો બાળકને જન્મથી જ મળતાં હોય છે.

જન્મ પછીનાં થોડાં અઠવાડિયાંઓ

સુધી બાળકનું શરીર ઈમ્યુનોગ્લોબ્યુલિન-એ બનાવવાનું શરૂ કરતું નથી. આ સમયે બાળક રક્ષણહીન હોય છે. ત્યારે માતાના ધાવણમાંથી મળતાં રોગપ્રતિકારક તત્ત્વો બાળકનું સૂક્ષ્મ જીવાણુઓ સામે રક્ષણ કરવાની મહત્ત્વની કામગીરી કરે છે.

ધાવણમાં ઈમ્યુનોગ્લોબ્યુલિન-એ ઉપરાંત અન્ય પણ કેટલાંક પ્રતિકારક તત્ત્વો હોય છે જે જીવાણુઓને આંતરડાંની આંતરત્વચા પર આક્રમણ કરતાં રોકે છે.

માતાના દૂધમાં મ્યુસિન (Mucin) નામના મોટા અણુઓ હોય છે જે જીવાણુઓ (બૅક્ટેરિયા) અને વિષાણુઓ (વાઈરસ)ને શરીરમાંથી મારી હઠાવે છે. ધાવણનાં રસાયણોનાં અન્ય પણ ઉપયોગી કાર્યો છે. ધાવણમાં લૅક્ટોફેરિન (Lactoferrin) નામનું પ્રોટીન હોય છે, જે લોહતત્ત્વને બાંધવાનું કામ કરે છે. જીવાણુઓને તેમની વૃદ્ધિ માટે લોહતત્ત્વ અનિવાર્ય હોય છે. લૅક્ટોફેરિન જીવાણુઓને મળતા લોહતત્ત્વના પુરવઠાને અટકાવીને તેમની વૃદ્ધિ થતી રોકે છે. નવજાત બાળકોમાં જીવલેણ અને ગંભીર વ્યાધિ પેદા કરતા સૂક્ષ્મ જીવાણુઓનો નાશ કરવા માટે લૅક્ટોફેરિન અસરકારક છે.

ધાવણમાં આવું જ બીજું એક બાઈફિડસ ફૅક્ટર (Bifidus Factor) નામનું તત્ત્વ આવેલું છે. આ તત્ત્વ બાળકનાં આંતરડાંમાં લૅક્ટોબેસિલસ બાઈફિડ્સ નામના જીવાણુઓની વૃદ્ધિ માટે ઉપયોગી છે. લૅક્ટોબેસિલસ બૅક્ટેરિયા આપણાં આંતરડાંમાં રહેલાં નિર્દોષ જીવાણુઓ છે. તે આંતરડામાં અન્ય હાનિકારક જીવાણુઓની વૃદ્ધિ થતાં અટકાવે છે. આથી બાળકને સંક્રામક રોગો સામે રક્ષણ મળે છે.

બાળકના જન્મ પછી શરૂઆતના બે-ત્રણ દિવસ દરમિયાન માતાને જે પીળું, સાધારણ ઘટ્ટ અને ચીકણું દૂધ આવે છે તેને કોલોસ્ટ્રમ નામથી ઓળખવામાં આવે છે. કોલોસ્ટ્રમ વિષાણુઓ (વાઈરસ)નો સામનો કરવાનો અદ્‌ભુત ગુણ ધરાવે છે. આ વિષાણુઓ વાસ્તવમાં એવા શક્તિશાળી અને હઠીલા હોય છે કે રોગોપચારમાં વપરાતી સામાન્ય ઍન્ટિબાયોટિક દવાઓ પણ એમને અસર કરી શકતી નથી. પણ કોલોસ્ટ્રમમાં રહેલું ઈન્ટરફેરોન (Interferon) નામનું તત્ત્વ વિષાણુઓનો નાશ કરવાની મજબૂત શક્તિ ધરાવે છે.

ધાવણમાં વિવિધ પ્રકારનાં રોગપ્રતિકારક રસાયણો વિપુલ માત્રામાં આવેલાં છે. પણ તે ઉપરાંત માતાનું દૂધ રોગઉત્પાદક જીવાણુઓને ખતમ કરી શકે તેવા સૂક્ષ્મ સૈનિક-કોષો પણ ધરાવે છે. આવા સૈનિકોમાં આપણા લોહીમાં આવેલા શ્વેતકણોનો સમાવેશ થાય છે. આ શ્વેતકણો કોલોસ્ટ્રમમાં પણ ઝાઝી સંખ્યામાં હાજર હોય છે. શ્વેતકણો લાઈસોઝાઈમ (Lysozyme) નામનો ઉત્સેચક રસ પેદા કરે છે. લાઈસોઝાઈમ સૂક્ષ્મ જીવાણુઓની કોષદીવાલને તોડી નાખીને એમનો નાશ કરે છે.

ધાવણમાં લિમ્ફોસાઈટ્સ લોહીમાંના કોષો કરતાં વિશેષ અસર ધરાવે છે. તે ઈ.કોલાઈ (E-coli) નામના જીવાણુઓની હાજરીમાં ખાસ વૃદ્ધિ પામે છે. ઈ-કોલાઈ નવજાત બાળકોમાં જીવલેણ ચેપ પેદા કરનારા જીવાણુઓ છે. ધાવણમાં રહેલા લિમ્ફોસાઈટ્સ એમનો ખાતમો કરી નાખે છે. ઉપરાંત આ લિમ્ફોસાઈટ્સ બાળકના શરીરમાં રહેલી અન્ય રોગપ્રતિકારક પ્રતિક્રિયાઓને પણ મજબૂત બનાવે છે.

માતાના દૂધમાં અમુક અંતઃસ્રાવો (હૉરમોન્સ) અને પ્રોટીન રસાયણો હોય છે, જે આંતરડાની અંતઃત્વચામાં આવેલાં છિદ્રોને પૂરી દેવાની કામગીરી કરે છે. આથી જીવાણુઓ આંતરડાની દીવાલમાં થઈને શરીરમાં પ્રવેશી શકતાં નથી. ધાવણમાં બીજાં અનેક વણઓળખાયેલાં રસાયણો જોવા મળ્યાં છે, જે બાળકના શરીરમાં ઈમ્યુનોગ્લોબ્યુલિન-એ, લૅક્ટોફેરિન અને લાઈસોઝાઈમની ઉત્પાદન પ્રક્રિયા ઝડપી બનાવે છે. આ ત્રણે રસાયણોની કાર્યઅસર છેક બાળકના મૂત્રતંત્ર સુધી પ્રસરે છે. આનાથી બાળકને મૂત્રતંત્રના ચેપ સામે રક્ષણ મળે છે.

આમ, સ્તનપાન બાળકને પોષણ ઉપરાંત રોગો સામે રક્ષણ પણ આપે છે. બાળકને તેના જીવનના પ્રથમ દિવસથી જ સ્તનપાનનું કુદરતી રક્ષણ પૂરું પાડવું એ પ્રત્યેક માતાની ફરજ અને બાળકનો અધિકાર છે. ('આપણું સ્વાસ્થ્ય'માંથી)

- ડૉ. એસ.કે. ચતુર્વેદી

અનુસંધાન] અડકોદડકો [પૃ. ૨૪૮થી
પાણી ભરીને ઠીબ પણ મુકાવીશું. હવે પંખીઓને દિવસ-રાત ચણ અને પાણી મળશે, બસ!'

અને પછી રોજેરોજ અનિલનાં મા સવારે ઊઠી, તુલસીક્યારે દીવો કરી, પછી ચબૂતરે જઈ ત્યાં પંખીઓ માટે ચણ ને પાણીની સગવડ કરતાં. એ જોઈ પછી તો ગામનાં બીજાં લોકો પણ ચબૂતરે ચણ નાખવા લાગ્યાં.

હવે તો ચબૂતરો જ જાણે પંખીઓની પાંખોએ ફડફડતું કોઈ કલરવતું ઝાડ જાણે ન હોય! અનિલ તો પછી દિવસમાં બે-એક વાર ચબૂતરે ન જાય તો એને ચેન જ પડતું નહીં. ચબૂતરે આવતાં પંખીઓને જોવાની - એમને સાંભળવાની, એમની ગિનતી કરવાની એને મજા આવતી.-પછી ચબૂતરાની સાથે અગાશીયે પંખીઓથી કલ્લોલ કરતી થઈ ગઈ. અનિલ તો ઘણી વાર માના હાથમાંથી ચણ લઈ, પોતાની હથેળીમાં રાખી પંખીઓને ચબૂતરાની જેમ નોંતરુંયે આપે છે - ચણ ચણવા ને કલરવ કરવા. હવે તો અનિલ પણ ચબૂતરાને અને અગાશીને પંખી જેટલો પ્યારો લાગે છે!

- ચંદ્રકાન્ત શેઠ

સાહિત્યસંપર્ક

બે સાહિત્યકારોને ગૌરવ પુરસ્કાર.

ડૉ. રમણલાલ જોશી



આપણા ગુજરાતી સાહિત્યમાં વિવેચક તરીકે સન્માન્ય, યુનિવર્સિટી અધ્યાપન તેમજ અને સાહિત્યિક કટાર લેખન તથા સંપાદન-કાર્યથી જાણીતા ડૉ. રમણલાલ જોશીને ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમની સુદીર્ઘ સાહિત્યસેવાને લક્ષમાં લઈ મૂર્ધન્ય સાહિત્યકાર તરીકે ગૌરવ પુરસ્કારથી સન્માનિત કર્યા.

રમણલાલ જેઠાલાલ જોશીનો જન્મ તા. ૨૨-૫-૧૯૨૬ના રોજ વિજાપુર તાલુકાના હીરપુરા ગામમાં થયેલો. તેમનું વતન વડનગર. પ્રાથમિક શિક્ષણ વડનગરમાં, માધ્યમિક શિક્ષણ પિલવાઈ ગામમાં અને કૉલેજ શિક્ષણ વડોદરામાંથી લઈને ૧૯૫૦માં ગુજરાતી મુખ્ય તથા સંસ્કૃત ગૌણ વિષય સાથે દ્વિતીય વર્ગમાં બી.એ. તથા ૧૯૫૪માં એ જ વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. દ્વિતીય વર્ગમાં. વળી, ૧૯૬૨માં તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી ઉમાશંકર જોશીના માર્ગદર્શન નીચે 'ગોવર્ધનરામઃ એક અધ્યયન' વિષય પર મહાનિબંધ લખી પીએચ.ડી. ની ઉપાધિ મેળવી.

રમણભાઈ ૧૯૫૪ થી ૧૯૫૯ સુધી ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં રિસર્ચ ફેલો રહ્યા. ૧૯૫૯થી ૧૯૬૨ સુધી અમદાવાદની જી.એલ.એસ. આર્ટ્સ કૉલજમાં અધ્યાપક તરીકે કામ કર્યું. ૧૯૬૨ થી ૧૯૬૮ સુધી ગુજરાત યુનિવર્સિટી ભાષા ભવનમાં વ્યાખ્યાતા રહ્યા. ૧૯૬૯માં તેઓ રીડર થયા. ૧૯૭૯માં ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક અને અંતે ૧૯૮૬માં ભાષાભવનના અધ્યક્ષપદેથી નિવૃત્ત થયા તે પછી ગુજરાત યુનિવર્સિટીમાં કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડિરેક્ટર તથા ૧૯૮૮માં યુ.જી.સી. તરફથી પ્રોફેસર એમિરિટસ પણ થયા.

રમણભાઈ ૧૯૮૫માં 'ગુજરાતીના અધ્યાપક સંઘ'ના અધિવેશનમાં અધ્યક્ષ બન્યા અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પણ નિયુક્ત થયેલા. ૧૯૮૪નું સાહિત્ય અકાદમી, દિલ્હીનું પારિતોષિક તેમને 'વિવેચનની પ્રક્રિયા' પુસ્તક માટે એનાયત થયું હતું.

ગુજરાતી સાહિત્યક્ષેત્રે ડૉ. રમણલાલ જોશીનું મુખ્ય પ્રદાન વિવેચનક્ષેત્રે છે. તેમનો મહાનિબંધ 'ગોવર્ધનરામઃએક અધ્યયન' ૧૯૬૩માં પ્રગટ થયેલો. ૧૯૭૮માં તેની સંશોધિત આવૃત્તિ પ્રગટ થઈ. ૧૯૭૯માં કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ અંગ્રેજીમાં 'ગોવર્ધનરામ' પ્રગટ કર્યું. ૧૯૮૬માં તેમણે 'પ્રજ્ઞામૂર્તિ ગોવર્ધનરામ' પ્રગટ કર્યું. ૧૯૮૩માં તેમના સંપાદન નીચે 'ગોવર્ધન-પ્રતિભા' ગ્રંથ પ્રગટ થયો.

રમણલાલે પીએચ.ડી. થયા પછી વિવેચનક્ષેત્રે સતત પ્રદાન કર્યું છે. 'અભીપ્સા' (૧૯૬૮-૧૯૭૮), 'પરિમાણ' (૧૯૬૯), 'શબ્દસેતુ' (૧૯૭૦), 'ભારતીય નવલકથા' ભાગ-૧ (૧૯૭૪), 'સમાન્તર' (૧૯૭૬), 'વિનિયોગ' (૧૯૭૭), 'ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહી : ૧૯૬૩' (૧૯૭૭), 'વિવેચનની પ્રક્રિયા' (૧૯૮૧), 'નિષ્પત્તિ' (૧૯૮૮), 'વિવેચનની આબોહવા' (૧૯૮૯), 'નિરૂપણ' (૧૯૯૯), 'ગ્રંથનો પંથ' (૧૯૯૯) એમનાં વિવેચનસંગ્રહો છે. તેમનો અભિગમ મહદ્ અંશે સર્વાશ્લેષી હોવાથી તેમનું વિવેચન એકાંગી કે આત્યંતિક બનવામાંથી ઊગરી ગયું છે. તીવ્ર ગમા-અણગમાથી મુક્ત હોવાને લીધે તેઓ ભિન્ન ભિન્ન પ્રકારની કૃતિઓને જાણી શકે છે અને ઉચિત પરિપ્રેક્ષ્યમાં મૂલવી શકે છે. કોઈ એક પેઢી કે કોઈ એક સાહિત્યપ્રકાર પ્રત્યે તેમને પક્ષપાત નથી તેની ગવાહી તેમના વિવેચનસંગ્રહો પૂરી પાડે છે.

'સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત અને કવિજીવન' (૧૯૬૬) ચરિત્રાત્મક પુસ્તક છે. એ પછી 'શબ્દલોકના યાત્રીઓ' ભાગ-૧,૨ (૧૯૮૩) તથા 'અક્ષરના આરાધકો' ભાગ-૧,૨ (૧૯૯૮)માં રમણભાઈએ શતાધિક સાહિત્યકારોનો પરિચય કરાવ્યો છે. સર્જકની સમગ્રલક્ષી વિગતો, જીવનવિષયક વિગતો અને સાહિત્ય-ઘડતર પાછળનાં પરિબળો એમ ત્રણેક બાબતોને નજર સમક્ષ રાખીને તેમણે આ રેખાચિત્રો તૈયાર કર્યાં છે. તેમનું 'આદિવચન' (૧૯૯૫) પણ ધર્મ અને સાહિત્યના ચિંતનપ્રવણ તંત્રીલેખોને કારણે નિબંધ સ્વરૂપના સાહિત્યમાં સમાવેશ પામે એવું છે.

રમણભાઈએ સંશોધન-સંપાદનના ક્ષેત્રે પણ ઉલ્લેખનીય પ્રદાન કર્યું છે. 'અખેગીતા' (ઉમાશંકર જોશી સાથે, ૧૯૬૭, ૧૯૭૯)માં સંશોધન સંપાદન-માં એમના મધ્યકાલીન સાહિત્યના સ્વાધ્યાયનો પરિચય પ્રાપ્ત થાય છે. 'અખાનાં કાવ્યો' (૧૯૯૫) એ એમનું અખાની ઉત્તમ રચનાઓનું સૂઝપૂર્વકનું સંપાદન છે. આ ઉપરાંત એમણે 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ' (રામ-પ્રસાદ બક્ષી સાથે, ૧૯૭૧), 'કાવ્ય- સંયમ-૩' (જયંત પાઠક સાથે,

૧૯૮૧), 'ફૂલ ઝરે ગુલમહોર' (બ્રોકરની વાર્તાઓ, ૧૯૮૨, ૧૯૮૪), 'ગુરુશિષ્ય સંવાદ' (ધીરુ પરીખ સાથે) અપ્રકટ, 'સુન્દરમ્‌નાં કાવ્યો', 'જ્યોતિરેખા', 'સુન્દરમ્‌ની પ્રતિનિધિ વાર્તાઓ' (૧૯૮૯) વગેરે સંપાદનો પણ આપ્યાં છે.

ડૉ. જોશીએ ૧૯૭૬થી ગુજરાતી સર્જકોનો પરિચય આપતી 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'નું સંપાદન સંભાળ્યું છે. ઑગસ્ટ ૧૯૯૦થી તેમણે 'ઉદ્દેશ' નામનું સાહિત્ય અને જીવનવિચારનું માસિક શરૂ કર્યું છે. સર્જનાત્મક અને વિવેચનાત્મક લખાણો મેળવીને નિયમિતરૂપે એનું પ્રકાશન એ એની વિશેષતા છે. વિવિધ વર્તમાનપત્રોમાં પણ તેઓ વર્ષોથી સાહિત્ય વિષયક કટારો લખી બહોળા વાચક-સમુદાય સુધી પોતાના વિચારો પ્રગટ કરતા રહ્યા છે. કોઈને કદાચ મુખર લાગે પણ તેમનું વ્યક્તિત્વ પારદર્શક અને સૌજન્યશીલ છે. - પ્રસાદ બ્રહ્મભટ્ટ

રઘુવીર ચૌધરી



ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ડૉ. રઘુવીર ચૌધરી (જન્મ : તા. ૫-૧૨-૧૯૩૮, પ્રચલિત જન્મ : તા. ૫-૨-૧૯૩૮) ને ૨૦૦૧ના વર્ષનો ગૌરવ પુરસ્કાર એનાયત થયો છે. રઘુવીર દલસિંહ અને જીતીબહેનના પુત્ર. પિતા ભક્ત અને ભજનિક, માતા ધાર્મિક વૃત્તિવાળાં, કર્મઠ ગૃહિણી. બંને ખૂબ પ્રેમાળ. બંનેના ઊંડા સંસ્કાર રઘુવીર પર. ભણવામાં તેજસ્વી. શાલેય શિક્ષણ લેતાં લેતાં તેઓ સંસ્કૃતભૂષણ, ઇન્ટરમિડિયેટ ડ્રૉઈંગ, રાષ્ટ્રભાષારત્ન વગેરેના વિશેષ અભ્યાસક્રમોમાં પણ ઉત્તીર્ણ સારી રીતે થયેલા. તેઓ ૧૯૬૦માં હિન્દી-સંસ્કૃત સાથે બી.એ.માં પ્રથમ વર્ગમાં પ્રથમ આવેલાં. ત્યાર બાદ એ જ વિષયો સાથે એમ.એ. ૧૯૬૨માં થયા. ૧૯૭૯માં 'હિન્દી અને ગુજરાતી ધાતુઓનો તુલનાત્મક અભ્યાસ' એ મહાનિબંધ તૈયાર કરી પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. તેઓ કૉલેજમાં ભણતા હતા ત્યારે જ ૧૯૫૮માં પારુબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. તેમનાથી તેમને સંજય, દૃષ્ટિ, કીર્તિ અને સુરતા - આ ચાર સંતાનો છે.

રઘુવીરે બાપુપુરા (તા. માણસા)ની તળભૂમિના પ્રાકૃતિક વાતાવરણનો તેમજ તત્કાલીન વિદ્યાકીય વાતાવરણનો સારો લાભ મેળવ્યો હતો. તેમને માણસા હાઈ સ્કૂલમાં ડૉ. ભોળાભાઈ પટેલ જેવા તેજસ્વી સાહિત્યરસિક શિક્ષક પાસે ભણવાનો સંલાભ મળ્યો અને તેથી એમની સાહિત્ય પ્રત્યેની અભિરુચિને ખીલવા-વિકસવા માટેનાં બળ તેમજ અવકાશ મળ્યાં. આ દરમિયાન તેમની સમાજ-સેવાની પ્રવૃત્તિ પણ ચાલતી થયેલી. તેમણે પોતાના ગામમાંથી નિરક્ષરતા નિવારવાની પ્રવૃત્તિ પણ આરંભી હતી. વળી, કૉન્ગ્રેસ સેવાદળમાંયે શ્રી મોતીભાઈ ચૌધરી સાથે દક્ષિણ ભારતની યાત્રા પણ કરેલી.

રઘુવીર ૧૯૬૨માં એમ.એ. થયા તે પહેલાંથી જ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ફેલો-અધ્યાપક તરીકે સક્રિય હતા. એમણે હિંદીનું અધ્યાપન બી.ડી.આર્ટ્સ અને એચ.કે. આર્ટ્સ કૉલેજ ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠથી તે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં નિવૃત્તિ-કાળ કર્યું.

૧૯૬૪માં તેમણે પ્રથમ નવલકથા 'પૂર્વરાગ' લખી, ત્યારથી માંડીને તેમનું વ્યવસ્થિત સર્જન-લેખન આજદિન સુધી અવિરતપણે ચાલ્યું છે. તેમના ઘડતર-વિકાસમાં વિવિધ તબક્કે ભોળાભાઈ, મોતીભાઈ, ઉપરાંત જી. એન. ડીકે, રામદરશ મિશ્ર, ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, ઈશ્વર પેટલીકર, દર્શક, હરિ-વલ્લભ ભાયાણી અને નગીનદાસ પારેખ જેવા મહાનુભાવોનાં સત્સંગ-સાન્નિધ્ય ઉપકારક થયાં છે. રામદરશ મિશ્રે યોગ્ય રીતે એમના માટે કહ્યું છે : 'रघुवीर का होना रघुवीर का होना हैं । रघुवीर बडे कदके लेखक हैं, बडे कदके मनुष्य हैं, बडे कदके शिष्य हैं ।'

રઘુવીરનો અહમ્ આરંભથી જ બળવાન હોવાનું ભોળાભાઈ નોંધે છે, તેમ છતાં અહમ્ એમની સર્જકતાના સર્વતોમુખી વિકાસમાં ખાસ વ્યવધાનરૂપ થયો હોય તેવું જણાતું નથી. સાત્ત્વિકતા ને શીલ આગળ તે વિનમ્ર હોય છે. તેઓ શીલથી આકર્ષાય છે અને તેમનો શબ્દ પણ શીલતત્ત્વથી નક્કર અને નરવો હોવાનું પ્રતીત થાય છે.

રઘુવીર જીવનમાં વિધેયાત્મક વલણ દાખવનારા સર્જક છે. તેમને અધ્યાત્મ અને વિજ્ઞાન નજીક આવી કોઈ સર્જનાત્મક ગીતમાં પરિણમન સાધે તે રુચે છે. તેઓ સ્પષ્ટ રીતે પોતાનો શબ્દ વ્યષ્ટિ અને સમષ્ટિના હિતમાં ઉપકારક થાય તેમાં તેની સાર્થકતા પ્રતીત કરે છે અને તેથી આનંદ પણ અનુભવે છે. રઘુવીરને સાંપ્રત યંત્ર-વિજ્ઞાનના યુગ પછી ધર્મ-અધ્યાત્મનો યુગ આવવાની સંભાવના લાગે છે. તેઓ ગાંધીજીને માત્ર આજે જ નહીં આવતી કાલે પણ સવિશેષ પ્રસ્તુત હોવાનું દૃઢતાથી માને છે. તેમના માટે સાહિત્યનો શબ્દ-શબ્દ સૃષ્ટિ-વૃક્ષને માટે જેમ પાંદડું તેમ પોતાને માટે ઉપયોગી ને તેથી અનિવાર્ય લાગે છે. તેમને શબ્દ દ્વારા આત્મપરિચય પામવાની બાબતમાં ભરોસો છે. તેમના શબ્દની રૂખ સંશયમાંથી શ્રદ્ધા તરફની, વિસંવાદ કે સંઘર્ષમાંથી સંવાદ તરફની અને બહિર્-વાસથી અંતરવાસ તરફની છે. રઘુવીર વાસ્તવ ને ભાવનાનો, ચિંતન

અને લાગણીનો, સત્ય અને સૌન્દર્યનો અનોખો સમન્વય-યોગ એમના સર્જનમાં કરી શક્યા છે. તેઓ ભટ્ટ તૌત-નિર્દિષ્ટ દર્શન-વર્ણનની ગોવર્ધનરામ-પ્રેરિત કથા-પરંપરાના પ્રશંસક અને આરાધક છે. એ રીતે ગુજરાતીમાં તેઓ ગોવર્ધન-ગોત્રના, દર્શકના દેશના સર્જક લેખાય. તેઓ 'પ્યોર પોએટ્રી' કરતાં 'ગ્રેટ પોએટ્રી'થી વધુ આકર્ષાતા ને પ્રેરાતા સર્જક છે. એ રીતે ગુજરાતીમાં તેઓ પ્રશિષ્ટ પરંપરાના સાહિત્યકાર છે.

રઘુવીરે તેમના લેખનનો પ્રારંભ કવિતાથી કર્યો અને કવિતા પ્રત્યેની એમની આસક્તિ-પક્ષપાત સતત રહ્યા છે. એમના કવિત્વથી એમના થકી ખેડાયેલા કથા, નિબંધ આદિ અન્ય સાહિત્ય-પ્રકારોને સૂક્ષ્મતયા લાભ જ થતાં રહ્યા છે. તેમણે 'તમસા' (૧૯૭૨), 'વહેતાં વૃક્ષ પવનમાં' (૧૯૮૪), 'ફૂટપાઠ અને શેઢો' -એ ત્રણ કાવ્યસંગ્રહો આપ્યા છે. તેમનામાં કવિ અને કૃષિકાર વચ્ચે પાકો સુમેળ છે અને એવો જ સુમેળ ગામ અને નગરનો સાધવાની તેમની ધખના જોવા મળે છે. કવિતામાં ને કથાઓમાં શેઢાથી ફૂટપાથ સુધી ગયેલા રઘુવીર શેઢાને ભૂલ્યા નથી ને ભૂલવા ઇચ્છતા પણ નથી તો ફૂટપાથની ઉપેક્ષા પણ કરતા નથી.

આ વલણ પાછળનું મુખ્ય કારણ છે મનુષ્ય તરીકેની, કલાકાર તરીકેની, તેમની આંતરિક સચ્ચાઈ; તેમની ઊંડી અને સૂક્ષ્મ ધર્મપૂત સંવેદનશીલતા. મનુષ્યની વેદનામાં ઋત જોનારા આ કવિ છે. રામાયણ, મહાભારત આદિ મહાકાવ્યો, વિવિધ ભાષાઓની મહાન કલાકૃતિઓ વગેરેથી પ્રેરિત અને પુષ્ટ એમનું ચિત્ત છે. એ ચિત્તના આવિષ્કારો -પછી એ વિચાર, ઊર્મિ, કલ્પના, ભાવના, ઇત્યાદિમાં ભલે પ્રગટતા હોય -માં એમની ઊંડી દિલચસ્પી છે. આપણાં જીવન અને સંસ્કૃતિના નિષ્કર્ષરૂપ અનેક સંસ્કાર-સ્મરણોથી આલોકિત એમની સર્જકચેતનાના સંચારો તેઓ નિખાલસ રીતે શબ્દમાં પ્રગટ કરતા હોય છે; એમ કરતાં જીવન અને શબ્દ વચ્ચેનું અંતર ગાળી દેવાની એમની મથામણ હોય છે. એ મથામણની ઉત્કટતા એમની ઉત્તમ કથાકૃતિઓ અને કાવ્યકૃતિઓમાં પ્રતીત થાય છે. આપણને આ તબક્કે 'પૂર્વરાગ', (૧૯૬૪), 'અમૃતા' (૧૯૬૫), 'આવરણ' (૧૯૬૬), 'વેણુવત્સલા' (૧૯૭૨), 'ઉપરવાસ-કથાત્રયી' (૧૯૭૫), 'લાગણી' (૧૯૭૬), 'શ્રાવણ રાતે' (૧૯૭૭), 'રુદ્રમહાલય' (૧૯૭૮), 'ગોકુલ-મથુરા-દ્વારકા' (૧૯૮૬), 'લાવણ્ય' (૧૯૮૯), 'કાચા સૂતરને તાંતણે' (૧૯૯૫) અને 'સોમતીર્થ' (૧૯૯૭) જેવી નવલકથાઓ; 'ડિમલાઈટ' (૧૯૭૩) જેવી નાટ્યકૃતિઓ તેમજ 'મને કેમ ના વાર્યો?', 'રાજસ્થાન', 'પિરામિડ', 'એક ફલશ્રુતિ', 'કેફિયત', 'શોધ'થી માંડીને 'તું વરસે છે ત્યારે' ને 'આનંદ' જેવી અનેક કાવ્યકૃતિઓનો ઉલ્લેખ થઈ શકે.

રઘુવીરે પદ્યમાં તેમ ગદ્યમાંયે ઉત્કૃષ્ટ પ્રકારની સર્ગશક્તિનાં અનેક દૃષ્ટાંતો આપ્યાં છે, જેમાં છાંદસ, અછાંદસ, હાઈકુ, ગીત, ગઝલથી માંડીને દીર્ઘ-કવિતા સુધીના કાવ્ય-પ્રકારો તેમ નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધ, પ્રવાસ, વિવેચન, અનુવાદ, સંપાદન, કોશ વગેરેમાંયે તેમની અકુતોભય ગતિ છે. તેમની કટાક્ષ કે વ્યંગશક્તિનો પરચો કથા, નિબંધ, કવિતા વગેરેમાંથી પામી શકાય છે. રઘુવીર પ્રસંગે 'વૈશાખનંદન' કે 'લોકાયતસૂરિ' પણ બને ખરા, પરંતુ એમના જીવનની ભાગ્યે જ એવી ક્ષણ હશે જેમાં એ રઘુવીર મટી ગયા હોય!

રઘુવીરમાં ગાંધીજી ને સાર્ત્ર, પ્રેમચંદ અને અજ્ઞેય, નરસિંહ ને નિરંજન - આ સૌનો સહવાસ માણવાની સહજ ફાવટ છે. કોદાળી ને કલમ વચ્ચેનું અંતર એમને અનુકૂળ લાગતું નથી. દૈન્ય ને પલાયન એમની રુચિમાં નથી. એમને તો મશાલ લઈને નીકળેલો માણસ પથ્થર લઈને આવ્યાની અપાર વેદના છે ને છતાં આ જ માણસ માટે તેમને અપાર શ્રદ્ધા છે, કેમ કે તે અજવાળાની ઓળખ ધરાવે છે. રઘુવીર એ અજવાળાની ઓળખ-વાળા માનવીના સ્વયંનિયુક્ત પ્રવક્તા છે. રઘુવીર એ રીતે પોતાની પિછાણ આપવામાં બિનધાસ્ત ગૌરવ અને આનંદ અનુભવે એવું એમનું શીલ છે, પોત છે, એવો એમનો ઢાળો છે.

રઘુવીરની ચિંતન-વિચારની તેજસ્વિતા, એમની શીલ-સંયમની તરફદારી, એમની સચ્ચાઈભરી સાહસિકતા ને નિર્ભયતા, જવાબદારી-ભરી નેતાગીરી, એમની સંનિષ્ઠા ને સખત પરિશ્રમ કરવાની અડીખમતા - આ સર્વનો લાભ એમના પરિવારને તેમ અનેક સંસ્થાઓને પણ મળ્યો છે. એમનું તપ અને એમનો તાપ - બંનેય ઉગ્ર લાગે તો નવાઈ નહીં; પરંતુ એ ઉગ્રતા પાછળ સુકુમારતા પણ હોય છે જ. સત્ય ને સ્નેહ વચ્ચે એમનો માંહ્યલો સતત શબ્દને પ્રતિષ્ઠિત ને પલ્લવિત કરવા પુરુષાર્થરત રહ્યાની આપણી પ્રતીતિ છે.

રઘુવીરે કલાના સર્જનવ્યાપારને, જીવનના ઉદાત્ત વ્યાપારથી અલગ પાડીને જોયો જ નથી. સર્જવું એટલે પણ જીવવું - સચ્ચાઈથી, સુન્દરતાથી અને શ્રેયોભાવનાથી. રઘુવીરે એ રીતે જીવનની લગોલગ જ નહીં, પ્રત્યક્ષ જીવન વચ્ચે રહીને, આ માનવસંસારની મઝધારે રહીને, શબ્દની અને એ દ્વારા સમાજની સેવા કરવાનો ઉપક્રમ જાળવ્યો છે. પત્રકારત્વ હોય કે રંગભૂમિ હોય, પરિષદ હોય કે વિશ્વવિદ્યાલય હોય, સોસાયટી હોય કે ઘર હોય - રઘુવીર

(અનુસંધાન પૃષ્ઠ ૨૫૭)

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૪ : ગોગાં



જેણે કલાને સમગ્ર જીવન આપી દીધું, હાથે કરીને સુખમાંથી દુઃખમાં ગયો, શેર-દલાલીનો સારી કમાઈનો ધંધો છોડી, રોજ ચીતરવાની ધખનામાં દલાલીનો ધંધો ખોયો અને ગરીબાઈ વહોરી લીધી. તે ચીતરવામાં ય ચીલાચાલુ રીતે ન ચાલ્યો. કલાબાબતે તેની દૃઢ માન્યતાઓ હતી : 'રૅનૅસાં સમયથી ચાલ્યો આવતો રસ્તો જ માત્ર સત્ય નથી. આંતરિક લાગણીની અભિવ્યક્તિ માટે બીજા પોતીકા રસ્તા હોઈ શકે.' કલાના આ નવા રસ્તાના શોધકને જિંદગીભર ગરીબી, દુઃખ અને કડવાશ મળ્યાં. તેણે સુખી જીવનને સલામ કરી જેની અસર પત્ની, પાંચ બાળકો અને તેના સમગ્ર સંસાર પર પડી.

તેના મૃત્યુ વખતે પૅરિસમાં નોંધ પણ ન લેવાઈ. તેનું મૃત્યુ તાહિતિમાં થયેલું. ત્યાંના બિશપે એટલું જ લખેલું, 'તે જાણીતો ચિત્રકાર હતો ને પ્રભુનો ગુનેગાર હતો.' તેના મૃત્યુ પછી ત્રણ વર્ષે તેનાં ચિત્રોનું પ્રદર્શન થયેલું. આ પ્રદર્શનમાં ૨૨૭ ચિત્રો મૂક્યાં હતાં. તેના રંગોમાં સમગ્ર પ્રણાલીથી પરિવર્તન હતું. પ્રભાવવાદીઓથી સાવ નિરાળો, તે ઉત્તર પ્રભાવવાદી ગણાયો. તે કાળો રંગ પણ વાપરતો. નવી પેઢી પર તેની ઊંડી અસર પડી અને વીસમી સદીની કલા પર પ્રભાવ પડ્યો. તેની કલામાં તાહિતિની આદિમતા હતી અને તેના ગહનતાના અનુભવો પ્રદર્શિત કરતા રંગો હતા. શુદ્ધ, તેજસ્વી અને ઘેરા રંગો નવી જ સૃષ્ટિમાં લઈ જતા.

પોલ ગોગાંનો જન્મ પૅરિસમાં ૭મી જૂન ૧૮૪૮માં થયો. તેના પિતા ક્લોવીસ **(Clovis)** અને માતા એલીને **(Aline)** બન્ને ઉદ્દામવાદી સુધારકો હતાં. મા પેરૂવિયન હતી. સ્ત્રી-ઉત્કર્ષવાદી હતી. ગોગાંની નાની ઉંમરમાં પિતા ગુજરી ગયા. મા ગોગાં અને બહેન મેરીને લઈને છ વર્ષ કાકાને ત્યાં રહી. ગોગાંનું બાળપણ પેરૂમાં ગયું. પેરૂની ભૂમિ તેને ખૂબ ગમતી. તે રંગભરી હતી. વળી, દાદાનો વારસો લેવા સૌ ઓરલેન્સ ગયાં. ગોગાંને ઓરલેન્સ નહોતું ગમતું.

૧૭ વર્ષની ઉંમરે આ ખળભળતા જુવાને દરિયા-ખેડુ થવા એક વહાણવટીને ત્યાં નોકરી લીધી. બાદ ૧૮૬૮માં નૅવીમાં જોડાયો. ૧૮૭૧માં તેને નોકરીમાંથી મુક્ત કર્યો. ત્રેવીસ વર્ષની ઉંમર થતાં મા મૃત્યુ પામી અને વડીલ ગુસ્તેવ અરોસાએ પોતાની વગથી પૅરિસમાં ગોગાંને શેરદલાલ તરીકે ગોઠવ્યો. શેરદલાલીમાં તે સુખી થયો. ૧૮૭૩માં તેને મેટે સાફિયાગેડ મળી. થોડું હર્યા-ફર્યા ને પરણી ગયાં. મેટે ડૅનિશ સ્ત્રી હતી. બન્નેએ મળી સરસ ઘર વસાવ્યું. ૧૮૮૩માં તો ગોગાં પાસે સારા પૈસા અને આવક હતાં. તેને કુલ પાંચ બાળકો થયાં. અહીં સુધી ચિત્ર તેનો શૉખ હતો. અરોસાની દીકરી પેઇન્ટર હતી. તે તેને પ્રેરણા આપતી. ૧૮૭૪માં પ્રભાવવાદી કેમિલે પીસારો પાસે કલાના થોડા પાઠો લીધા. સમય જતાં પીસારો મિત્ર બન્યો. ગોગાંની ગણના સ્વશિક્ષિત ચિત્રકારમાં ગણાય.

ગોગાં તેના જીવનનાં ૩૪મા વર્ષ સુધી તો શૉખીન, શીખાઉ, સનડે પેઇન્ટર હતો. તે પછી તેણે નક્કી કર્યું 'હું રોજ ચીતરીશ.' અને ૧૮૭૬માં તેનું ચિત્ર સેલોનમાં સ્વીકારાયું. તે પ્રદર્શિત થતાં તેનો ઉત્સાહ વધ્યો. તે સમયના જાણીતા ચિત્રકાર મોને, માને, સેઝાં, સીસ્લી, પીસારો, અને રેન્વા જેવા ચિત્રકારોનાં ચિત્રો તેના સંગ્રહમાં હતાં. (ખરીદેલાં ચિત્રો) એ જ સમયે સૌ મિત્રો બન્યાં. **'Artist Letters'** નામના પુસ્તકમાં એ ફોટોગ્રાફ છે, જેમાં પ્રભાવવાદી મિત્રો સાથે ગોગાં બેઠેલ છે ને ભારતની અમ્રિતા શેરગીલ પણ છે. તે પછીનાં વર્ષોમાં તે માત્ર ચિત્ર પર નિર્ભર થવા ઇચ્છે છે, પરંતુ પત્નીને આ બાબતે શંકા હતી. ગોગાંનાં ચિત્રો માટે એવી કોઈ માંગ પણ ન હતી અને એટલી બચત પણ ન હતી. આર્થિક સંકડામણમાંથી દુઃખની શરૂઆત થઈ અને મેટે સાથેના સંબંધો પણ તંગ થવા માંડ્યા.



પનામા નહેર-૧૮૮૭માં જ્યારે ગોગાં નૅવીમાં હતા ત્યારે પનામા નહેરનો પ્રકલ્પ તૈયાર થતો હતો તે કાળે માંદગી પછી તૈયાર કરેલું ચિત્ર



'અનાહ ધ જવાનીઝ'નું ગોગાંએ કરેલું સૌન્દર્યમંડિત ચિત્ર

ચિત્રો થતાં હતાં. મુશ્કેલીઓમાં પણ ગોગાં ચીતરતો હતો. ચિત્રો વેચાતાં ન હતાં. ૧૮૮૪માં તે બધાં તેના ઈલાજ રૂપે મેટેને પિયર જાય છે. માનસિક રીતે વ્યસ્ત ગોગાં અસામાજિક થતો જાય છે. એક વખત મેટેએ પાર્ટી ગોઠવેલી. મહેમાનોની હાજરીમાં ગોગાં નિર્વસ્ત્ર થઈ હાજર થાય છે. વાતાવરણ ડહોળાઈ ગયું. ગોગાં કુટુંબ છોડી પૅરિસ જાય છે. તે વખતે તેનો દીકરો ક્વૉલીસ જોડે હોય છે. તે પછીનાં વર્ષો ગોગાં માટે ખૂબ ખરાબ નીવડે છે. (૧૮૮૫-૮૬) તેની પાસે ફૂટી બદામ હોતી નથી. એક નાની ઓરડીમાં રહે છે. દીકરાને ઓરી નીકળે છે. ગોગાં રેલવે કંપનીમાં નાનું કામ મેળવે છે. હવેનું ભાવિ મેટેને હાથ જાય છે.

પૅરિસથી મેટેને લખેલા કાગળ સંશોધક માટે ખૂબ ઉપયોગી છે. કેટલાક પત્રો હૃદયદ્રાવક છે. (૧૮૮૫ આસપાસ) તે લખે છે, 'હું ટ્રાવેલિંગ રગમાં લપેટાઈ સૂઉં છું. દિવસની ચિંતાઓ રાતના ઉજાગરાથી સમતુલિત થાય છે. ... મારા ખિસામાં માત્ર વીસ કાવડિયા છે. છેલ્લા ત્રણ દિવસથી ઉધાર લીધેલા પાઉંના ટુકડા ખાઈએ છીએ.' ક્વૉલીસ કહે છે, 'મારાથી આ સૂકા પાઉંના ટુકડા ખવાતા નથી.'



ગોગાંનું એક કોતરકામ - ઈવ અને સર્પ

પૅરિસની મુલાકાત વેળા વાન ઘોઘ મળે છે. વાન ઘોઘ તેને યલો હાઉસમાં નિમંત્રણ આપે છે. ઘર સજાવે છે. બન્ને સાથે રહે છે. (૧૮૮૮) આ તેના સર્જનનો ઉત્તમ કાળ ગણાય છે. આર્લસમાં બન્ને સાથે રહે છે. ગરમા-ગરમ ચર્ચાઓ થાય છે. વાન ઘોઘ માનસિક રીતે વ્યસ્ત હોય છે. એક રાત્રે તે છરો લઈને તેની પાછળ દોડે છે. અંતે બંને છૂટા પડે છે. આમ, તો બન્ને મહાન સર્જકો હતા. બન્ને કલાનું સત્ય પામ્યા હતા. ગોગાં એક પત્રમાં મેટેને લખે છે : 'હું મહાન ચિત્રકાર છું અને હું જાણું છું માટે જ દુ:ખ વેઠું છું.' આમેય પૅરિસ તેને નહોતું ગમતું. તેને તે 'ડેઝર્ટ ફૉર પુવરમૅન' કહેતો. મોટે ભાગે તે પોન્ટ એવેનમાં રહેતો. તે ત્યાંના રખડું સમાજમાં રસ લેતો.

૧૮૯૧ પછીનાં વર્ષોમાં તે તાહિતિમાં સ્થાયી થાય છે. પાછો પૅરિસ આવે છે. ૧૮૯૫માં વળી ફરી તાહિતિ જાય છે. ત્યાં ઘણું સર્જન થાય છે. ત્યાંની



બ્રેસ્ટ એન્ડ રેડ ફ્લાવર્સ

કુદરત તેને માટે પ્રેરણા હતી. ત્યાંનું અસામાજિક જીવન તેને ગમતું. ૧૮૯૭માં 'આપણે ક્યાંથી આવ્યાં' શીર્ષકથી મોટા કદનું ૫૪ x ૧૪૭ ઈંચનું ચિત્ર કરે છે. તેમાં તેણે લખ્યું છે : 'આપણે કોણ છીએ? ક્યાં જઈએ છીએ?' આ એની જિંદગીના ખરાબ દિવસો હતા. તેનાં કેટલાંક ચિત્રો સીમાચિહ્ન રૂપ છે. 'વિઝન આફ્ટર ધ સર્મન', 'ધ યલો ક્રાઈસ્ટ', 'બ્રેસ્ટ ઍન્ડ રેડ ફ્લાવર્સ', 'ધી માર્કેટ' વગેરે જેમાં ઈજીપ્સીયન શૈલીની અસર છે. 'વિઝન આફ્ટર સર્મન'ની પાર્શ્વભૂમિકા શુદ્ધ લાલ રંગની છે. યુરોપિયન કલાના ઈતિહાસમાં આ દ્વિપરિમાણી અજોડ રીતિ છે. 'ધ સ્પિરિટ ઑફ ધ ડેડ' પણ ગહન ચિત્ર છે. તે તાહિતિ ગયા પછી ૧૩ વર્ષીય યુવાન છોકરી તેહા અમાના સાથે રહે છે, જે આ ચિત્રમાં સૂતેલી દેખાય છે.

તે તાહિતી એટલા માટે જાય છે કે તેને અસામાજિક જીવન જાણવું હતું. તે એમ માનતો કે તેથી તે યુવાન થશે. નવું બળ મળશે ને સર્જન પ્રબળ થશે. તેણે તેના ચિત્ર કામમાં અભ્યાસ કરતાં અભિવ્યક્તિ વિશેષ મૂકી છે. તેનાં કે વાન ઘોઘનાં કામમાં જપાનીઝ વૂડ કટ પ્રેરણા



ગોગાંનું વિખ્યાત ચિત્ર 'વ્હેર ડુ વી કમ ફ્રોમ?'

રૂપ હતાં. પરંતુ બળ તો જીવતા જીવનમાંથી મળતું. ગોગાં માટે ટાપુઓના આ દેશની આદિવાસી પ્રજાનું જીવન જોમ આપતું.

૧૮૯૩માં ગોગાં પૅરિસ આવે છે ત્યારે આના-દ-જાવાનીઝને સાથે લાવે છે. દમકતી આંખોવાળી આ સ્ત્રી કામણગારી હતી. તેનો પિતા યુરોપિયન અને મા હબસણ હતી. તેનું પણ તેણે એક સુંદર ન્યુડ બનાવ્યું છે.

ગોગાંએ કલાને ક્ષેત્રે આગવું પ્રદાન કર્યું તે કરતાં તેણે કલાકારને મુક્ત થવામાં વધુ મદદ કરી છે. તે કહેતો : 'કુદરતને બહુ વાસ્તવિક રીતે ન ચીતરશો, કલા તો અગમ્ય છે.' ગોગાંને સમજવા તેના પત્રો, વૂડકટ, સિરામિક ચિત્રો અને શિલ્પ મુખ્ય છે. તેની જિંદગી તે લખે છે તેમ : 'ઘરમાં જીવતા ઉંદરડાની જેમ જીવું છું'. આમ તે દુઃખી હતો. સિફિલીસનો તે દરદી હતો. મરવાનું આવે ત્યાં પૈસા આવી જતા ને વળી જીવતો. પરંતુ તે વચ્ચે એણે સર્જન કર્યું. અવિરત કામ કર્યું. એક મીમાંસક કહે છે : 'જે કાંઈ સારું હતું તે તેના આત્મા સાથે હતું અને ખરાબ હતું તે શરીર સાથે. તે મિસઅંડરસ્ટુડ જિનિઅસ હતો.'

- નટુભાઈ પરીખ / હરિત પંડ્યા

કલાવૃત્ત

એક જૂથ-પ્રદર્શન

મુંબઈના 'આર્ટિસ્ટ સેન્ટર'માં અમદાવાદના ત્રણ કલાકારોનું જૂથ પ્રદર્શન યોજાઈ ગયું.

નટુભાઈ મિસ્ત્રી અમદાવાદના વયસ્ક, અનુભવી કલાકાર છે. તેઓ શહેરના જાણીતા ઈન્ટીરિઅર ડિઝાઈનર તથા કાર્ટૂનિસ્ટ પણ છે. તેઓ છેલ્લાં પાંચ વર્ષથી નિયમિતપણે ચિત્રસર્જન કરતા આવ્યા છે. તેમણે જળરંગોમાં દશ્ય-ચિત્રો, ખાસ કરીને શેરીઓનાં તથા જૂનાં મકાનોનાં ચિત્રોનાં સર્જનથી શરૂઆત કરી.











એક આકર્ષક કૃતિ (ચિત્રકાર : નટુ મિસ્ત્રી)

પેન ઍન્ડ ઈન્કમાં પણ તેમણે ઘણાં ધ્યાનપાત્ર સ્થાપત્યકીય ડ્રૉઈંગ્સ કર્યાં. આ ચિત્રો અને ડ્રૉઈંગ્સ કલાકારો, કલા-વિવેચકો અને રસિકોની પ્રશંસા પામ્યાં.

તેમના વર્તમાન પ્રદર્શનમાં નટુભાઈએ આકૃતિપ્રધાન ચિત્રો એક્રિલિક રંગોમાં સર્જ્યાં છે. તેમનાં ચિત્રોમાં માનવપાત્રોને પશુ-પંખીઓ જોડેના તેમના ભાવાત્મક ઉષ્માપૂર્ણ જોડાણ-સંબંધ સાથે ચિત્રસંરચનામાં કલાત્મક રીતે દર્શાવ્યાં છે. નોંધપાત્ર સ્વરૂપીય સંવિધાન દ્વારા તથા સાદગીયુક્ત છતાં વિવેકપૂર્ણ રંગરૂપોનાં શૈલીગત આલેખન દ્વારા, પ્રશસ્ય ડ્રૉઈંગ અને પોતાની ગુણવત્તા દ્વારા તથા ખૂબ જ ઓછા એવા ભૂરા, કાળા, નારંગી, બદામીના કલાત્મક વિનિયોગ દ્વારા તેમણે ધ્યાનપાત્ર આકૃતિપ્રધાન સંરચનાઓ તૈયાર કરી છે. નિતાંત 'ભારતીયતા'થી તેમની કૃતિઓ ધબકે છે.

અમદાવાદની સી.એન.કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સમાં ચિત્રકલા શીખવતા કલા-અધ્યાપક તથા સાચા અર્થમાં યુવા, આશાસ્પદ કલાકાર મનહર કાપડિયાએ તેમની સર્જનાત્મક કૃતિઓમાં સમય અને અવકાશ જેવા અમૂર્ત વિષયને દૃશ્યકલાઓ દ્વારા, કલાત્મક રીતે અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમની કૃતિઓ એકરંગી સંરચનાઓ છે. નાના-મોટા કદના ચોરસો તથા કવચિત્ ગોળાકાર સમગ્ર ચિત્રાવકાશને ભરી દે છે. તેમાં માનવા-કૃતિઓ, ઘડિયાળ, જાહેર પ્રતિમા, માનવીય વિશાળ પંજો અને અન્ય વસ્તુઓનો પ્રતીકાત્મક વિનિયોગ તેમની સમય અને અવકાશની વિભાવનાને ચિત્રિત કરવા માટે થયો છે. તેમની કૃતિઓનું સ્વરૂપીય તથા આવકાશ સંવિધાન ખરેખર નોંધપાત્ર છે.

જીતુ ઓઘાણી પણ અમદાવાદની સી.એન.કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સમાં ચિત્રકલાના આધ્યાપક છે અને સાચા અર્થમાં યુવા, આશાસ્પદ કલાકાર છે. તેમણે તેમની એકરંગી નોંધપાત્ર સંરચનાઓમાં મોટે ભાગે ચિત્ર-અવકાશને બે ભાગમાં વિભાજિત કર્યો છે. તેમનાં ચિત્રો અધિવાસ્તવવાદી લાગે છે તથા અમૂર્ત કક્ષા ધારણ કરે છે. તેમણે તેમની કૃતિઓમાં માનવીય અસ્તિત્વવાદી વેદના તથા માનવીય નિયતિને અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમના એક ચિત્રમાં તેમણે ચિત્રાવકાશને બે ભાગમાં વિભાજિત કર્યો છે. એકમાં તેમણે ઊભી ખીલીઓ અને તેનાં ત્રાંસા રૈખિક પડછાયા ચિત્ર-ફલક પર દર્શાવ્યા છે તો અન્ય ભાગમાં માનવના વિશાળ ધડને દર્શાવ્યું છે. આ સમગ્ર ધડ પર તથા તેની પશ્ચાદ્ભૂ પર સમાનાંતરે ટપકાં દર્શાવ્યાં છે. ચહેરા પરની વેદના અનુભવાય છે.

- બંસીલાલ દલાલ

અનુસંધાન[સાહિત્ય સંપર્ક]પૃ. ૨૫૩ થી

સર્વત્ર સૌની સાથે સ્નેહથી સંકળાયેલા, સેવાભાવનાથી બંધાયેલા હોય છે; તો પરમ અને સત્યના નિગૂઢ ખેંચાણે વળી-વળીને પોતે પોતાની અંતરગુહામાં એકાન્તે શબ્દના ચહેરા દ્વારા પરમાત્માના ચહેરાની રેખાઓ પકડવાના સાત્ત્વિક પુરુષાર્થમાં યે રમમાણ હોય છે; અને આવી ઘટનાઓમાં જ રઘુવીર ખરેખરા અર્થમાં રઘુવીર હોવાનું સમજાય છે! છળ જાણે, મુત્સદ્દીગીરી સમજે, પટલાઈના પેચ ને સંસારના દાવપેચ પણ સમજે ને એ સમજદારીનો સર્જનાત્મક રીતે લેખન-સર્જનમાં - વાસ્તવિક એવાં કથા-ગુંફનમાં સર્જનાત્મક રીતે પૂરો લાભ પણ ઉઠાવે, પણ રઘુવીર પોતાનું રઘુવીરપણું વહી જવા દે, અળપાવા દે એવી માટીના જ નહીં.

રઘુવીર તો માનવજીવનની અસલિયતના જ ઉપાસક રહ્યા છે. વ્યવહારપટુ ખરા, પણ વ્યવહારવશ થઈ પોતાનાં વજૂદ-વક્કર ખુએ એવા તો નહીં જ. શિક્ષણ દ્વારા, સાહિત્ય દ્વારા, નાટ્યાદિ કલાઓ દ્વારા એમનું લક્ષ્ય છે આત્માથી ઊંચાઈનો અનુભવ મેળવવાનું. એમણે જ લખ્યું છે : 'મને ઊંચાઈનું અનહદ આકર્ષણ છે.' એમની એ ઊંચાઈ કંઈ ભૌતિક ભૂમિકાની તો ન જ હોય ને? એ ઊંચાઈ તો હોય આધ્યાત્મિક ભૂમિકાની જ. રણજિતરામ સુવર્ણ ચંદ્રક, સાહિત્ય અકાદમી - દિલ્હીનો ઍવૉર્ડ, દર્શક ઍવૉર્ડ, નર્મદ ચંદ્રક જેવા અનેક પુરસ્કારોથી પુરસ્કૃત થનારા આ સર્જકને 'ગૌરવ પુરસ્કાર' આપવામાં પુરસ્કારનું જ ગૌરવ છે, એમ એમના એક અદના મિત્ર તરીકે મને લાગે છે. સન્મિત્ર રઘુવીરને આ ગૌરવ પુરસ્કાર માટે પુનઃ અભિનંદન.

- ચંદ્રકાન્ત શેઠ

ભેડાઘાટ-જબલપુર
(દેશાટન-૩૯)



જબલપુર મધ્યપ્રદેશની વચ્ચોવચ્ચ આવેલું છે અને ભારતનાં અગત્યનાં બધાં શહેરો સાથે જોડાયેલું છે. સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને માટે જબલપુર પ્રખ્યાત છે. સંગમરમર (આરસ)ની ભેખડોની વચ્ચેથી વહેતી નર્મદા નદીએ ભેડા ઘાટને સુશોભિત અને સુખ્યાત કર્યો છે. અહીંનું કુદરતી સૌંદર્ય કોઈને પણ મુગ્ધ કરે એવું છે.

જબાલિ નામના તપસ્વી-મહર્ષિએ અહીંઆં તપસ્યા કરેલી એથી આ નગરનું નામ જબલપુર પડ્યું છે. જબલનો અર્થ પથ્થર થાય છે અને અહીંનો વિસ્તાર પહાડી પ્રદેશ અને પથ્થરોથી આચ્છાદિત હોઈ આ વિસ્તાર જબલપુર નામે પ્રખ્યાત છે. અહીં નર્મદા નદી ઘણી ઊંચાઈથી બિલકુલ સીધી નીચે પડે છે અને પાણીનો વેગ એટલો બધો વેગવાન હોય છે કે ઘણે દૂર સુધી લોકોને નવડાવી દે છે. આ ધોધ ધુઆંધાર નામે ઓળખાય છે.

બંને બાજુ આરસના પહાડ વચ્ચેથી કલકલ કરતી નર્મદા વહી રહી હોય છે અને વરસો પહેલાં સામસામી પહાડ એટલા નજીક હતા કે વાંદરાંઓ પહાડ કૂદી-કૂદીને જતાં એટલે ભેડાઘાટના આ ભાગને 'બંદર-કૂદની' પણ કહે છે. ભેડાઘાટ જબલપુરથી ૨૨ કિ.મી.ના અંતરે છે. ચાંદની રાતમાં અહીં નૌકાવિહાર કરવાનો એક અનોખો આનંદ છે. નૌકાવિહાર કરતી વખતે નાવિક દરેક પહાડોનું વિવેચન કરતો હોય છે અને પહાડોના જુદા જુદા રંગોની જાણકારી આપતો હોય છે, ત્યારે જ પર્યટકને પહાડોનું મહત્ત્વ સમજાય છે. નર્મદા નદીની વચ્ચેના નાના ટાપુઓનું સૌન્દર્ય પણ નયનરમ્ય હોય છે.

જબલપુરમાં પિસનહારીની મઢી, મદનમહેલ કિલ્લો, શૈલપર્ણ ઉદ્યાન, શક્તિભવન, ભંવરલાલ ઉદ્યાન, લમ્હેરા ઘાટ વગેરે સ્થળો જોવાલાયક છે.

('યોગક્ષેમ'ને આધારે)



આર્દ્ર ક્ષણો

તારી આંખોમાં જ્વાળા છે, મારી આંખોમાં અશ્રુ છે;
તું આગ લગાવી જાણે છે, હું આગ બુઝાવી જાણું છું.
ઓ પ્રેમ રમતના રમનારા, તું પ્રેમ-રમતને શું સમજે ?
તું આંખ લડાવી જાણે છે, હું પ્રાણ લડાવી જાણું છું.


-'શયદા'

આદર્શનિષ્ઠ કેળવણીકાર પ્રાધ્યાપક પુરુષોત્તમ માવળંકરનું નિધન

"સુખદ અકસ્માતે ગણેશપુત્ર છું અને પૂર્વજન્મના સંસ્કારે ગણેશભક્ત છું. બાળપણથી ગણેશનું સ્મરણ અને સ્તવન અખંડ કરતો આવ્યો છું. હંમેશ પ્રેરણાદાયી, પોષક, પથદર્શક, નિત્ય તાજગી અને નવી તાલાવેલી એમાંથી મળતી હોવાનું અનુભવું છું."

છેલ્લાં કેટલાંક વર્ષોથી દર નૂતન વર્ષદિને એક પુસ્તક પ્રકટ કરવું અને તે પુસ્તક પોતાના વડીલો, સ્વજનો, સંબંધીઓ, મિત્રો અને શુભેચ્છકોને ભેટ સ્વરૂપે અચૂક મોકલવું એવો શિરસ્તો શ્રી માવળંકરે પાડેલો અને તે મુજબ તેમનું છેલ્લું પ્રકાશન 'સંકીર્તન' (નૂતન વર્ષ સંવત ૨૦૫૬) તા. ૯ નવેમ્બર ૧૯૯૯ના રોજ પ્રકાશિત થયું છે. ઉપરનાં વાક્યો તે પુસ્તકના પ્રથમ પાને જ મુદ્રિત થયાં છે.

આઝાદ ભારતના પ્રથમ લોકસભાના પ્રથમ અધ્યક્ષ અને ગુજરાતની અનેકવિધ પ્રજાકીય પ્રવૃત્તિઓના સાચા રાહબર સદ્ગત ગણેશ વાસુદેવ (દાદાસાહેબ) માવળંકરના એ ત્રીજા પુત્ર. શ્રી પુરુષોત્તમ માવળંકરનો જન્મ ૩ ઑગસ્ટ, ૧૯૨૮ના રોજ અમદાવાદમાં થયો હતો. કુટુંબનું પારિવારિક નામ 'અણ્ણાસાહેબ' હતું. પણ દાદાસાહેબ તે પુત્રને 'રોમેશ' કહેતા. અમદાવાદમાં ખમાસાગેટ પાસેના બાલમંદિર પછી મરાઠી સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ લીધું. ઈ.સ. ૧૯૪૫માં મૅટ્રિકની પરીક્ષા ઉચ્ચકક્ષાએ ઉત્તીર્ણ કરી અને માધ્યમિક શિક્ષણ માટે અમદાવાદના જાણીતા ચી.ન. વિદ્યાવિહારમાં દાખલ થયા. ઈ.સ. ૧૯૪૯માં અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના વિષયો સાથે માવળંકર બી.એ.માં ઉત્તીર્ણ થયા. કૉલેજમાં જ એમને ફેલોશિપ મળી અને તે સાથે એમણે અનુસ્નાતકનો અભ્યાસ પણ શરૂ કર્યો. બીજે વર્ષે સીનિઅર એમ.એ.ના અભ્યાસની સાથોસાથ એમણે એલ.ડી.આર્ટ્સ કૉલેજમાં માનાર્હ ટ્યૂટર તરીકે અધ્યાપન કાર્ય ચાલુ રાખ્યું અને ઈ.સ.



૧૯૫૧માં એમ.એ. થયા. એ દરમિયાન લંડનની સુપ્રસિદ્ધ સ્કૂલ ઑફ ઈકનૉમિક્સ ઍન્ડ પોલિટિકલ સાયન્સમાં વિશેષ અભ્યાસ અર્થે પ્રવેશ મેળવવા અરજી કરતાં ઑક્ટોબર ૧૯૫૧માં શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષમાં માવળંકરને બી.એસસી. માટે પ્રવેશ મળ્યો. અભ્યાસક્રમ શરૂ થયાંને માંડ ચારેક અઠવાડિયાં થયાં હશે, ત્યાં પ્રોફેસરોએ માવળંકરની શૈક્ષણિક તેજસ્વિતા જોતાં તેમને સીધો એમ.એસસી.માં પ્રવેશ આપવાની ભલામણ કરી !

અહીંની અનુસ્નાતકની પદવી અને અધ્યાપન કાર્યનો અનુભવ જોતાં એ કદાચ સહજ હતું. ત્યાર બાદ આઠેક મહિના પછી તો એમને પીએચ.ડી.માં પ્રવેશ આપવાની પણ વિચારણા થઈ ! પણ માવળંકરે એ દરખાસ્તનો સાભાર અસ્વીકાર કરેલો. દરમ્યાન પિતાશ્રી પર હૃદયરોગનો હુમલો થયાની ખબર મળતાં જરૂરી સત્રો વિધિસર પૂરાં કરી પરીક્ષા આપ્યા વિના એ અમદાવાદ પાછા ફર્યા. ભવિષ્યે લંડન પાછા જઈ પરીક્ષા આપવાની ઉમેદ હતી, પણ ઘરઆંગણે શૈક્ષણિક પ્રવૃત્તિઓના વિસ્તરણ અને પિતાશ્રીના અવસાનને કારણે એ ઉમેદ પાર ન પડી. ઈ. ૧૯૫૩માં એલ.ડી. આર્ટ્સ કૉલેજ-અમદાવાદમાં માવળંકર આધ્યાપક થયા.

પુરુષોત્તમભાઈને વિદ્યાર્થી-અવસ્થામાં જ બે મહાન શિક્ષક-ગુરુઓની મધુર છાયાનો લાભ મળ્યો. તેમાંના પ્રથમ શ્રી સાને ગુરુજી અને બીજા તે પ્રોફેસર હૅરલ્ડ જોસફ લૅસ્કી. લૅસ્કીનો જન્મ ૩૦ જૂન ૧૮૯૩ના રોજ મૅન્ચેસ્ટર (ઈંગ્લન્ડ)માં એક શ્રીમંત યહૂદી કુટુંબમાં થયો હતો. તેમનો કાપડની આયાત-નિકાસનો વેપાર હતો અને એથી એમણે ૪૯ વખત ભારતની મુલાકાત લીધી હતી. ૧૯૨૦ થી ૧૯૫૦ સુધી હૅરલ્ડ લૅસ્કી રાજ્યશાસ્ત્રના વિષયના અધ્યાપક અને પ્રાધ્યાપક તરીકે રહેલા. દરમિયાન તેમણે ભારતનાં સ્વમાન અને સ્વરાજ માટે સંખ્યાબંધ ભાષણો આપેલાં. શિક્ષકનો વ્યવસાય એમણે ફરજ અને શૉખથી આજન્મ કર્યો. તા. ૨૪મી માર્ચ ૧૯૫૦ના રોજ લૅસ્કીનું અવસાન થયેલું.

પ્રા. પુરુષોત્તમભાઈ અને શ્રીમતી પૂર્ણિમાબહેન પુ. માવળંકરે હૅરલ્ડ લૅસ્કીના સ્મરણાર્થે તા. ૧૫ ઑગસ્ટ ૧૯૫૪ના રોજ અમદાવાદમાં 'હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ' નામની એક સંસ્થા શરૂ કરી. રાજ્યશાસનનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવા સારુ ઉત્તેજન અને સગવડો આપવાનો આ સંસ્થાનો હેતુ હતો અને આ માટેનાં પુસ્તકોનો સંગ્રહ પણ કરેલો. લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ લગભગ ૪૪ વર્ષ સુધી સતત ચાલુ રહ્યું. દરમિયાન સંસ્થાએ વિવિધ વિષયો પરનાં અંગ્રેજીમાં ૧૫૭ અને ગુજરાતીમાં ૩ મળીને કુલ ૧૬૦ જેટલાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે ! ઉપરાંત સંસ્થાનું 'લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ બુલેટીન' નામનું માસિક બુલેટીન પણ થોડાંક વર્ષ પ્રકટ થતું હતું. અમદાવાદ આવતા દેશેદેશના રાજકીય નેતાઓ અને અન્ય મહાનુભાવો આ સંસ્થાની મુલાકાતે આવતા અને સંસ્થાનો આદર્શ, હેતુ અને ભવ્યતાથી પ્રભાવિત થઈ આ સંસ્થાના આજીવન સભ્ય થઈ જતા. ૨૭ નવેમ્બર ૧૯૯૭ સુધીમાં આ સંસ્થાના લગભગ ૧૦૫૦ જેટલા પેટ્રન, ડોનર, એસોસિએટેડ આજીવન સભ્યો તથા અન્ય આજીવન સભ્યો થયા છે.

દરેક અઠવાડિયામાં બે દિવસ સંસ્થાના હૉલમાં વર્તમાન રાજકીય પ્રવાહો વિષયક વ્યાખ્યાનનું આયોજન અચૂક થતું હતું, જે આ સંસ્થા ચાલુ રહી ત્યાં સુધી સતત યોજાતાં રહેલાં. સંસ્થાનો દરેક સભ્ય ઇન્સ્ટિટ્યૂટની દરેક નાની-મોટી સભામાં કોઈ જાતની ફી આપ્યા સિવાય હાજર રહી શકતો અને સંસ્થા તરફથી પ્રકાશિત થતાં પ્રકાશનો દરેક સભ્યને વિનામૂલ્યે મોકલવામાં આવતાં. પુ. ગ. માવળંકરે જે ચોકસાઈ અને ચીવટથી લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ચલાવ્યું તેવી જ રીતે તેને સંકેલી લીધું. સંસ્થાને સંકેલી લેવાના પત્ર સાથે જ તેના સભ્યોને તેમણે ભરેલી સભ્ય-ફીનો ચેક પૂરી ચોકસાઈથી અને ઉત્કટતાથી શ્રી માવળંકરે પરત મોકલી આપ્યો હતો એ ખરેખર એક આશ્ચર્યકારક ઘટના કહેવાય!

માવળંકરે એલ. ડી. આર્ટ્સ કૉલેજનું આચાર્યપદ ૧૯૬૧ થી ૧૯૬૮ સુધી શોભાવેલું. આચાર્યપદ પ્રાપ્ત થતાં તેઓ હોદ્દાની રૂએ સેનેટ સભ્ય બનેલા. માવળંકરનો મૂળે શિક્ષક જીવ-અભ્યાસ અને કેળવણી ક્ષેત્રે જે અનેક અધ્યાપકો અને વિદ્વાનો કેળવણી આપી રહ્યા છે તેમના વિચારો, લેખો અને સંશોધનાત્મક નિબંધોને પ્રકટ કરતું સામયિક પ્રકટ કરવાનો મનસૂબો સેવી રહ્યો હતો, તેને સાકાર કરતું વિચાર અને વિવેચનનું સામયિક 'અભ્યાસ' ૧૫ ઑગસ્ટ ૧૯૬૧ થી શરૂ કર્યું ત્યારે શ્રી માવળંકરે કહેલું : ' 'અભ્યાસ' સામયિક મારો વ્યક્તિગત પ્રયાસ છે... 'અભ્યાસ' સામયિક કોઈ સંસ્થા, પક્ષ, મંડળ વગેરેથી સ્વતંત્ર એવી એક પ્રવૃત્તિ છે... દરેક લેખકને પોતાના વિચારો અને અભિપ્રાયો અભ્યાસયુક્ત રીતે રજૂ કરવાની સંપૂર્ણ છૂટ છે.' માવળંકરે 'અભ્યાસ' સામયિક નવ વર્ષ જેટલા લાંબા સમય સુધી ખૂબ સફળપણે પ્રકાશિત કરેલું.

શ્રી માવળંકરે વિદેશ-પ્રવાસો પણ કરેલા તેમાંના ૧૯૫૪માં બારેક જેટલી યુરોપીય પાર્લમેન્ટોની અભ્યાસ-મુલાકાત, ૧૯૫૬માં બ્રિટન ને જર્મનીનો અભ્યાસ-પ્રવાસ, ૧૯૫૮માં ગ્રીસ પાસે રોડ્ઝ ખાતે 'નવાં રાજ્યોમાં લોકશાહીની સમસ્યાઓ' પરના આંતરરાષ્ટ્રિય વિચાર-વિનિમયમાં સામેલ થવાનો પ્રવાસ વગેરે મુખ્ય હતા.

આ દરમ્યાન શ્રી પુ. ગ. માવળંકર અને શ્રીમતી પૂર્ણિમાબહેન પુ. માવળંકરે 'સન્નિષ્ઠ પ્રકાશન' નામની પુસ્તક-પ્રકાશન-પ્રવૃત્તિનો પ્રારંભ તા. ૨૭ નવેમ્બર ૧૯૬૬ના રોજ (દાદાસાહેબ ગ.વા.માવળંકરના ૭૮મા જન્મદિને) કર્યો. ગુજરાતીમાં લખાયેલાં મૌલિક અને અનુવાદિત ઉચ્ચ ધોરણનાં પુસ્તકો પ્રકટ કરવાની નેમ 'સન્નિષ્ઠ પ્રકાશન'ની હતી. 'સન્નિષ્ઠ પ્રકાશને' કુલ ૪૫ પ્રકાશનો પ્રકટ કર્યાં છે. તેમાંનું 'વિવિધ વાયુ પ્રવચનો' પુસ્તકમાં 'આકાશવાણી' પરથી પ્રકાશિત થયેલાં વિવિધ ભાષણોનો સંગ્રહ છે. માવળંકરના લોકશાહી વિષેના વિચારો-અભિપ્રાયો આ પુસ્તકમાં પ્રકટ થયા છે. માવળંકર કહે છે : 'લોકશાહીમાં વ્યક્તિના સ્વાતંત્ર્ય માટે આગ્રહ છે અને તેમાંથી જ સૂચિત થાય છે કે દરેક વ્યક્તિ આ પ્રકારના સ્વાતંત્ર્યની અધિકારી છે. સમાનતા એટલે સમાન તક અને સમાન દરજ્જો. દરેક વ્યક્તિને વિકાસની સરખી તક મળવી જ જોઈએ અને એનો માનવ તરીકેનો મોભો સરખો ગણાવો જોઈએ. દરેકનું સ્વમાન અને દરેકનું ગૌરવ પણ છે. એ બધું કાળજીથી અને આસ્થાપૂર્વક જળવાવું જોઈએ એમ લોકશાહી સ્વીકારે છે.'

તા. ૧૭-૭-૧૯૭૨ના રોજ સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિકના અવસાનથી ખાલી પડેલી પાંચમી લોકસભાની અમદાવાદ બેઠકની ઑક્ટોબર ૧૯૭૨ની પેટા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે પ્રો. માવળંકર ઊભા રહ્યા અને નોંધપાત્ર બહુમતીથી ચૂંટાઈ આવ્યા, અને સંસદસભ્ય માવળંકરની સંસદીય પ્રતિભા સોળે કળાએ પ્રકાશી ઊઠી.

'બૅંગલોરમાં એક દિવસ સવારે મારી રૂમની પાસેની રૂમમાં રહેતા શ્રી અટલબિહારી બાજપાઈએ મારી રૂમનું બારણું ખખડાવ્યું અને આશ્ચર્યચકિત સ્વરે મને કહેવા લાગ્યા : 'માવળંકરજી, ગજબ હો ગયા! ઈન્દિરાજીને આપાતુકાલીન સ્થિતિ જાહિર કી!' ૨૫મી જૂન ૧૯૭૫ના દિવસે ઈન્દિરાજીએ સમગ્ર ભારતમાં 'કટોકટી'ની જાહેરાત કરી હતી.

ભારતમાં 'આંતરિક કટોકટી' દરમ્યાન (તા. ૨૧ જુલાઈ ૧૯૭૫ થી તા. ૫ નવેમ્બર ૧૯૭૬ સુધી) લોકસભામાં શ્રી પુ.ગ.માવળંકરે કરેલાં ૨૪ પ્રવચનો મૂળ અંગ્રેજીમાં 'No Sir' એ નામે પ્રકાશિત થયેલાં. તેનો ગુજરાતી અનુવાદ 'ભગવાન આ માફ નહિ કરે' એ નામે સન્નિષ્ઠ પ્રકાશને પ્રકટ કરેલો છે. તા. ૨૫ ઑક્ટોબર, ૧૯૭૬ના રોજ પ્રવચનમાં છેવટે શ્રી માવળંકરે પોતાની તીવ્ર વેદના અને આક્રોશ ઠાલવતાં કહ્યું : 'મારા કૉન્ગ્રેસી મિત્રોને મારી આગ્રહભરી અપીલ આ છે : તમે બધા કોઈથી ગભરાતા લાગતા નથી, કારણ કે તમારી પાસે સંપૂર્ણ સત્તાઓ છે. પણ કાંઈ નહિ તો ભગવાનનો તો ડર રાખો ! કારણ કે ગૃહ આજે આ ખરડો પસાર કરે ત્યારે, જે પાપો આચરવાની તૈયારીમાં તમે છો, એ માટે ભગવાન તમને માફ નહિ કરે !'

૧૮મી જાન્યુઆરી, ૧૯૭૭ના રોજ પાંચમી લોકસભાનું અચાનક વિસર્જન થયું. છઠ્ઠી લોકસભાની ચૂંટણીમાં માવળંકર અપક્ષ ઉમેદવાર તરીકે ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડ્યા, અને ૬૧ હજારથી વધુ બહુમતી સાથે ફરી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી જીતી ગયા. એક અપક્ષ સાંસદ તરીકે શ્રી માવળંકરે ઈ.સ. ૧૯૭૨ થી ૧૯૭૯ સુધી ઘણી યાદગાર સેવાઓ આપી છે. ઈ.સ. ૧૯૭૯માં તેમને બેસ્ટ પાર્લમેન્ટેરિયન તરીકેનો ઍવૉર્ડ એનાયત થયો હતો.

ગુજરાત સમાચાર, સંદેશ, જનસત્તા, ફૂલછાબ, ગુજરાત મિત્ર, નિરીક્ષક, અખંડ-આનંદ વગેરે દૈનિકો-સામયિકોમાં શ્રી માવળંકરની કૉલમો કાયમ પ્રકટ થતી રહી હતી. 'ગુજરાત મિત્ર'ની સાપ્તાહિક કોલમ 'વ્યક્તિ અને સૃષ્ટિ'તો શ્રી માવળંકર પોતે લખી-લખાવી શક્યા ત્યાં સુધી - છેક છેલ્લે સુધી - પ્રકટ થતી રહી. માવળંકર છેલ્લાં દસ વર્ષથી પાર્કિન્સનના રોગથી પીડાતા હતા અને ધીમે ધીમે તેમની લખવાની શક્તિ અને ચાલવાની શક્તિ ક્ષીણ થતી ગઈ હતી. છેલ્લા એક મહિનાથી તબિયત વધારે બગડતાં તેઓ પથારીવશ થયા હતા અને તા. ૧૪મી માર્ચ ૨૦૦૨ ને ગુરુવારના રોજ તેઓ આપણને બધાને છોડી અનંતની યાત્રાએ ઊપડી ગયા. તેમને આપણા સૌની અને 'કુમાર' પરિવારની ભાવસભર અશ્રુભીની શ્રદ્ધાંજલિ !

- કાન્તિલાલ વ. રામી.

ગુરુ સેવા જન બંદગી, હરિ સુમિરન વૈરાગ;
યેં ચારોં તબહિ મિલે, પૂરન હોવૈ ભાગ.
— કબીર

પંડિત રાહુલ સાંકૃત્યાયન બહુ બીમાર પડ્યા. આવે કપરે સમયે તેમના એક કટ્ટર દુશ્મન તેમને મળવા આવ્યા. પાસેના મિત્રો મૂંઝવણમાં પડ્યા. રાહુલ બોલ્યા : 'એમને આવવા દો. મારી પાસે આવી પહોંચે ત્યાં સુધી જો હું જીવતો રહીશ તો એક કટ્ટર શત્રુને વિદાયવેળાએ મળ્યાનો મને આનંદ થશે અને આવતાં પહેલાં જ મારું મૃત્યુ થશે તો એને જરૂર આનંદ થવાનો. આમ, બેઉ બાજુ આનંદ થશે.' આવા હતા રાહુલજી.

•

ઈંગ્લન્ડના ગાર્નર નામના એક યુવાનને લશ્કરી સૈનિકોના પોશાકનાં જુદા જુદા પ્રકારનાં બટન એકઠાં કરવાનો શોખ હતો. એ બટનોનો સંગ્રહ ઘણો મોટો થએલો ને એમેરિકાના એક સંગ્રાહકે એનો એ સંગ્રહ પચાસ હજાર પાઉન્ડમાં ખરીદી લીધેલો !

•

અત્યાર સુધીમાં પૃથ્વી પર પેદા થએલું સૌથી મોટું ઊડતું પક્ષી 'ટૅરાટોર્ન્સ' હતું, જેને પૂરતો ખોરાક ન મળતાં તીવ્ર ભૂખને લીધે પૃથ્વી પરથી લુપ્ત થવા પામ્યું છે. આ પક્ષીઓ ૪૦-૫૦ પૌંડ વજન ધરાવતાં અને પાંખોનો ફેલાવો ૧૨ ફુટનો હતો.

•



વહાણ આકારમાં વહાણ શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥
બીજા ક્ષેત્રે કરેલું પાપ તીર્થક્ષેત્રમાં ધોવાય;
(પરંતુ) તીર્થક્ષેત્રમાં કરેલું પાપ વજલેપ બને.

૨ થી ૩ ગ્રામ ખસખસ વાટીને સાકર અને મધ સાથે સૂતી વખતે લેવાથી સરસ ઊંઘ આવે છે.

•

અમેરિકામાં ફેલાયેલા ઍન્થ્રેકસથી ગ્રસિત લોકોને વૅક્સિન અથવા તો વિશેષ ઍન્ટિબાયોટિક્સ લેવાનું કહેવામાં આવ્યું છે. ઍન્થ્રેક્સ સામેનું વૅક્સિન હજી પ્રાયોગિક ભૂમિકાએ છે. અત્યાર સુધી સાઠ દિવસ સુધી ઍન્ટિબાયૉટિક્સ લેનારાં ઍન્થ્રેક્સનાં દર્દીઓ પર ફરી આવો હુમલો થયો નથી.

•

માનવ અધિકાર સંગઠને જણાવ્યું છે કે માત્ર ૨૩ ટકા મુસ્લિમ દેશોમાં જ લોકતાંત્રિક સરકાર છે, જ્યારે બિનમુસ્લિમ દેશોમાં ૭૫ ટકા સરકારો લોકો દ્વારા ચૂંટાયેલી છે. ઈ.સ. ૨૦૦૦માં દુનિયાના ૧૯૨ દેશોમાંથી ૧૨૧ દેશોમાં લોકશાહી સરકારની રચના થઈ અને આમાં મુસ્લિમ દેશોની સંખ્યા ફક્ત ૪૭ છે.

•

ગણિતગમ્મત

૬૫	તેના આંકનો સરવાળો
	૬+૫=૧૧=૧+૧=૨
−૯	તેમાંથી ૯ બાદ કરતાં
૫૬	૫૬=૫+૬=૧૧=૧+૧=૨
−૯	તેમાંથી ૯ બાદ કરતાં
૪૭	૪૭=૪+૭=૧૧=૧+૧=૨
−૯	તેમાંથી ૯ બાદ કરતાં
૩૮	૩૮=૩+૮=૧૧=૧+૧=૨

એમ આગળ અંતે '૨' જ આવશે.

- સંજય ભટ્ટ

•

મચ્છર થતા હોય એવા ખૂણામાં કેરોસિનમાં સાબુ મેળવીને અવારનવાર છાંટતા રહો.

•

મરક મરક

-નટુભાઈ મિસ્ત્રી - ચેતક



આખરે સિક્યોરિટી ગાર્ડ કામમાં આવ્યો ખરો !!!

શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં પત્ની સાથે પતિએ જવું પડ્યું. કાર્યક્રમ શરૂ થયો ને અડધા કલાકમાં જ પત્નીએ પતિને કહ્યું : 'પેલો માણસ પંડિતજીની બરાબર સામે બેસીને ઊંઘે છે.'

પતિ : 'આટલું કહેવા માટે તેં મને જગાડ્યો ?'

•

કલાકણિકા : કાળિયાર પર સવાર થયેલો એક સૈનિક, જેની ઊંચાઈ ૧૫ સે.મી. છે તે હાલ લંડનમાં જહૉન ઈરવિનના ખાનગી સંગ્રહમાં છે. પિત્તળમાં તૈયાર થયેલ અને રમકડાં જેવી લાગતી મૂળ બિહારની આ કલાકૃતિ લોકકલાનો સુંદર નમૂનો છે.

